Friday 03, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૪૯ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડ-નવસારી જિલ્લામાં 'રેડ એલર્ટ'

### એનડીઆરએફ ની ટીમ તૈનાત : અધિકારીઓને હેડકવાર્ટર ન છોડવા આદેશ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ જિલ્લામાં ચોમાસાના પ્રથમ રાઉન્ડની શરૂઆત થતાં જ ભારે વરસાદે ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. વરસાદના આ પ્રથમ રાઉન્ડમાં જ વલસાડ શહેરમાં બે મોટી દુર્ઘટનાઓ સામે આવી છે, જેના કારણે સ્થાનિક તંત્ર દોડતું થઈ ગયું છે. બીજી તરફ, ભારતીય હવામાન વિભાગ દ્વારા આગામી ૨૪ કલાકમાં ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, પોરબંદર, જુનાગઢ, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને અનુલક્ષીને વહીવટીતંત્ર એલર્ટ બન્યું છે. અને હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસ સુધી અત્યંત ભારે વરસાદની સત્તાવાર આગાહીને પગલે સમગ્ર જિલ્લામાં 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

ત્રણ દિવસ ભારે વરસાદની આગાહીના પગલે વલસાડમાં એક NDRF ની ટીમ તૈનાત, વહીવટી તંત્ર ૨૪ કલાક એલર્ટ મોડ પર સંભવિત પૂર અને જળબંબાકારની સ્થિતિને પહોંચી વળવા માટે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે. કોઈ પણ કટોકટીના સમયે તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી શકાય તે માટે 'નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ'ની એક ટીમને વલસાડમાં સ્ટેન્ડબાય રાખી દેવામાં આવી છે. કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. કંટ્રોલ રૂમ ને સક્રિય કરી દેવાયો છે અને તંત્ર ૨૪ કલાક એલર્ટ મોડ પર છે. પંચાયત, માર્ગ-મકાન, આરોગ્ય અને વીજ કંપની જેવા તમામ લાઇન ડિપાર્ટમેન્ટ્સના અધિકારીઓ અને કર્મચારીઓને હેડક્વાર્ટર ન છોડવા અને સ્ટેન્ડબાય રહેવા કડક આદેશ આપવામાં આવ્યા છે.

વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના દરિયાકાંઠાના ગામો અને નદી કિનારાના નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા ખાસ અપીલ કરવામાં આવી છે. તંત્ર દ્વારા આ વિસ્તારો પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.



ધરમપુર તાલુકામાં છેલ્લા ત્રણેક દિવસથી ઝરમર વરસાદ વરસતા ધરમપુર તાલુકાના કેટલાક વિસ્તારોમાં ખેડૂતો દ્વારા ડાંગરની રોપણીની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ વર્ષે ચોમાસાનું આગમન મોડું થતાં ખેડૂતોને જૂન મહિનાના અંત સુધી વરસાદની લાંબી રાહ જોવી પડી હતી. ગત વર્ષે જૂન મહિનાના અંત સુધીમાં તાલુકામાં ૩૨ ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો, જ્યારે આ વર્ષે ૨ જુલાઈ સુધી માત્ર પાંચ ઇંચની આસપાસ વરસાદ નોંધાયો છે. વરસાદની ઘટને કારણે ખેતીની કામગીરી પણ વિલંબમાં રહી હતી. ખેડૂતોનું કહેવું છે કે હવે આગામી દિવસોમાં સારો વરસાદ રહેશે તો રોપણીની કામગીરી વેગ પકડશે અને ખેતી માટે અનુકૂળ માહોલ સર્જાશે તેવી આશા વ્યક્ત કરી હતી

**(તસવીર : ભરત પાટીલ, ધરમપુર)**

## જિલ્લામાં આજનો વરસાદ

વલસાડ જિલ્લા પુર નિયંત્રણ કક્ષના જણાવ્યા મુજબ, આજે તા.૨/૭/૨૦૨૬ ના રોજ સવારે ૬ થી સાંજના ૬ વાગ્યા દરમિયાન તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ ઉમરગામ તાલુકામાં ૩૦ મી.મી., વલસાડમાં ૨૭ મીમી, નાનાપોઢામાં ૨૬ મી.મી., કપરાડામાં ૨૧ મી.મી., પારડીમાં ૧૧ મી.મી. વાપીમાં ૧૩ મી.મી. અને ધરમપુરમાં ૦૬ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં અત્યાર સુધી મોસમનો સૌથી વધુ વરસાદ ઉમરગામ તાલુકામાં ૪૪૩ મી.મી. એટલે કે ૧૭ ઇંચ જેટલો વરસાદ વરસી ચુકયો છે. જયારે વાપીમાં ૩૦૩ મી.મી., વલસાડમાં ૨૬૩ મી.મી., પારડીમાં ૨૩૩ મી.મી., નાનાપોઢામાં ૧૨૬ મી.મી., કપરાડામાં ૧૨૩ મી.મી.અને ધરમપુર તાલુકામાં ૧૧૪ મી.મી. વરસાદ નોંધાયો છે. આમ સમગ્ર જિલ્લામાં ૨૨૯.૨૯ મી.મી. એટલે કે ૯.૫ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

## ઓઝરપાડામાં ટીટોડીએ ત્રણ ઈંડા મૂકયાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૨ :** ધરમપુર તાલુકાના ઓઝરપાડાગામમાં સવિતાબેન જગનભાઈ પટેલના ખેતરમાં ટીટોડી પક્ષીનાં ત્રણ ઈંડાં જોવા મળતાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં ચર્ચાએ જોર પકડ્યો હતો. ચોમાસાની શરૂઆતમાં ટીટોડી દ્વારા મૂકવામાં આવેલા ઈંડાંને લઈને ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષોથી પ્રચલિત લોકમાન્યતા ફરી એકવાર ચર્ચાનું કેન્દ્ર બન્યુ હતું. ગ્રામજનોના જણાવ્યા મુજબ, વડીલોના અનુભવ અનુસાર ટીટોડી ત્રણ ઈંડાં મૂકે તો મધ્યમથી સારો વરસાદ થવાની સંભાવના માનવામાં આવે છે, જે ખેતી માટે અનુકૂળ ગણાય છે. ચાર ઈંડા પુષ્કળ વરસાદના અને બે ઈંડાં ઓછા વરસાદના સંકેત તરીકે જોવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં આજે પણ ઘણા ખેડૂતો કુદરતી સંકેતોના આધારે વરસાદનો અંદાજ લગાવવાની પરંપરા જાળવી રાખી છે.

## સાદકવેલમાં ખાતરના યુનિટનો વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ચીખલી, તા. ૦૨ :** ચીખલી તાલુકાના સાદડવેલગામે આવેલ કાવેરી સુગરની જગ્યા ઉપર ઈન્ડિયન પોટાશ લિમિટેડ કંપનીએ જગ્યા લીધા બાદ આ જગ્યા ઉપર રાસાયણિક ખાતર બનાવવાનું યુનિટ શરૂ કરવામાં આવનાર છે. જેની સામે સાદડવેલ ગામ સહિત આજુબાજુના ગામોમાં વ્યાપક પ્રમાણમાં પ્રદુષણ ફેલાવાની તેમજ ખેડૂતોની ફળદ્રુપ જમીન તેમજ કુવા, બોરિંગના પાણીને પણ તેની અસર થશે જેને લઈ આજરોજ મોટી સંખ્યામાં ગ્રામજનો ભેગા મળી ઈન્ડિયન પોટાશ લિમિટેડમાં રાસાયણિક ખાતર બનાવવાનો વિરોધ કરી સાદડવેલગામથી રાનકુવા ચાર રસ્તા સુધી મોટી સંખ્યામાં રેલી કાઢવામાં આવી હતી અને જણાવ્યું કે સુગર ફેક્ટરી શરૂ થાય તો વાંધો નથી પણ આ જગ્યા ઉપર કોઈપણ ફેક્ટરી ચાલુ કરવામાં આવે તેનો સખત વિરોધ રહ્યો છે. રેલીમાં જોડાયેલા લોકો જાહેર રોડ ઉપર બેસી જતા થોડા સમય માટે વાહન વ્યવહાર પણ ઠપ્પ થઈ ગયો હતો.

## વાપી સ્ટેશને રૂા. ૫૦ કરોડનો એફઓબી આકાર લઈ રહ્યો છે



**વાપી રેલ્વે સ્ટેશને પૂર્વ-પશ્ચિમને જોડતા પુલથી દૈનિક ૫૫ હજારથી વધુ મુસાફરોને મોટી રાહત થશે : દિવાળી સુધીમાં કામ પૂર્ણ થવાની શક્યતા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** પશ્ચિમ રેલવેના અત્યંત વ્યસ્ત સ્ટેશનોમાં સ્થાન ધરાવતા વાપી રેલ્વે સ્ટેશન પર દરરોજ ૫૫ હજારથી વધુ મુસાફરોની અવરજવર થાય છે. વધતા મુસાફરભારને ધ્યાનમાં રાખીને સ્ટેશનના પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડતો આશરે રૂ. ૫૦ કરોડના ખર્ચે આધુનિક ફૂટ ઓવરબ્રિજ (એફઓબી) બનાવવાની કામગીરી હાલમાં પૂરજોશમાં ચાલી રહી છે. બ્રિજ પૂર્ણ થયા બાદ મુસાફરો પ્લેટફોર્મ નં. ૧ પરથી સીધા પ્લેટફોર્મ નં. ૨ અને ૩ પર તેમજ સ્ટેશનના પૂર્વ અને પશ્ચિમ બહારના માર્ગ સુધી સરળતાથી પહોંચી શકશે. હાલ સ્ટેશનના દક્ષિણ છેડે આવેલા એકમાત્ર ફૂટ ઓવરબ્રિજ પર જ સમગ્ર મુસાફર અવરજવરનો આધાર હોવાથી સવાર-સાંજના વ્યસ્ત સમયમાં ભારે ભીડ સર્જાય છે. ટ્રેન આવવાના સમયે ધક્કામુક્કી જેવી સ્થિતિ પણ ઊભી થતી હોય છે. નવો એફઓબી કાર્યરત બન્યા બાદ આ સમસ્યામાં નોંધપાત્ર રાહત મળશે અને મુસાફરોને વધુ સુરક્ષિત તથા ઝડપી અવરજવરની સુવિધા ઉપલબ્ધ બનશે. નિર્માણ એજન્સી દ્વારા બ્રિજના બંને છેડે લોખંડની વિશાળ ફ્રેમ ઊભી કરી દેવામાં આવી છે. હવે રેલ્વે તરફથી મેગા બ્લોક મળ્યા બાદ વચ્ચેનો મુખ્ય સ્ટીલ સ્પાન ક્રેનની મદદથી ફિટ કરવામાં આવશે. ત્યારબાદ ફલોરિંગ, છત, લાઈટિંગ, લિફ્ટ સહિતની અંતિમ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.રેલ્વે સૂત્રોના જણાવ્યા મુજબ જરૂરી મેગા બ્લોક સમયસર મળી રહે તો દિવાળી સુધીમાં ફૂટ ઓવરબ્રિજ મુસાફરો માટે ખુલ્લો મૂકવામાં આવે તેવી પૂરી શક્યતા છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થતાં વાપી રેલ્વે સ્ટેશનની મુસાફર સુવિધામાં ઐતિહાસિક વધારો થશે અને વર્ષોથી અનુભવાતી ભીડની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે.

### અરજદાર અસામાજિક તત્વોને સાથે રાખી અધિકારીઓ પર દબાણ લાવતા હોવાનો આક્ષેપ

## મોટાપોંઢા ગામ તળાવની માપણીમાં વિવાદ

**વારંવાર ખોટી અરજીઓ કરી માટીના ધંધાર્થીઓને હેરાન કરતા પુનિત પટેલના વર્તનથી માપણી કરવા ગયેલા અધિકારીઓ પણ ફફડી ગયા!**





**વલસાડ, તા. ૦૨ :** નાનાપોંઢા તાલુકાના મોટાપોંઢાગામના સર્વે નંબર ૨૨૬ વાળા ગામ તળાવમાં માટી ખોદકામના વિવાદે હવે નવો વળાંક લીધો છે. જીજ્ઞાબેન કીર્તિકુમાર પટેલના નામે થયેલા ઠરાવવાળા આ તળાવમાંથી માટી ખોદકામ થયા બાદ, પુનિત ઉત્તમ પટેલ નામના ઈસમે વલસાડ કલેક્ટર અને ખાણ-ખનીજ વિભાગમાં માપણી માટે અરજી કરી હતી.

જે અંતર્ગત ગત તા. ૧ જુલાઈ ૨૦૨૬ના રોજ ખાણ-ખનીજ વિભાગની ટીમ તળાવ પર માપણી કરવા પહોંચી હતી, જ્યાં ભારે ડ્રામા અને સરકારી કામગીરીમાં દબાણ ઊભું કરવાનો પ્રયાસ થયો હોવાની વિગતો સામે આવી રહી છે.

**પોતે જ અધિકારી હોય તેમ માપણી શરૂ કરી દીધી!**

પ્રાપ્ત વિગતો અનુસાર, તળાવ પર માપણી માટે પહોંચેલા ખાણ-ખનીજના અધિકારીઓ સાથે અરજદાર પુનિત પટેલ પણ ત્યાં હાજર રહ્યો હતો. માપણી દરમિયાન પુનિત પટેલે કાયદો અને વ્યવસ્થાને ગણકાર્યા વિના, પોતે જ કોઈ સરકારી અધિકારી હોય તે રીતે તળાવ પર માપણી કરવાનું શરૂ કરી દીધું હતું.

આ સરકારી માપણી પ્રક્રિયા દરમિયાન ફરિયાદી પુનિત પટેલ અગાઉ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા કેટલાક ઈસમો તેમજ સ્થાનિક અસામાજિક તત્વોના ટોળાને પોતાની સાથે લાવ્યો હતો. સરકારી કામગીરીમાં દબદબો બનાવવા અને અધિકારીઓ પર માનસિક દબાણ લાવવા માટે આ અસામાજિક તત્વોને હાજર રખાતા, ઘટનાસ્થળે ગયેલા ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓ પણ એક તબક્કે ડરી ગયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

પુનિત પટેલ વારંવાર માટીના વ્યવસાય સાથે સંકળાયેલા નાના-મોટા ધંધાર્થીઓને હેરાન-પરેશાન કરવા માટે જાણીતો છે.

પોતાનો અંગત મનસૂબો પાર પાડવા અને લોકોને ડરાવી દંડ ભરાવવા માટે તે અવારનવાર ખોટી અરજીઓ કરતો આવ્યો છે.

આટલું જ નહીં, પોતાનું ધાર્યું ન થતાં તે તપાસ કરવા આવતા સરકારી અધિકારીઓ પર પણ રાજકીય કે વહીવટી દબાણ લાવવાનો પ્રયાસ કરે છે.

કલેક્ટરથી લઈને છેક રાજ્યના મુખ્યમંત્રી સુધી ખોટી અને પાયાવિહોણી અરજીઓનો ખડકલો કરનારા આ પુનિત પટેલ વિરુદ્ધ તંત્ર હવે કોઈ કડક પગલાં ભરીને કાયદાનું ભાન કરાવશે, કે પછી આવા તત્વો આમ જ સરકારી બાબુઓને ડરાવીને ખોટીઅરજીઓ કરતા રહેશે ?

## વાપીમાં બુધવારે ધણધણાટી બોલાવ્યા બાદ મેઘરાજા ધીમા પડ્યા

### ગુરુવારે દિવસ દરમિયાન માંડ ૯ એમએમ સાથે સિઝનનો કુલ વરસાદ ૧૩ ઈંચ નોંધાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપી પંથકમાં બે દિવસ મેઘમહેર રહ્યાં બાદ ગુરુવારે દિવસ દરમિયાન વરસાદની ગતિ એકદમ મંદ પડી ગઈ હતી.

વાપી મહાનગર પાલિકા કંટ્રોલ રૂમ ફાયર બ્રિગેડ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ વાપી શહેરમાં મંગળવારે ધીમીધારે શરૂ થયેલ ચોમાસુ બુધવારે સવારે જાણે ધણધણાટી બોલાવી હોય તેમ સવારે ૨ કલાકમાં ૪ ઈંચ ઝીંકાયો હતો.જે સાથે સાંજે ૬ સુધીમાં સીઝનનો કુલ વરસાદ ૧૦ ઈંચ નોંધાઈ ચૂક્યો હતો. બુધવારે સાંજે ૬ થી ગુરુવારે સાંજે ૬ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં વધુ ૩ ઈંચ નોંધાયો હતો. જોકે ગુરુવારે દિવસ દરમિયાન માત્ર ૯ એમએમ પાડતા સીઝનનો કુલ વરસાદ ૧૩ ઈંચ પર પહોંચ્યો હતો.

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
VIDYA DHAM INTERNATIONAL SCHOOL • VAPI •
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
% Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees





Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ


ખીલા
વાયર
વેલ્ડમેસ
ખીલી
હુક
જાળી
નટબોલ્ટ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 / 9825390301
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

દમણગંગા ટાઇમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## ડાંગમાં ચોમાસું શરૂ થતાંની સાથે જ કેકડા પકડવાની પરંપરા જીવંત



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૨ :** ડાંગ જિલ્લો તેની હરિયાળી, ગાઢ જંગલો, નદીઓ, ઝરણાં અને સમૃદ્ધ જૈવવિવિધતા માટે સમગ્ર ગુજરાતમાં આગવુ સ્થાન ધરાવે છે.આ જૈવવિવિધતાનો એક મહત્વનો ભાગ છે મીઠા પાણીમાં જોવા મળતા કરચલા, જેને ડાંગના આદિવાસી સમાજમાં સામાન્ય રીતે `કેકડો` તરીકે ઓળખવામાં આવે છે,જ્યારે ગામીત ભાષામાં તેમને કુઅલી કહેવામાં આવે છે.અને ઇંગ્લિશમાં freshwater Crab કહે છે.ડાંગ પર્યાવરણ સંશોધન કેન્દ્ર (DNRC)નાં અમિતભાઈ રાણાના જણાવ્યા મુજબ, ચોમાસાની શરૂઆત થતા જ ડાંગના આદિવાસીઓ પરંપરાગત રીતે કરચલા પકડવાની શરૂઆત કરે છે. હાલ ડાંગ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જોવા મળતી કરચલાની વિવિધ પ્રજાતિઓનું ડોક્યુમેન્ટેશન પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે.તેમના જણાવ્યા અનુસાર, ડાંગી આદિવાસીઓ માટે કરચલા દેવ સમાન માનવામાં આવે છે.તેઓ પોતાના પરંપરાગત આહારમાં પણ કરચલાનો ઉપયોગ કરે છે અને કરચલાનું સૂપ તંદુરસ્તી માટે લાભદાયી માનવામાં આવે છે.ડાંગ જિલ્લામાં મુખ્યત્વે ત્રણ પ્રકારના કરચલા જોવા મળે છે - કાળા, સફેદ તેમજ લાલ (કેસરી) રંગના કરચલા. દરેક પ્રકારની પોતાની આગવી વિશેષતા છે. કાળા કરચલા મુખ્યત્વે રાત્રિના સમયે વધુ સક્રિય હોય છે અને જોવા મળે છે, જ્યારે સફેદ અને કેસરી કરચલા દિવસ દરમિયાન વધુ જોવા મળે છે.અમિતભાઈ રાણાના જણાવ્યા મુજબ, શિયાળાની ઋતુમાં કરચલાની સંખ્યા પ્રમાણમાં વધુ જોવા મળે છે. જ્યારે ચોમાસા દરમિયાન તેમના નાના બચ્ચા હોવાથી મોટાભાગના કરચલા પોતાના દર (બખોલ)માં અથવા સુરક્ષિત સ્થળે રહેવાનું પસંદ કરે છે. તેઓ સામાન્ય રીતે નદી, ઝરણાં અને વહેતા પાણીના કિનારે પથ્થરોની નીચે અથવા જમીનમાં બનાવેલા દરમાં રહે છે. જોકે તેઓ નદીના ખૂબ ઊંડા ભાગમાં જતાં નથી. ડાંગ જિલ્લામાં કાળા કરચલાની સંખ્યા ઓછી હોવાથી તેની બજારમાં સારી માંગ રહે છે.સ્થાનિક બજારમાં તેની કિંમત અંદાજે ૩૦૦થી ૪૦૦ પ્રતિ કિલોગ્રામ સુધી હોય છે, જ્યારે સફેદ કરચલા પ્રમાણમાં વધુ ઉપલબ્ધ હોવાથી તેમની કિંમત ઓછી હોય છે.ડાંગી આદિવાસીઓ પેઢીઓથી પરંપરાગત પદ્ધતિઓ દ્વારા કરચલા પકડે છે. તેઓ નદી અને ઝરણામાં જાળી ગોઠવે છે તેમજ કટવા નામના ખાસ સાધનનો ઉપયોગ કરે છે. કટવા વાંસમાંથી બનાવવામાં આવતું પરંપરાગત સાધન છે, જે ખાસ કરીને કરચલા પકડવા માટે વપરાય છે. તેમાં માછલીના હાડકા, મરઘાના આંતરડા તથા અન્ય ખાદ્ય અવશેષો મૂકીને તેને રાત્રે નદીમાં ડૂબાડી રાખવામાં આવે છે. બીજા દિવસે સવારે તેમાં ફસાયેલા કરચલા બહાર કાઢવામાં આવે છે.ડાંગના કેટલાક આદિવાસી પરિવારો કરચલાનો ઉપયોગ પરંપરાગત ખોરાક તરીકે પણ કરે છે. ચોમાસા અને શિયાળાની ઋતુમાં કરચલામાંથી બનતી વિવિધ વાનગીઓ સ્થાનિક સંસ્કૃતિ અને જીવનશૈલીનો મહત્વનો ભાગ છે.ડાંગના કરચલા માત્ર એક જળચર -ાણી નથી, પરંતુ આ વિસ્તારની પ્રકૃતિ, પરંપરા, આદિવાસી જ્ઞાન અને જીવનપદ્ધતિ સાથે જોડાયેલો જીવંત વારસો છે. આ પરંપરાગત જ્ઞાન અને કુદરતી સંપદાનું સંરક્ષણ કરવું સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત છે, જેથી આવનારી પેઢીઓ પણ ડાંગની આ અનોખી જૈવવિવિધતા અને સાંસ્કૃતિક વારસાને નજીકથી જાણી શકે.

## બીલીમોરામાં નવા ૬૬ કે.વી. સબસ્ટેશનને મંજૂરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૨ :** બીલીમોરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં નવા ૬૬ કે.વી. સબસ્ટેશનના નિર્માણ માટે નવસારી જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જમીન ફાળવવામાં આવી છે. નયારા પેટ્રોલ પંપ નજીક કોસ્ટલ હાઈવે પર સર્વે નં. ૨૨૯૫ ની જમીન ફાળવાતા વિસ્તારના વીજ માળખાના વિકાસને નવી ગતિ મળશે.

હાલમાં વધતા વીજભારને કારણે કેટલાક ફીડરો પર ઓવરલોડિંગ અને વીજ પુરવઠામાં વિક્ષેપની સમસ્યા સર્જાતી હતી. નવા સબસ્ટેશનના નિર્માણ બાદ ફીડરો પરનો ભાર સંતુલિત થશે, વીજ પુરવઠો વધુ સ્થિર અને ગુણવત્તાયુક્ત બનશે તેમજ ટેક્નિકલ લોસમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. ફીડરોની લંબાઈ ઘટતા વીજ ખામીના કિસ્સામાં ઝડપી મરામત અને ગ્રાહકોને વધુ અસરકારક સેવા ઉપલબ્ધ બની શકશે.આ સબસ્ટેશન બીલીમોરા પશ્ચિમ વિસ્તાર ઉપરાંત આસપાસના ગામો, રહેણાંક વિસ્તારો, વેપારી સંસ્થાઓ અને ભાવિ ઔદ્યોગિક વિકાસને પણ વિશ્વસનીય વીજ પુરવઠો પૂરો પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સાથે જ ભવિષ્યમાં વધતી વીજ માંગને પહોંચી વળવામાં પણ આ પ્રોજેક્ટ ઉપયોગી બનશે.દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડએ જમીન ફાળવણી માટે નવસારી જિલ્લા કલેક્ટર તથા જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કર્યો છે. ઉપરાંત સમગ્ર પ્રક્રિયામાં સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર પી. એન. પટેલ, એક્ઝિક્યુટિવ એન્જિનિયર સ્વાતિ પટેલ અને ડેપ્યુટી એન્જિનિયર એમ. એચ. શર્માના માર્ગદર્શન અને સંકલનની પણ પ્રશંસા કરવામાં આવી છે. સ્થાનિક નાગરિકોના હિતમાં મહત્વપૂર્ણ ગણાતો આ પ્રોજેક્ટ આગામી સમયમાં બીલીમોરા અને આસપાસના વિસ્તારોમાં વધુ વિશ્વસનીય, ગુણવત્તાયુક્ત અને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

## ડાંગના બિલબારીમાં સાપ કરડવા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો




**આહવા, તા. ૨ :** ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગારખડી હેઠળના બિલબારી ગામ ખાતે ચોમાસાની ઋતુ દરમિયાન સાપ કરડવાની ઘટનાઓને ધ્યાનમાં રાખીને સાપ કરડવા અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન સ્થાનિક શ્રમિકો અને ગ્રામજનોને સુરક્ષા માટે ૨૦૦ જોડી ગમબૂટનું નિ:શુલ્ક વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં ડૉ. ડી. સી. પટેલે ગ્રામજનોને સાપ કરડવાના કિસ્સામાં ગભરાયા વિના તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેવા, અંધશ્રદ્ધાથી દૂર રહેવા તેમજ પ્રાથમિક સારવાર અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ચોમાસા દરમિયાન ખેતરો, જંગલ વિસ્તારો અને ભેજવાળા સ્થળોએ કામ કરતી વખતે જરૂરી સાવચેતી રાખવા અંગે પણ વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે યશ સ્પેશિયાલિટીઝ કેમિકલ્સના સહયોગથી ગામના ૨૦૦ જરૂરિયાતમંદ લોકોને સુરક્ષા માટે મજબૂત ગમબૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડાંગ જેવા જંગલ અને પથરાળ વિસ્તારમાં ચોમાસા દરમિયાન સાપ કરડવાનું જોખમ વધુ રહેતું હોવાથી આ પહેલ ગ્રામજનો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.કાર્યક્રમને સફળ બનાવવા બદલ ડૉ. ડી. સી. પટેલ તથા યશ સ્પેશિયાલિટીઝ કેમિકલ્સના સહયોગની સ્થાનિક ગ્રામજનો અને પીએચસી ગરખડીના સ્ટાફે પ્રશંસા કરી હતી. તેમજ તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રકારના જનજાગૃતિ કાર્યક્રમોથી ગ્રામ્ય વિસ્તારોમાં સ્વાસ્થ્ય સુરક્ષા અંગે જાગૃતિ વધશે, અંધશ્રદ્ધામાં ઘટાડો થશે અને સાપ કરડવાના બનાવોમાં સમયસર સારવાર મળવાથી જાનહાનિ અટકાવવામાં મદદ મળશે.

## નવસારીમાં ફરતું પશુ દવાખાનાએ મસ્ટાઈટીસથી બચાવનો સંદેશ આપ્યો




**નવસારી, તા.૦૨ :** નવસારી જિલ્લામાં પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા પશુપાલકોને દૂધાળા પશુઓમાં જોવા મળતા મસ્ટાઈટીસ (આંચળનો સોજો) રોગ અંગે જાગૃત કરવા માટે ૧૯૬૨ પશુ હેલ્પલાઈન હેઠળ કાર્યરત ફરતા પશુ દવાખાનાઓ દ્વારા ગામે-ગામે જઈ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

મસ્ટાઈટીસ એ ગાય અને ભેંસ જેવા દૂધાળા પશુઓના આંચળમાં થતો ચેપી રોગ છે. આ રોગના કારણે દૂધ ઉત્પાદનમાં ઘટાડો થવાની સાથે પશુપાલકોને આર્થિક નુકસાન પણ વેઠવું પડે છે. રોગના મુખ્ય લક્ષણોમાં આંચળમાં સોજો, ગરમાવો અને દુખાવો થવો, દૂધમાં ગાંઠો પડવી, દૂધનો રંગ બદલાઈ જવો અથવા દૂધમાં લોહી દેખાવું જેવા લક્ષણોનો સમાવેશ થાય છે. કેટલાક કિસ્સાઓમાં પશુને તાવ આવવો, ખોરાક ઓછો લેવો તેમજ નબળાઈ અનુભવવી જેવા લક્ષણો પણ જોવા મળે છે.

ફરતા પશુ દવાખાનાની ટીમ દ્વારા પશુપાલકોને પશુઓના આંચળની સ્વચ્છતા જાળવવા, દોહન પહેલાં અને પછી યોગ્ય સ્વચ્છતા રાખવા, રોગના પ્રાથમિક લક્ષણો જણાય તો વિલંબ કર્યા વગર પશુચિકિત્સકનો સંપર્ક કરવા તેમજ સમયસર સારવાર કરાવવાથી રોગને ગંભીર બનતો અટકાવી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નવસારી જિલ્લામાં કાર્યરત ૧૯૬૨ પશુ હેલ્પલાઈન હેઠળના ફરતા પશુ દવાખાનાઓ દ્વારા પશુઓના આરોગ્યની દેખભાળ, સારવાર તેમજ પશુપાલકોને વિવિધ પશુરોગોના નિવારણ અંગે સતત જાગૃતિ અને માર્ગદર્શનની સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

## ખેરગામ-પાટી પાકો રસ્તો પુર્ણતાને આરે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**ખેરગામ, તા.૦૨ :** ખેરગામ વડપાડા પાણીનો હયાત પાકો ડામર રોડ ખૂબ જ સારો વપરાશી હતો છતાં તેને માર્ગ મકાન વિભાગે એક બાજુના અડધાભાગને ખોદીને સીસી કરવાના બદલે આખે આખો સંપૂર્ણ પહોળો રસ્તો, દોઢ બે ફૂટ ખોદી નાખી ૧૦.૮૦ કિમી ની ગ્રામીણ વસ્તીને વર્ષથી હેરાન પરેશાન કરી નાખી હતી. તા.૩૦/૮ સુધીમાં કામ સંપન્ન કરવાનું હોય દશેરા ટેકરી ખાતે નો -ારંભનો રસ્તો એક બે દિવસમાં બની જતા ૧૮.૮૯ કરોડની માતબર રકમનો સીસી રોડનું કામ પૂર્ણ થશે.




નવું શૈક્ષણિક સત્ર શરૂ થતા આ માર્ગના વિદ્યાર્થીઓને ખૂબ જ ત્રાસ વેઠવો પડી રહ્યો છે, એસટી બસ છકડા કે અન્ય વાહનો મળતા નથી. જેથી વાલીઓએ ખેરગામ દશેરા ટેકરી સુધી મૂકવા અને લેવા માટે રોજ કસરત કરવી પડે છે. હવે ચોમાસાની કામગીરી શરૂ થતા તેઓની મુશ્કેલી વધી ગઈ છે, પણ ખેરગામ દશેરા ટેકરી જોડાણ સુધી આજકાલમાં સીસી કામ પૂર્ણ થઈ જશે પરંતુ સીસી રોડની ઊંચાઈ એકાદ ફૂટ થી વધુ હોય આજુબાજુના ઘરો, શેરી ફળિયામાં જવા માટે ભારે મુશ્કેલી છે. રેફરલ હોસ્પિટલની ગલીમાં પણ તાત્કાલિક કામ ચલાઉ પુરાણ કરીને વાહનો સરળતાથી અવર-જવર કરી શકે તેવું દરેક જગ્યા જોડાણે કરવું જરૂરી છે.

દસેક દિવસમાં ખેરગામથી ગૌરી જામનપાડા પાટી સુધીની પ્રજાને બસ સેવા નવા સીસી રસ્તે જલ્દી શરુ થાય તો રાહત થશે. તે માટે તંત્ર સક્રિય થાય અધૂરા કામ જલ્દી પૂરા થાય તે જરૂરી છે. જેથી ચોમાસા દરમિયાન કોઈ અકસ્માત ના થાય, અવર-જવર સરળ થાય.

## ડાંગ જિલ્લામાં તાલુકા કક્ષાએ જમીન દફતર નિરીક્ષકની ત્રણ કચેરીઓ કાર્યરત

**આહવા, તાં. ૦૨ :** ગુજરાત રાજ્યમાં જમીન મહેસૂલ વહીવટ અને તેને સંલગ્ન પ્રશાસનિક વ્યવસ્થાને વધુ લોકાભિમુખ, પ્રજાકેન્દ્રિત અને સંવેદનશીલ બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયાસશીલ છે. આ દિશામાં સરકાર દ્વારા સમયાંતરે વિવિધ કાયદા, નિયમો, ઠરાવો અને પરિપત્રો દ્વારા વહીવટી સુધારાઓ અમલમાં મૂકવામાં આવ્યા છે.

આ જ અનુસંધાને ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા લોકહિતને કેન્દ્રસ્થાને રાખીને સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી હેઠળના જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ-૨ સંવર્ગનું પુનર્ગઠન કરી તાલુકા કક્ષાએ તેની કચેરીઓ કાર્યરત કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ જિલ્લા સંવર્ગ હેઠળની તમામ જગ્યાઓનું નામાભિધાન સુધારી જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨ (Inspector Land Record, Class-2) તરીકે કરવામાં આવ્યું છે.

આ પહેલથી હવે જમીનની માપણી, જમીન રેકોર્ડની નકલ મેળવવી, સિટી સર્વે સંબંધિત કામગીરી, પ્રોપર્ટી કાર્ડ બનાવવાની કામગીરી, વારસાઈ નોંધ, વેચાણ નોંધ સહિતની વિવિધ જમીન દફતર સંબંધિત સેવાઓ માટે અરજદારોએ જિલ્લા કક્ષાએ જવાની જરૂર રહેશે નહીં. સ્થાનિક નાગરિકોને તાલુકા કક્ષાએ જ ઝડપી, સરળ અને સુલભ સેવાઓ ઉપલબ્ધ થશે, જેના પરિણામે કામગીરી વધુ કાર્યક્ષમ, અસરકારક અને સમયબદ્ધ બનશે. આ નિર્ણયના અનુસંધાને ડાંગ જિલ્લામાં તાલુકા કક્ષાએ નીચે મુજબ ત્રણ સ્થળોએ જમીન દફતર નિરીક્ષકશ્રીની કચેરીઓ કાર્યરત કરવામાં આવી છેં જેમાં ૧) આહવા - આઈ.એલ.આર આહવા - કલેક્ટર કચેરીના ભોંય તળિયે, જિલ્લા સેવા સદન મુ. આહવા, જિ. ડાંગ, ૨ સુબીર - આઈ. એલ.આર સુબીર - બીજો માળ, તાલુકા સેવા સદન, સુબીર, મુ.પો.તા.સુબીર, જિ.ડાંગ, ૩ વઘઇ - આઈ.એલ.આર વઘઇ - પહેલો માળ, તાલુકા સેવા સદન, વઘઇ, મુ.પો.તા. વઘઇ, જિ.ડાંગ. અરજદારોને તાલુકા કક્ષાએ સીટી સર્વેની કામગીરી, જમીન માપણી, રી-સરવે સુધારા, રિમાન્ડ કેસની મુદ્દતો, રેકર્ડની નકલો, પીઆર કાર્ડની નકલ, સ્વામિત્વ યોજના હેઠળના પ્રોપર્ટી કાર્ડની કામગીરી, ડી.આઈ.એલ આર કચેરી, સિટી સરવે સુપ્રિટેન્ડેન્ટની કચેરીને લગત તમામ કામગીરી હવે તાલુકા કક્ષાએ થશે તેમ જમીન દફતર અધિક્ષક કમ એકત્રીકરણ આધિકારી વલસાડ/ડાંગની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## વાંસદામાં નવી આંગણવાડી ભવનોના લોકાર્પણ કરાયા




**વાંસદા, તા.૦૨ :** વાંસદા તાલુકાના મોટી વાલઝર, ઉપસળ અને કંડોલપાડા ગામોમાં નવા આંગણવાડી ભવનોના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો.

આ પ્રસંગે વાંસદા તાલુકા ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી પ્રકાશભાઈ પટેલ, તાલુકા પંચાયત ન્યાય સમિતિના અધ્યક્ષ નિકેતભાઈ પટેલ, ગામના સરપંચ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

## ચીખલી ખાતે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ ૨૨ જુલાઈના રોજ યોજાશે

**નવસારી, તા. ૦૨ :** લોકાભિમુખ વહીવટના ભાગરૂપે તથા લોકોની ફરિયાદોનો સ્થાનિક કક્ષાએ ત્વરિત અને અસરકારક નિકાલ થઈ શકે તે હેતુસર દર માસના ચોથા બુધવારે તાલુકા કક્ષાએ ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

જે અંતર્ગત જુલાઈ-૨૦૨૬ માસનો તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ મામલતદાર કચેરી, ચીખલી ખાતે તા. ૨૨ /૦૭ /૨૦૨૬ના રોજ બુધવારના રોજ સવારે ૧૧ કલાકે યોજાશે. જાહેર જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાની ફરિયાદ અરજીઓ સાથે સંબંધિત પુરાવાઓ તથા સંપર્ક માટેનો મોબાઈલ નંબર દર્શાવી અરજીના મથાળે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ - જુલાઈ -૨૦૨૬ લખી, ફરિયાદનો વિષય તેમજ સંબંધિત કયા ખાતાના અધિકારી દ્વારા ફરિયાદનો નિકાલ થવાનો છે

તેની વિગતો સ્પષ્ટ રીતે દર્શાવી મામલતદાર, ચીખલીના સરનામે ૧૦ જુલાઈ ૨૦૨૬ સુધી ટપાલ દ્વારા અથવા રૂબરૂ મોકલી આપવાની રહેશે.

## નવસારી, ડાંગ જિલ્લામાં લોકઅદાલત યોજાશે

**નવસારી, તા.૦૨ :** ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદના માર્ગદર્શન હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ નવસારી દ્વારા નવસારી, ગણદેવી, ચીખલી, ખેરગામ, વાંસદા અને ડાંગ જિલ્લાના આહવા, સુબીર તથા વઘઈ ખાતે કાર્યરત ન્યાયાલય સંકુલની તમામ કોર્ટો દ્વારા આગામી તા.૧૧ મી જુલાઈ-૨૦૨૬ ના શનિવારના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ નેશનલ લોક અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશીયેબલ કેસો, ઈલેક્ટ્રીસીટી કેસો, નાણાંની વસુલાતના કેસો, વાહન અકસ્માતના વળતરના કેસો, લેબર તકરારના કેસો, ઈલેક્ટ્રીસીટી તથા વોટરબીલને લગતાં કેસો, લગ્ન વિષયક કેસો, જમીન સંપાદનના કેસો, નોકરી વિષયક પગાર, ભથ્થા અને નિવૃત્તિના લાભોને લગતાં કેસો, મહેસુલોને લગતા કેસો, અન્ય સિવિલ કેસો જેવાં કે (ભાડા, સુખાધિકારના અધિકાર, મનાઈ હુકમ, વિશિષ્ટ પાલનના દાવા વિગેરેના કેસો) તથા પ્રિ-લીટીગેશન ઉપરાંત ખોરાકીના કેસો મુકવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી તથા તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરવા જણાવાયું છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૩-૦૭-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** જેઠ, ત્રીજ **સૂર્યોદય :** ૦૬ : ૦૨ **સૂર્યાસ્ત** ૦૭ :૨૪, **ચંદ્રોદય** - ૦૯:૫૯ **ચંદ્રાસ્ત** - ૦૯:૩૩ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** - શ્રવણ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે વેપારમાં વૃદ્ધિ થશે અને આવકના નવા સ્ત્રોત ખુલશે. અટવાયેલા કામો પૂરા થશે, પરંતુ ભાગદોડ રહેશે. પારિવારિક જીવનમાં ખુશીનું વાતાવરણ રહેશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આજના દિવસે નોકરી કરતા લોકોને પ્રમોશનની તક મળી શકે છે. ઉચ્ચ અધિકારીઓનો સહયોગ મળશે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે.

**મિથુન (ક, ઘ, ચ) :** આર્થિક બાબતોમાં સાવધાની રાખવી. કોઈને ઉધાર આપવાનું ટાળવું. પરિવાર સાથે સમય વિતાવી શકશો, સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું.

**કર્ક (ડ, હ) :** વેપારીઓ માટે આજનો દિવસ ખૂબ જ શુભ છે. કોઈ મોટી ડીલ ફાઈનલ થઈ શકે છે. સમાજમાં માન-પ્રતિષ્ઠા વધશે અને ભાગ્યનો પૂરો સાથ મળશે.

**સિંહ (મ, ટ) :** નોકરીમાં સહકર્મીઓ સાથે વિવાદ થઈ શકે છે, તેથી વાણી પર નિયંત્રણ રાખવું. ખર્ચ પર કાબૂ રાખવો જરૂરી છે. ધીરજથી કામ લેવું.

**કન્યા (પ, ઠ, ણ) :** વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં અનુકૂળ પરિણામો મળશે. જૂના મિત્ર સાથે મુલાકાત થઈ શકે છે. લવ લાઈફ માટે દિવસ સારો છે.

**તુલા (ર, ત) :** સંપત્તિ કે વાહન ખરીદવાના યોગ બની રહ્યા છે. પારિવારિક વાતાવરણ શાંતિપૂર્ણ રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે અને અટકેલા નાણાં પરત મળી શકે છે.

**વૃશ્ચિક (ન, ય) :** કાર્યક્ષેત્રમાં કામનું દબાણ વધી શકે છે. યાત્રાના યોગ છે. જીવનસાથી સાથે મતભેદ દૂર થશે અને સંબંધોમાં મધુરતા આવશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે માનસિક શાંતિનો અનુભવ કરશો. કાનૂની બાબતોમાં સફળતા મળી શકે છે. ધાર્મિક કાર્યો તરફ રુચિ વધશે.

**મકર (ખ, જ) :** આવકના નવા સ્ત્રોત ઊભા થશે. પ્રોપર્ટીમાં રોકાણ માટે દિવસ સારો છે. પરિવાર સાથે માંગલિક કાર્યક્રમમાં જઈ શકો છો.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વેપારમાં સાવધાની રાખવી. ભાગીદારીના કામમાં નુકસાન થઈ શકે છે. વિદ્યાર્થીઓએ વધુ મહેનત કરવી પડશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે ભાગ્યનો સાથ મળશે. અટકેલા સરકારી કામો પૂર્ણ થશે. પ્રેમ સંબંધોમાં સફળતા મળશે અને નવી યોજનાઓ લાભદાયી રહેશે.

## દમણ રેડિયો

આકાશવાણી

**102.3 FM**

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૧૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | | | 3 | | 8 | | | 5 |
| | | 7 | | | | 1 | | |
| 9 | 3 | | | | | | 4 | 6 |
| 1 | 2 | | 6 | | 5 | | 8 | 3 |
| | | | | | | | | |
| 6 | 8 | | 4 | | 1 | | 2 | 7 |
| 7 | 9 | | | | | | 6 | 2 |
| | | 1 | | | | 7 | | |
| 8 | | | 7 | | 6 | | | 9 |

**અહીં એક ચોકઠું આપ્યું છે**

**જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

### સુડોકુ નં.૬૧૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 1 | 7 | 2 | 6 | 9 | 8 | 3 |
| 8 | 3 | 6 | 5 | 9 | 1 | 4 | 7 | 2 |
| 2 | 7 | 9 | 8 | 3 | 4 | 6 | 5 | 1 |
| 9 | 6 | 2 | 3 | 7 | 8 | 1 | 4 | 5 |
| 1 | 5 | 3 | 2 | 4 | 9 | 8 | 6 | 7 |
| 7 | 8 | 4 | 6 | 1 | 5 | 3 | 2 | 9 |
| 4 | 9 | 7 | 1 | 6 | 2 | 5 | 3 | 8 |
| 3 | 1 | 5 | 4 | 8 | 7 | 2 | 9 | 6 |
| 6 | 2 | 8 | 9 | 5 | 3 | 7 | 1 | 4 |

## ધરમપુરમાં પોલીસ લોક દરબાર યોજાયો

### અકસ્માતગ્રસ્તનો જીવ બચાવનારને સરકાર દ્વારા રિવોર્ડ્સ રૂપે રૂા. ૨૫,૦૦૦નું ઈનામ આપવામા આવે છે : એસપી યુવરાજસિંહ જાડેજા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૨ :** ધરમપુર જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ખાતે વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં પોલીસ લોક દરબાર યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ઉપસ્થિત નગરજનો ઓળખ કરાવ્યા બાદ નગરના અગ્રણી વસંતભાઈ કોટકે રાધાકૃષ્ણ મંદિરથી બજાર વિસ્તારમાં આવેલી ઘરેણાંની દુકાનો સુધી સીસીટીવી કેમેરા ગોઠવવાની રજૂઆત કરી હતી.

પાલિકાના સભ્ય ડાયાભાઈ પટેલે ખેરગામ રોડ જકાતનાકા વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું હોવાથી ત્યાં કાયમી ધોરણે પોલીસ કર્મચારી અથવા જી.આર.ડી. જવાનની નિમણૂક કરવાની માંગ કરી હતી. ભાજપના પૂર્વ શહેર પ્રમુખ જયેશભાઈ દળવીએ ધરમપુર વિસ્તારમાં પશુઓની ગેરકાયદે હેરાફેરી થતી હોવાની અને કેટલાક તત્વોના ઈશારે આવા વાહનો પસાર થતા હોવાના આક્ષેપ સાથે તેની નિષ્પક્ષ તપાસ કરવાની રજૂઆત કરી હતી. બોપી-હનમતમાળ વિસ્તારમાં શૈક્ષણિક સંકુલો તેમજ ખેડૂતોના મોટરના વાયર ચોરીના બનાવો થતા હોવાથી આવા ગુનાઓ અટકાવવા કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. એડવોકેટ જયદીપસિંહ સોલંકીએ નગરની સોસાયટીઓ અને મહોલ્લાઓમાં સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવે તો ચોરી સહિતના ગુનાઓમાં ઘટાડો થઈ શકે નો વિચાર રજૂ કર્યો હતો.

કલ્પેશ પટેલે વરસાદી સિઝનમાં બુલેટ, કે.ટી.એમ. સહિતની બાઈકો બેફામ રીતે ચલાવનારા સામે કડક કાર્યવાહી કરવી તેમજ વાસદા માર્ગ પર તાન અને માન નદીના પુલ ચાલુ કરાવવા બાબતે રજૂઆત કરી હતી.

કમલેશ પટેલે બજારમાં રસ્તા પર દુકાનોનો સામાન મુકાતો હોવાથી ટ્રાફિકને ભારે અડચણ ઉભી થતી હોવાનું જણાવી આવા દબાણો દૂર કરવાની માંગ કરી હતી.

પાલિકાના સભ્ય સમીપ રાંચે બહારથી આવીને ધરમપુરમાં રહેતા લોકોની ઓળખ અને દસ્તાવેજોની ચકાસણી નિયમિત રીતે કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. તેમણે સોશિયલ મીડિયાના કેટલાક વાંધાજનક ઉપયોગથી કાયદો-વ્યવસ્થાની સમસ્યાઓ ઊભી થતી હોવાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

નગરમાં પાનના ગલ્લાઓ પાસે યુવાનોમાં વ્યસનનું પ્રમાણ વધતું હોવાથી તેના પર નિયંત્રણ લાવવા પણ રજૂઆત કરવામાં આવી હતી. મયંક મોદી અને ગણેશ બિરારીએ પાલિકા અને તાલુકા ની ગ્રાન્ટ માંથી જરૂરિયાત હોય એવી જગ્યાએ સીસીસી કેમેરા ગોઠવવા અંગે વિચાર રજૂ કર્યો હતો.

તમામ રજૂઆતો સાંભળ્યા બાદ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે શાળાઓની આસપાસ ગુટકા, સિગારેટ તથા અન્ય નશીલા પદાર્થોનું વેચાણ કરનારાઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે દસ્તાવેજો વિના રહેતા ભાડૂતોની ચકાસણી પણ કરવામાં આવશે.

એસપીએ વધુમાં જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સમયસર મદદ કરી હોસ્પિટલ પહોંચાડવાથી તેનો જીવ બચી શકે છે. સરકારની યોજના હેઠળ અકસ્માતગ્રસ્તનો જીવ બચાવવામાં મદદ કરનાર વ્યક્તિને ૨૫,૦૦૦ સુધીનું ઈનામ આપવામાં આવે છે. સાથે જ ઘાયલને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા અંગે પણ લોકોને અપીલ કરી હતી.

યોજાયેલ લોક દરબારમાં ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, પાલિકા પ્રમુખ મયંક મોદી, એએસપી સંદીપ ટી., પીઆઈ નિખિલભાઈ ભોયા, નગરના આગેવાનો, હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પારનેરા સાર્વજનિક મા. શાળામાં બાથરૂમ અને શૌચાલયોનું લોકાર્પણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** પારનેરા ગામની સાર્વજનિક માધ્યમિક શાળાના છાત્રાલયમાં વિદ્યાર્થીઓની સુવિધા અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને અતુલ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા નિર્માણ કરાયેલા ૫ શૌચાલયો અને ૫ બાથરૂમોનું અતુલ કંપનીનાં જનરલ મેનેજર ગૌતમભાઈ દેસાઈ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અતુલ કંપનીનાં અધિકારીઓ, શાળાનાં ટ્રસ્ટી રાજેશભાઈ, પારનેરા ગામનાં સરપંચ ભરતભાઈ પટેલ, શાળાનાં શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી રાજેશભાઈએ અતુલ કંપની અને અતુલ ફાઉન્ડેશન સંસ્થાનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે અતુલ કંપની દ્વારા અગાઉ પણ ઘણી મદદ કરવામાં આવી છે.આ નવી સુવિધાઓથી છાત્રાલયમાં રહેતા ૮૦ થી ૯૦ વિદ્યાર્થીઓને ફાયદો થશે. તેમને સ્વચ્છ અને સુવિધાયુક્ત વાતાવરણ મળશે તેમજ તેમના આરોગ્ય અને દૈનિક જીવનમાં સકારાત્મક ફેરફાર આવશે. ગૌતમભાઈ દેસાઈએ જણાવ્યું કે શિક્ષણ અને સ્વચ્છતાના ક્ષેત્રમાં સમાજને ઉપયોગી સેવાકીય કાર્યો માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે અને ભવિષ્યમાં પણ આવા લોકોપયોગી કાર્યો કરવા માટે તત્પર છે. શાળાનાં આચાર્ય અને શિક્ષકગણ તેમજ વિધાર્થીઓએ આવી સારી સુવિધા આપવા બદલ સંસ્થા પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

## વાપી નહેરુસ્ટ્રીટ પર ભર ચોમાસામાં પ્રિમોન્સુનની કામગીરીથી લોકો ત્રાહીમામ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપીના નેહરુ સ્ટ્રીટ પર ભર ચોમાસામાં વીજ વિભાગની ટીમ દ્વારા પ્રમોશનની કામગીરી શરૂ કરી છે જેને લઈ આજે વહેલી સવારથી જ વીજ પ્રવાહ બંધ થતા લોકો પરેશાન બન્યા છે

વાપી ટાઉનના નેહરુ સ્ટ્રીટ માં આજે વાપી વીજ વિભાગની ટીમ દ્વારા અચાનક વીજ પ્રવાહ આ વિસ્તારમાં બંધ કરી રસ્તાની બાજુમાં આવેલા કેટલાક વૃક્ષો નું કટીંગ શરૂ કરી દીધું છે જેને લઈ જ પ્રવાહ બંધ રહેતા આ વિસ્તારમાં આવેલ દુકાનદારો તેમજ સ્થાનિક રહેવાસીઓ પરેશાન બન્યા છે સાથે વીજ વિભાગ દ્વારા પ્રિમોન્સૂન કામગીરી અગાઉ કરી હોવાનું જણાવાઈ રહ્યું છે તો આ વિસ્તારમાં લગભગ ત્રણથી ચાર વાર શટ ડાઉન લેવામાં આવ્યું હતું તો શું તેઓ સમયે પ્રોમોન્સમ ની કામગીરી કરવામાં આવી છે કે કેમ તે અંગે અનેક સવાલો પણ ઊભા થઈ રહ્યા છે આ અંગે વીજ વિભાગના મુખ્ય નાયબ કાર્યપાલક ઈજનેર તેમજ જુનિયર ઈજનેર દ્વારા તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરે અને આ વિસ્તારમાં રોજે રોજ વીજ પ્રવાહ બંધ થતો રહે છે તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા ની માંગ કરાઈ રહી છે.

## વલસાડમાં આત્મા ગર્વનિંગ બોર્ડની બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૦૨ : વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતની અધ્યક્ષતામાં આત્મા ગર્વનિંગ બોર્ડની બેઠક મળી હતી. આ બેઠકમાં આત્મા વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન કરવાની થતી કામગીરી અને તેના આયોજન વિશે ચર્ચા કરવામાં આવી હતી. સાથે સાથે જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતો રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળે તે દિશામાં કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી તેમજ જિલ્લામાં આગામી સમયમાં પ્રાકૃતિક ખેતીની વેચાણ વ્યવસ્થા વધુ અસરકારક બને તે દિશામાં કામગીરી કરવાની સૂચના આપી હતી. રાસાયણિક ખાતરનો ઉપયોગ નહિવત થાય તે માટે પ્રાકૃતિક ખેતીની માહિતી વધુમાં વધુ ખેડૂતો સુધી પહોંચે તે માટે પ્રચાર પ્રસાર કરવા માટે ભાર મુક્યો હતો.

## અતુલ કલબમાં ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશીપ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** બલસાર ડિસ્ટ્રીક્ટ બેડમિન્ટન એસોસિએશન અને અતુલ ક્લબના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશીપ -૨૦૨૫' નું આયોજન અતુલ કલબ માં કરવામાં આવ્યું. આજરોજ બલસાર ડીસ્ટ્રીક્ટ બેડમિન્ટન એસોસિએશનના પ્રમુખ અર્ચનાબહેનના હસ્તે દિપ પ્રાગટ્ય કરી ટુર્નામેન્ટનો શુભ આરંભ થયો હતો. જેમાં થેમસ પી. સૂરતી રેફ્રી અને ડે. રેફ્રી સાથે અમ્પાયરની ટીમ, બેડમિન્ટનના ખેલાડીઓ અને ટુર્નામેન્ટના આયોજક વિવેક દેસાઈની હાજરી પ્રોત્સાહક બની હતી. સમગ્ર ગુજરાતના અગ્રીમ બેડમિન્ટન ખેલાડીઓ ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહ્યા છે. મેન સિંગલ્સ, મેન ડબલ્સ, વુમન સિંગલ્સ, વુમન ડબલ્સ અને મીક્ષ ડબલ્સની મેચો ત્રણ દિવસ દરમ્યાન રમાવડવામાં આવશે.

## વાપી લાયન્સ કલબ દ્વારા સીએ ડે અને ડોક્ટર્સ ડેની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** લાયન્સ ક્લબ ઓફ વાપી સેન્ટ્રલે ક્લબના પ્રમુખ લાયન ગણેશ દેસાઈના નેતૃત્વ હેઠળ સીએ ડે અને ડૉક્ટર્સ ડેની ઉજવણી કરી હતી. આ અવસરે સમાજ પ્રત્યેના તેમના અમૂલ્ય યોગદાન બદલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ડૉક્ટર્સનું સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં સીએ સુમિત દોશી, સીએ હર્ષ દોશી, સીએ દીપ ઠક્કર અને સીએ અજિત કંસાગરાનું સન્માન કરવામાં આવ્યું હતું.તે ઉપરાંત ડૉ. પ્રિયંક મોદી , ડૉ. ચિંતન પટેલ, ડૉ. ઈલેશ શાહ ડૉ. અશોક શાહ, ડૉ. ધવલ કોટડિયા, ડૉ. મનીષ સચદેવ અને ડૉ. શોભા એન્ડીનું પણ સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ દેશના આર્થિક વિકાસમાં તથા ડૉક્ટર્સ સમાજના આરોગ્ય અને માનવસેવામાં આપતા અમૂલ્ય યોગદાનની પ્રશંસા કરવામાં આવી. કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન તરીકે લાયન સીએ સુમિત દોશીએ જવાબદારી નિભાવી હતી. ક્લબના સચિવ લાયન નિવાસુલુ મિટ્ટાએ આભારવિધિ વ્યક્ત કરી હતી તથા લાયન રાજેશ પંચાલ, લાયન ધર્મેન્દ્ર કાપડિયા, લાયન નવીનભાઈ, લાયન પ્રિયંક મોદી સહિત તમામ સભ્યોનો આભાર માન્યો હતો.

## વલસાડ કોન્વેન્ટ હાઈ.માં સ્માર્ટ ક્લાસનું ઉદ્ઘાટન થયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૨ :** વલસાડની સેન્ટ જોસેફ ઇ.ટી.ઈંગ્લીસ હાઈસ્કૂલમાં વલસાડ નગરપાલિકાના કાઉન્સિલર નિતેશ વશી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિતિમાં શાળાના નવા જૂનિયર ઘ્ઝ ના સ્માર્ટ ક્લાસરૂમનું ઉદ્ઘાટન તથા જૂનિયર KG ના નાનાં ભૂલકાઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ અવસરે શાળાના પ્રિન્સિપાલ સંગીતા ડી. સિલ્વા, અનિતા વાઝ , વિક્ટોરિયા ગોન્શલવેસ ,. જેરી એન્થોની, મનુ મેકવાન , આકાશ અને સમગ્ર સ્ટાફગણ, વાલી ઓ તથા ઉપસ્થિત રહ્યા હતા.

નાનાં બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શાળાનો આ આધુનિક સ્માર્ટ ક્લાસરૂમ ખૂબ જ ઉપયોગી સાબિત થશે તેવી શુભેચ્છાઓ સાથે તમામ વિદ્યાર્થીઓને તેમના શૈક્ષણિક ભવિષ્ય ઉજળું બને તેવી શુભેચ્છા પાઠવી હતી

## વાપીની સમર્પણ સ્કુલમાં ડોકટર્સ ડે ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલમાં લાયન્સ કલબ ઓફ વાપી તરંગીની અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ડૉક્ટર્સ ડે નિમિત્તે વિદ્યાર્થીઓમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી સાલબી હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટરોની ટીમ દ્વારા વિશેષ હેલ્થ ટોક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન બાળરોગ નિષ્ણાત ડૉ. નેહલ રાણા દ્વારા ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓને વ્યક્તિગત સ્વચ્છતા, સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ, રોગપ્રતિકારક શક્તિ વધારવાના ઉપાયો તેમજ ઋતુજન્ય રોગોથી બચવા અંગે સરળ અને રસપ્રદ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોત્તરીમાં ભાગ લઈ પોતાની જિજ્ઞાસાનું સમાધાન મેળવ્યું હતું. ત્યારબાદ સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. ધારા ગુજ્જર દ્વારા ધોરણ ૬થી ૧૨ની વિદ્યાર્થિનીઓ માટે રેડ રેવોલ્યુશન વિષય પર વિશેષ જાગૃતિ સત્ર યોજાયું. સમાજમાં રહેલી ગેરમાન્યતાઓને દૂર કરવાની જરૂરિયાત વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થિનીઓએ નિ:સંકોચ પ્રશ્નો પૂછી પોતાની શંકાઓનું સમાધાન મેળવ્યું હતું. આ પ્રસંગે સાલબી હોસ્પિટલના ડૉક્ટરોની ટીમનું શાળા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

## સેલવાસ લાયન્સ ઈંગ્લિશ સ્કુલમાં 'આઈટી ટેલેન્ટ શો' યોજાયો

**સેલવાસ, તા. ૦૨ :** યુવાન વિદ્યાર્થીઓમાં ટેકનિકલ કૌશલ્ય, સર્જનાત્મકતા અને નવીનતાની ભાવના વિકસાવવાના ઉદ્દેશ્ય સાથે, લાયન્સ ઇંગ્લિશ સ્કૂલ, સિલ્વાસાએ ૩૦ જૂન, ૨૦૨૬ ના રોજ લાયન્સ ઇંગ્લિશ સ્કૂલ આઈટી ટેલેન્ટ શો ૨.૦ નું સફળતાપૂર્વક આયોજન કર્યું. નવ શાળાઓના વિદ્યાર્થીઓએ આ પ્રતિષ્ઠિત આંતર-શાળા સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો, જેમાં માહિતી ટેકનોલોજી, રોબોટિક્સ, કોડિંગ અને સ્માર્ટ ઓટોમેશન જેવા ક્ષેત્રોમાં તેમની ઉત્કૃષ્ટ પ્રતિભા દર્શાવવામાં આવી.



આ કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવી. આ કાર્યક્રમનું આયોજન મુખ્ય મહેમાન, લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ફતેહસિંહજી એમ. ચૌહાણના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ અનંતરાવજી ડી. નિકમ, માનદ સચિવ કુલદીપ સિંહ મુન્દ્રાના આચાર્ય, શ્રીમતી. દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ, ડો. સીમા પિલ્લઈ, વાઈસ પ્રિન્સિપાલ ડો. જાન્હવી આરેકર, લાયન્સ ઇંગ્લિશ સ્કૂલના પ્રિન્સિપાલી નિરાલી પારેખ, વાઈસ પ્રિન્સિપાલ પારુલ ગુપ્તા અને મમતા નાગરકોટી અને શાળાના શિક્ષકો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પર્ધાઓ બે શ્રેણીઓમાં યોજાઈ હતી. ગ્રુપ I (ગ્રેડ VI થી VIII) માં રોબોટિક્સ, કોડ ક્રિએટ એન્ડ કોન્કર, બ્લિક્સાથોન અને ઈકો-આર્ટ ફ્રોમ ઈ-વેસ્ટ સ્પર્ધાઓ યોજાઈ હતી, જ્યારે ગ્રુપ II (ગ્રેડ IX થી XII) માં ત્વ/ સ્માર્ટ ઓટોમેશન, રોબો રેસ્ક્યુ એરેના અને લાઈવ હેકાથોન સ્પર્ધાઓ યોજાઈ હતી.

ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર સરકારી પોલિટેકનિક, કરાડના નિષ્ણાત ન્યાયાધીશો સંજય આર. માતે અને યોગેશ્વર આઈ. રોકડે દ્વારા સ્પર્ધાઓનું ન્યાયી અને પારદર્શક રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેથી બધી સ્પર્ધાઓનું સફળ સંચાલન સુનિશ્ચિત થઈ શકે.

આ કાર્યક્રમ દરમિયાન, લાયન્સ ઈંગ્લિશ સ્કૂલના શ્રીશ મુંગારે અને પ્રિયાંશુ સિંહાને શાળાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ પેજને ટેગ કરીને માત્ર ૩૦ સેકન્ડમાં પ્રભાવશાળી રીલ બનાવવા બદલ વિશેષ ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું.

## વલસાડ જિલ્લામાં 'નમો સ્વચ્છતા અભિયાન'નો શુભારંભ



(દમણગંગા ટાઈમ્સ)

વલસાડ, તા. ૦૨ : રાજ્યમાં સ્વચ્છતા, સ્વાસ્થ્ય અને સુંદર પર્યાવરણ માટેના સહિયારા પ્રયત્નોના ભાગરૂપે ''નમો સ્વચ્છતા અભિયાન''નું આયોજન કરાયું છે ત્યારે વલસાડ જિલ્લામાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલના અધ્યક્ષસ્થાને ''નમો સ્વચ્છતા અભિયાન''નો ઉદ્ઘાટન સમારોહ મેડિકલ કોલેજના ઓડિટોરિયમમાં યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન જે. પટેલે રાષ્ટ્રીય ડોકટર દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે, આરોગ્ય અને સ્વચ્છતા એક સિક્કાની બે બાજુ છે. બંને એક બીજા સાથે પરસ્પર જોડાયેલા છે. આપણા સરકારી દવાખાનામાં દર્દી ડોકટરને ભગવાન માનીને સારવાર માટે આવે છે. ત્યારે દર્દીનું દુ:ખ દૂર કરવું એ આપણી ફરજ છે.

વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે રાષ્ટ્રીય ડોકટર ડે અને ચાર્ટડ એકાઉન્ટન્ટ દિવસની શુભેચ્છા આપી તબીબોને જણાવ્યું કે, ડોકટર તરીકે ફરજ પર જોડાયા ત્યારે તમે જે શપથ લીધી હતી તેને ખરા અર્થમાં ચરિતાર્થ કરવાની છે.

ધરમપુર તાલુકા પંચાયત પ્રમુખ શકુંતલાબેન ચૌધરીએ આ અભિયાનનો હેતુ સમજાવતા જણાવ્યું કે, આ અભિયાનનો હેતુ આરોગ્ય સંસ્થાઓને સ્વચ્છ, સુરક્ષિત, સુવ્યવસ્થિત તેમજ દર્દી મૈત્રીપૂર્ણ બનાવવાનો છે. જેથી દર્દીઓને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ શકે. આ પ્રસંગે રાજ્ય વ્યાપી અભિયાનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીના જીવંત પ્રસારણ કાર્યક્રમને સૌએ નિહાળ્યો હતો. આ ઉદ્ઘાટન સમારોહમાં સિવિલ હોસ્પિટલના મેડિકલ સપ્રીટેન્ડન્ટ ડો.ભાવેશ ગોયાણી, મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડીન સપ્રીટેન્ડન્ટ ડો. કીર્તિદા ટંડેલ, તાલુકાના સર્વે હેલ્થ ઓફિસરોઓ, સબ સેન્ટરના કોમ્યુનિટી હેલ્થ ઓફિસરો અને સ્ટાફ નર્સ સહિતનો સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. સ્વાગત પ્રવચન મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એ.કે.સિંઘે જયારે આભારવિધિ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.પી. સિંઘે કરી હતી.

## વલસાડ જિલ્લાના આંતરિયાળ ગામડાઓ માટે મોબાઈલ હેલ્થ યુનિટને લીલીઝંડી અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા, પારડી અને વાપી તાલુકાના સાંકડા રસ્તા, અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તાર કે જ્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ ન પહોંચી શકે ત્યાં રાજ્ય સરકારની આરોગ્ય સેવા પહોંચાડવા માટે ગુજરાત સરકાર દ્વારા ચાર મોબાઈલ હેલ્થ યુનિટ (દ્વિ ચક્રિય મોપેડ) એમ્બ્યુલન્સ સેવાને જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ સહિતના મહાનુભાવોએ સિવિલ હોસ્પિટલના પ્રાંગણમાં લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.



આ ઉદ્ઘાટન પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એ.કે.સિંઘ અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.પી.સિંઘ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ યુનિટ દ્વારા છેવાડાના નાગરિકોને તપાસ, નિદાન અને દવાઓ ઘરે બેઠા મળશે. ટુ-વ્હીલર પ્ન્શ (મોબાઈલ હેલ્થ યુનિટ) પગદંડી વિસ્તાર સુધી પણ પહોંચશે.

## છીરી-છરવાડા જતાં નહેર ઉપરનો આર.સી.સી. સ્લેબ જર્જરીત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપી મહાનગરપાલિકામાં ભળેલા છીરી અને છરવાડા ગામને જોડતા મુખ્ય માર્ગની બાજુમાંથી પસાર થતી નહેર ઉપર વર્ષો પહેલાં બનાવવામાં આવેલો આર.સી.સી. સ્લેબ હાલ અત્યંત જર્જરિત બની ગયો છે. જોખમી બનેલા સ્લેબના ઉપર કોઈ ચઢી જાય કે નીચે કચરો વણવા કે સફાઈ માટે જાય તો જીવ જોખમાય તેમ છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ સ્લેબના અનેક ભાગોમાં તિરાડો પડી ગઈ છે અને કેટલીક જગ્યાએ કોંક્રિટ પણ ઉખડવા લાગી છે. ચોમાસાની ઋતુમાં સતત વરસાદને કારણે સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.

સંબંધિત વિભાગે ધ્યાન આપ્યું નથી,કોઈ દુર્ઘટના બને ત્યાર બાદ જ તંત્ર જાગશે કે શું, તેવો સવાલ લો ઊભા થઈ રહ્યા છે.

## દમણમાં ભાજપનું કાર્યકર્તા સંમેલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૨ :** કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતિ નિમિત્તે કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ મહેશ આગરિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કાર્યકર્તાઓને સંબોધતા ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીના જીવનચરિત્ર, રાષ્ટ્રનિર્માણમાં તેમના અમૂલ્ય



યોગદાન તેમજ તેમના વિચારો અને કાર્ય વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે કાર્યકર્તાઓને તેમના આદર્શોને જીવનમાં ઉતારી સમાજ અને રાષ્ટ્રસેવામાં સક્રિય ભૂમિકા ભજવવા અપીલ કરી હતી. ભાજપના જિલ્લા અને મંડળના હોદ્દેદારો, વિવિધ મોરચાના કાર્યકર્તાઓ તેમજ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

# વિશેષ વાંચન

Friday 03, July 2026
દમણગંગા ટાઇમ્સ

# બદલાતી પરિસ્થિતિમાં દેશની નદીઓની સ્થિતિ



**આ**પણા દેશની નદીઓ બદલાતી આબોહવા, ગ્લોબલ વૉર્મિંગ અને માનવીય હસ્તક્ષેપને કારણે ગંભીર પડકારોનો સામનો કરી રહી છે. નદીઓમાં ઘટી રહેલું જળસ્તર, ઓગળતા ગ્લેશિયર અને પ્રદૂષણની આ સ્થિતિ દેશના અર્થતંત્ર અને પર્યાવરણ માટે ચિંતાજનક બની છે. દેશની નદીઓની વર્તમાન સ્થિતિના મુખ્ય પાસાઓ નીચે મુજબ છે

હવામાન પરિવર્તન અને ઘટતું જળસ્તરૈં બદલાતા વાતાવરણને કારણે ચોમાસાની અનિયમિતતા અને ઉચ્ચ તાપમાનથી નદીઓ વહેલા સૂકાઈ જવા લાગી છે. હિમાલયના ગ્લેશિયર પીગળવાથી નદીઓમાં શરૂઆતમાં પૂર આવે છે, પરંતુ લાંબાગાળે પાણીનો પુરવઠો ઘટી રહ્યો છે.

પાણીમાં ઓક્સિજનનું ઘટતું પ્રમાણ તાપમાન વધવાને કારણે ભારતીય નદીઓ (જેવી કે ગંગા, નર્મદા, સાબરમતી અને કાવેરી) ના પાણીનું તાપમાન વધી રહ્યું છે, જેનાથી જળચર સૃષ્ટિ માટે જરૂરી ઓક્સિજનનું પ્રમાણ (DO - Dissolved Oxygen) ઘટી રહ્યું છે.

પ્રદૂષણની ગંભીર સમસ્યાૈં નીતિ આયોગના અહેવાલ મુજબ, દેશના આશરે ૭૦ ટકા સપાટી જળસ્ત્રોત પ્રદૂષિત છે. ઔદ્યોગિક કચરો, શહેરી ગટરનું અશુદ્ધ પાણી અને કૃષિ રસાયણો નદીઓને પ્રદૂષિત કરી રહ્યા છે. ગુજરાતમાં સાબરમતી, ભાદર અને વિશ્વામિત્રી સહિત ૨૦ નદીઓ ભારે પ્રદૂષિત નદીઓની યાદીમાં સામેલ છે.

**પ્રકૃતિનો પંથ**
**મૌલિક દવે**
ગુજરાત સ્ટેટહેડ (અતુલ)
WWF

સરકારી અને સામુદાયિક પ્રયાસો કેન્દ્ર સરકાર દ્વારા નદીઓના સંરક્ષણ માટે નમામિ ગંગે અને નર્મદા જેવી નદીઓ માટે વૈજ્ઞાનિક અને સામુદાયિક પુનઃજીવન પ્રોજેક્ટ્સ ચલાવવામાં આવી રહ્યા છે, જેથી પ્રદૂષણનું પ્રમાણ ઘટાડી શકાય.

**જાણો ગુજરાતની નદીઓ વિશે**

ગુજરાતમાં નાની મોટી કુલ મળીને ૧૮૫ નદીઓ છે અને તેને ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.

૧) અરવલ્લી પર્વતમાળાની નદીઓ
૨) સાબરમતી અને મહી નદીઓ
૩) દક્ષિણમાં તાપી અને નર્મદા નદીઓ

**(૧) અરવલ્લીની પર્વતમાળાની નદીઓ**

બનાસ, સરસ્વતી અને રૂપેણ આ ત્રણેય કુવારીકાઓ છે જે કચ્છના નાના રણમાં જઈને સમાઈ જાય છે. રૂપેણ નદી ટૂંગા પર્વતમાંથી નીકળીને સાબરકાંઠા અને મહેસાણા જીલ્લામાં વહે છે. સરસ્વતી મહીકાંઠાની ટેકરીઓમાંથી નીકળે છે. તે બનાસકાંઠા અને મહેસાણામાં થઈને વહે છે. આ નદીની લંબાઈ ૧૫૦ કિ.મી. છે. બનાસ નદી ઉદેપુરની ટેકરીઓમાંથી નીકળે છે. તેની લંબાઈ ૨૭૦ કિ.મી. છે.

**(૨) સાબરમતી અને મહી નદીઓ**

સાબરમતી અરવલ્લીની ટેકરીઓમાંથી નીકળે છે. તે સાબરકાંઠા અને ખેડા જીલ્લામાં થઈને વહે છે. તે ૩૦૦ કિ.મી. લાંબી છે. સાબરમતી નદીને ખારી, ભોગાવો, શેઢી, માઝમ, ચાંધેરી, મેશ્વો, વાત્રક મળે છે. વેકેરીયા પાસેથી તેને હાથમતી મળે છે અને તે પણ સાબરમતી તરીકે ઓળખાય છે.

મહી નદી મધ્ય ગુજરાતની નર્મદા અને તાપી બાદ ત્રીજા નંબરની મોટી નદી છે. આ નદી વિંધ્યના પર્વતમાં મેહદ સરોવરમાંથી અંઝેરા નજીકથી નીકળે છે. આ નદી ૫૦૦ કિ.મી. જેટલી લાંબી છે.

**(૩) દક્ષિણમાં તાપી, નર્મદા, જેવી મોટી નદીઓ**

નર્મદા નદી એ મધ્યપ્રદેશના બિલાસપુર જીલ્લામાંના વિંધ્યં પર્વતમાંથી અમર કંટક નામના ડુંગરમાંથી નીકળે છે. ગુજરાતની સૌથી મોટી નદી નર્મદાની લંબાઈ ૧૨૮૦ છે. આ હાફેશ્વર પાસે ગુજરાતમાં પ્રવેશ કરે છે. આ મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રમાં થઈને વહેતી હોવાથી સહિયારી નદી છે. ગુજરાતની અંદર આનો પટ ૧૫૦ કિ.મી. જેટલો છે. નર્મદા નદી પર નવાગામ પાસે નર્મદા યોજના વિકસાવવામાં આવેલ છે. આ દેશની સૌથી મોટી બહુહેતુક યોજના છે. નર્મદા નદીને કિનારે કબીરવડ જેવા બેટ અને શુક્લતીર્થ જેવા ધાર્મિક સ્થળો પણ વિકસેલા છે.

નર્મદા બાદ તાપી ગુજરાતની બીજી સૌથી મોટી નદી છે. તે પણ મધ્યપ્રદેશમાંથી નીકળે છે. તેની કુલ લંબાઈ ૭૫૨ કિ.મી. છે. તાપી હરણફાળ નામના સ્થળેથી ગુજરાતમાં પ્રવેશે છે. આ નદીપર કાંકરાપાર અને ઉકાઈ પાસે બંધ બાંધીને સિંચાઈ કરવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતની અન્ય નદીઓમાં ઢાંઢર, વિશ્વામિત્રી, કીમ, પૂર્ણા, અંબિકા, બંકી, ઔરંગા, પાર, કોલક, મીંઢોળા અને દમણગંગાને ગણાવી શકાય છે. દમણગંગા ગુજરાતની દક્ષિણમાં આવેલી સૌથી મોટી નદી છે.

**દક્ષિણ ગુજરાતની નદીઓની ખરાબ પરિસ્થિતિ માટેના મુખ્ય કારણો નીચે મુજબ છે**

ચેકડેમો નો અભાવ અંબિકા અને પૂર્ણા નદીઓ જે ડાંગ જેવા આદિવાસી વિસ્તારો ની જીવાદોરી સમાન છે અને ત્યાં પુષ્કળ વરસાદ પડતો હોઈ ત્યાં ચોમાસા માં પૂર ની સ્થિતિ અને બાકી નાં મહિનાઓ માં પાણી ની ખૂબજ સમસ્યાઓ સર્જાય છે તેનું મુખ્ય કારણ ચેકડેમો નો અભાવ છે અને હાલ જે પણ છે

તે મોટેભાગ નાં ચેકડેમ જર્જરીત છે જે પાણી નો સંગ્રહ કરી શકતાં નથી.

અધોગતિ પામતું ઔદ્યોગિક પ્રદૂષણ વાપી અને સુરત જેવા ઔદ્યોગિક પટ્ટાઓમાં આવેલી કેમિકલ, ટેક્સટાઈલ અને ડાઈંગ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા છોડાતો ઝેરી કચરો અને રસાયણો (જેમકે ભારે ધાતુઓ અને સિન્થેટિક ડાઈઝ) નદીઓનું પાણી ઝેરી બનાવે છે.

ગેરકાયદેસર ડિસ્ચાર્જ અને લિકેજ કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) ની મર્યાદાઓ અને અમુક ગેરકાયદેસર એકમો દ્વારા પ્રદૂષિત પાણી સીધું નદીના પટમાં છોડવામાં આવે છે.

(અનુ. પા.નં. ૭ પર)

# હવે ચોમાસાની આગાહી માટે 'ભારત ફોરકાસ્ટ સિસ્ટમ'




ભારત કૃષિપ્રધાન દેશ છે અને આપણી કૃષિ મહદ્અંશે ચોમાસા આધારિત છે. વળી આપણા અર્થતંત્રમાં કૃષિક્ષેત્રનું વિશેષ મહત્વ છે. જો ચોમાસું નિષ્ફળ થાય તો ખેડૂત અને દેશની મોટી વસ્તી પ્રભાવિત થાય છે. તેથી આપણાં માટે ચોમાસાની જરુરીયાત પણ વિશેષ છે.

છેક વૈદિકકાળથી આપણે ત્યાં કૃષિનું મહત્વ રહેલું છે. ઋગવેદમાં કહેવાયુ છે કે, કૃષિથી ધન અને બુદ્ધિ પ્રાપ્ત થાય છે, કૃષિ જ માનવ જીવનનો આધાર છે. કૃષિ અંગે જ એક ખાસ 'કૃષિ પારાશર' નામનો ગ્રંથ પણ રચાયો હતો. કૌટિલ્ય એ તો જેમ સરકારમાં કૃષિમંત્રી હોય એમ કૃષિ અધિકારીની નિમણૂંક કરી હતી. કૃષિ સંદર્ભે ચોમાસાનું મહત્વ જોતાં આપણે ત્યાં ચોમાસાની આગાહીની પદ્ધતિઓ પણ વિકસી હતી. જેમ કે પ્રકૃતિનું નિરીક્ષણ, ગ્રહ-નક્ષત્રોની સ્થિતિ અને ગતિવિધી, વાતાવરણમાં આવતાં ફેરફારોથી લઈને લોકપરંપરામાં ભળી વાકયો કે ટીટોડીના ઈંડા, હોળીનો પવન, ચાતકનું આગમન જેવી બાબતોનો સમાવેશ થાય છે. પરંતુ વિજ્ઞાનના વિકાસ સાથે હવામાન અને ચોમાસાની આગાહી માટે પણ હવામાનશાસ્ત્ર જેવું વિજ્ઞાન વિકસ્યું. જેમાં કોઈ જયોતિષિઓ નહીં પણ હવામાનશાસ્ત્રીઓ અદ્યતન વેધશાળાઓ મારફતે બલુનો, રડારો, ઉપગ્રહો વગેરે દ્વારા પ્રાપ્ત નિરીક્ષણ અને માહિતીના વિશ્લેષણના આધારે એની આગાહી કરે છે. ભારતમાં પણ એવો ભારતીય હવામાન વિભાગ છે. જે હવામાન અને ચોમાસાની આગાહી કરે છે. હવે તો ભારતના હવામાન વિભાગે વિશ્વમાં સૌથી વધુ ચોકસાઈપૂર્ણ ગણાતા સંપૂર્ણ સ્વદેશી 'ભારત ફોરકાસ્ટ સિસ્ટમ' નામનું પોતાનું મોડેલ પણ અમલમાં મુકી દીધું છે. આ વર્ષે ભારતીય હવામાન વિભાગે જૂનથી સપ્ટેમ્બરના દક્ષિણપશ્ચિમ ચોમાસા માટે એવી આગાહી કરી છે કે, ભારતની વરસાદની લાંબાગાળાની સરેરાશના ૯૦ ટકા વરસાદની ૪ ટકા વધઘટ સાથે શકયતા છે. જે સામાન્ય સરેરાશ ૮૭ સેન્ટીમીટરથી ઓછી હશે. વધુમાં એણે આ વર્ષે પ્રશાંત મહાસાગરમાં સર્જાઈ રહેલા અલ નીનોને પણ ધ્યાનમાં લીધો છે અને એને કારણે વરસાદમાં ઘટાડો, વિલંબ કે વરસાદ આવ્યા પછી એ ખેંચાઈ જવાની સ્થિતિ તરફ પણ ઈશારો કર્યો છે. જેથી ભારતમાં ચોમાસું નબળુ પડવાથી લઈને દુષ્કાળ જેવી સ્થિતિ અને અર્થતંત્ર પર પણ ગંભીર અસરોની શકયતા રહેવાની છે. ત્યારે તાજેતરમાં જ અમેરીકાના હવામાનની આગાહી કરતાં મથકે સત્તાવાર રીતે એવું જાહેર કર્યુ છે કે પ્રશાંત મહાસાગરમાં અલ નીનોની સ્થિતિ સક્રિય થઈ ગઈ છે.

આપણે હવામાન કે ચોમાસા સંબંધી આવી આગાહી માટે ઘણો લાંબો સમય સુધી વિદેશી મોડેલો પર આધાર રાખવો પડયો છે. પરંતુ એનો અર્થ જરાય એવો નથી કે આપણે ત્યાં આ દિશામાં વૈજ્ઞાનિક શરુઆત જ થઈ ન હતી. ભારતીય હવામાન વિભાગની સ્થાપના છેક ઈ.સ. ૧૮૭૫માં જ થઈ ગઈ હતી અને ભારતમાં ચોમાસાની પ્રથમ સત્તાવાર આગાહી ભારતના પહેલાં નિમાયેલા મીટીરીયોલોજીકલ રીપોર્ટર સર હેનરી બ્લેનફોર્ડે તા. ૦૪ જૂન, ૧૮૮૬ના રોજ કરી હતી. તેણે ભારતનું ચોમાસાની આગાહી કરતું પહેલું મોડેલ પણ વિકસાવ્યુ હતું. ત્યારબાદ ઈ.સ. ૧૯૦૮માં ગીલબર્ટ વોકરે વધુ સંશોધિત મોડેલ તૈયાર કર્યુ હતું. સમયાંતરે જોઈએ તો ભારતના આગાહીના મોડેલો વધુ સચોટ બનતા ગયાં અને વસંત ગોવારીકરે હવામાનના ૧૬ જેટલાં વૈશ્વિક અને સ્થાનિક ધોરણોના આધારે ચોમાસાની આગાહીનું જે મોડેલ વિકસાવ્યુ તે ઈ.સ. ૨૦૦૦ સુધી વપરાતું રહ્યું પરંતુ ઈ.સ. ૨૦૦૨માં વરસાદની આગાહી છતાં દુષ્કાળ પડયો. તેથી તજજ્ઞોની એક ટીમ રચાઈ અને એણે વિશ્વના મોડેલોનો અભ્યાસ કરી ઈ.સ. ૨૦૦૩માં બે તબક્કામાં ચોમાસાની આગાહી કરતી પ્રણાલી વિકસાવી. ઈ.સ. ૨૦૦૭માં વધુ ઉન્નત મોડલ બનાવાયું છતાં ઈ.સ. ૨૦૦૯માં દુષ્કાળના સંજોગો જોવા પડયા. ભારતના સંદર્ભમાં વરસાદની આગાહી માટેના વધુ સચોટ અને ભરોસાપાત્ર મોડલની જરુર ઉભી થઈ એટલે ઈ.સ. ૨૦૧૨માં કેન્દ્રના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે નેશનલ મોન્સુન મિશન શરુ કર્યુ. આ માટે ભારતમાં હવામાન અને ચોમાસા સંબંધી સંશોધનો અને આગાહીઓમાં પુનાની ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ટ્રોપોલોજીકલ મીટીરીયોલોજી, હૈદરાબાદની ઈન્ડિયન નેશનલ સેન્ટર ફોર ઓશન ઈર્ન્ફોમેશન સર્વિસીસ અને નોઈડા સ્થિત નેશનલ સેન્ટર ફોર મિડીયમ રેન્જ વેધર ફોરકાસ્ટીંગ પરસ્પર સહકારમાં કામ કરે છે અને ભારતીય હવામાન વિભાગને (આઈ.એમ.ડી.)ને એની આગાહીઓમાં મદદરૂપ થાય છે. એણે ભારત માટે મલ્ટી મોડેલ ફોરકાસ્ટીંગ સિસ્ટિમ વિકસાવી. આ મોડેલથી ભારતીય હવામાન વિભાગ ૧૨ કિલોમીટર સુધીની મર્યાદા સુધી ચોમાસાની સચોટ આગાહી કરવા સક્ષમ બન્યું. આવું જ મોડેલ અમેરિકા, જાપાન અને યુરોપમાં પણ વરસાદની આગાહી માટે વપરાય છે.



**સાયન્સ કોર્નર**
**- વિકાસ ઉપાધ્યાય**

પરંતુ હવે ભારત હવામાન અને ચોમાસાની આગાહીમાં આ વિકસિત દેશો કરતાં પણ આગળ વધી ગયું છે. અને ભારતના હવામાન વિભાગના લગભગ દોઢસો વર્ષના ડેટા સહિત ઈસરોના ઉપગ્રહો, દેશભરમાં ફેલાયેલા ૪૦ જેટલા ડોપલર રડારો, ઓટોમેટેડ વેધર સ્ટેશનો, સુપર કોમ્પ્યુટર્સ, એ.આઈ. અને મશીન લર્નીંગ વગેરેનો ઉપયોગ કરીને ઘર આંગણે જ હવામાનની આગાહી કરતું ઉન્નત 'હાઈ રિઝોલ્યુશન ગ્લોબલ ફોરકાસ્ટ સિસ્ટમ' જેને સરળ રીતે 'ભારત ફોરકાસ્ટ સિસ્ટમ' (બીએફએસ) કહેવાય છે એ કેન્દ્રના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા વિકસાવીને અમલમાં મુકાયુ છે. હવામાનની આગાહી કરતું આ મોડેલ સમગ્ર વિશ્વમાં સૌથી વધુ રિઝોલ્યુશન ધરાવતું ન્યુમેરિકલ વેધર પ્રિડીકશન મોડેલ છે. વિશેષ નોંધપાત્ર વાત એ છે કે પુનાની ઈન્ડિયન ઈન્ટીટયુટ ઓફ ટ્રોપોલોજીકલ મિટીરીયોલોજીના સંશોધક પાર્થસાર્થી મુખોપાધ્યાયના નેતૃત્વમાં મહિલા વૈજ્ઞાનિકો સહિતની ટીમે એને વિકસાવ્યું છે. અને એની ચોકસાઈ કે રિઝોલ્યુશન ૧૨ કી.મી. ના જૂના મોડેલની જગ્યાએ ૬ કી.મી. સુધીની ચોકસાઈ ધરાવે છે. એટલે કે એ ૧૪૪ કી.મી.ના વિસ્તારની જગ્યાએ ૩૬ કી.મી. સુધીના વિસ્તારના હવામાનની આગાહી કરવા સક્ષમ છે. અને ભારતીય હવામાન વિભાગ આ મોડેલને આગામી ચાર વર્ષમાં ૪ કી.મી.ની ચોકસાઈ સુધી લઈ જવા માંગે છે. આ માટે હાલમાં જે ૪૦ ડોપલર રડારો તૈનાત છે એની જગ્યાએ એની સંખ્યા પણ ૧૦૦ સુધી પહોંચાડવા ધારે છે. આ ભારત ફોરકાસ્ટ સિસ્ટમ હવે ભારતના ૧૬ રાજયોમાં ૩૦૦૦ બ્લોક સુધી એની સેવા આપી શકે છે. અને એ છેક ગ્રામપંચાયત કે ગૃપ ગ્રામપંચાયતના સ્તર સુધી હવામાનનો વાર્તારો આપી શકે છે. એટલું જ નહીં આ અગાઉ હવામાન અને વરસાદની આગાહી માટે અગાઉ 'પ્રત્યુષા સુપર કોમ્પ્યુટર' નો ઉપયોગ કરાતો હતો એની જગ્યાએ આઈ.આઈ.ટી.એમ. હવે પુનામાં ૧૧.૭૭ પેટાફલોપ્સ અને ૩૩ ટેટાબાઈટ સ્ટોરેજ ધરાવતું 'આર્કા' અને ૮.૨૪ પેટાફલોટસના 'અરુણીકા' નામના સ્વદેશી સુપર કોમ્પ્યુટરને પ્રયોજે છે. તેથી હવામાન માટેના પ્રાપ્ત ડેટાના પ્રોસેસીંગ માટે લાગતા સમયમાં પણ ભારે ઘટાડો કરી શકાયો છે. અગાઉ જે ડેટાના પ્રોસેસીંગમાં ૧૦ કલાક લાગતા હતાં તે કામ માટે આ સુપર કોમ્પ્યુટર્સ માત્ર ૪ કલાક જ લે છે. એટલે ભારતીય હવામાન વિભાગ ટુંકા સમયગાળા સુધીની એટલે કે દિવસો જ નહીં, કલાકોની મર્યાદા સુધીની આગાહી એ કરી શકે છે. આ માટે પુનાની સંસ્થાએ ઈ.સ. ૨૦૨૨થી ત્રણેક વર્ષ સુધી આ મોડેલનું પરીક્ષણ કર્યુ છે. અને એની આગાહી ક્ષમતા ચકાસી છે. આજે જયારે ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેઈન્જ જેવા સંજોગોમાં ગમે ત્યારે, ગમે ત્યા અને ગમે તેટલો વરસાદ પડે છે, ઠંડી પડે છે, બરફવર્ષા થાય છે, ગરમી પડે છે, વાવાઝોડા આવે છે, વિજળી ત્રાટકે છે ત્યારે ભારત ફોરકાસ્ટ સિસ્ટમ જેવી સિસ્ટમનું મહત્વ અનેક રીતે સ્વભાવિક વધી જાય છે. દેશમાં એ કૃષિક્ષેત્ર અને ખેડુતો જ નહીં ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ડિફેન્સ, સ્ટ્રેટેજીકસ ઓપરેશન્સ, અર્બન પ્લાનીંગ, સ્પેસ સાયન્સ જેવા અનેક ક્ષેત્રોમાં પોતાની મહત્વપૂર્ણ સેવા આપી શકશે. એટલું જ નહીં પણ વિવિધ એપ્લીકેશન્સ મારફતે એ સામાન્ય નાગરિકો સુધી પણ સુલભ બનશે. વિશ્વમાં આ સ્તર સુધીની ચોકસાઈ અને રેન્જમાં હવામાનની આગાહી આપતું બીજુ કોઈ મોડેલ અત્યારે ઉપલબ્ધ નથી. તેથી ભારત ફોરકાસ્ટ સિસ્ટમ માત્ર ભારત જ નહીં ખાસ કરીને ઉષ્ણકટીબંધિય વિસ્તારના દેશોમાં એની હવામાન સંબંધી સેવાઓ માટે ખુબ જ મહત્વપૂર્ણ નિવડવાનું છે.

વળી ભારત 'વસુધૈવ કુટુંબકમ'ની નીતિને માને છે એટલે એની સેવા આ વિસ્તારના ગ્લોબલ સાઉથના દેશોને પણ મળશે. આ વર્ષ ગોડઝીલા જેવા ડરામણાં નામે ઓળખાતાં થયેલા અને હવે સક્રિય જાહેર થઈ ચૂકેલા અલનીનોના સમયમાં જેના અમલને હજુ એક વર્ષ માંડ થયું છે

એ હવામાન અને ચોમાસાની આગાહી કરી શકતા આપણાં ભારત ફોરકાસ્ટ સિસ્ટમ નામના આ મોડેલની પણ અગ્નિ પરીક્ષા કરશે.

**'આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ'**

# પ્લાસ્ટિકનું વિષચક્ર કેટલું ખતરનાક!




**એક પ્લાસ્ટિક બેગ પોતાના વજનથી ૨૦૦૦ ગણું વજન ઉપાડી શકે છે : દર વર્ષે એક લાખ જાનવરો પ્લાસ્ટિકનો કચરો ખાવાથી મરે છે : પ્લાસ્ટિકને નષ્ટ થતાં ૪૦૦થી ૧૦૦૦ વર્ષ લાગે છે : પ્લાસ્ટિકના કચરાને બાળવાથી ખૂબ હાનિકારક ઝેરી ગેસ નીકળે છે : એક કિલો પ્લાસ્ટિકનો કચરો બળે છે ત્યારે ત્રણ કિલો કાર્બન વાયુ નીકળે છે : દર વર્ષે ૧૦,૦૦૦ કરતાંય વધારે વ્હેલ, સીલ, શાર્ક અને કાચબાઓના મરણ પ્લાસ્ટિક ખાવાથી થાય છે**

૩ જી જુલાઈ આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્ત દિવસ તરીકે દર વર્ષે ઉજવાય છે. સમગ્ર વિશ્વ પ્લાસ્ટિક પાછળ ઘેલું બન્યુ છે.ઘરમા અને બહાર સૌથી વધુ પ્લાસ્ટિકનો જ ઉપયોગ થાય છે. આજે સમગ્ર વિશ્વ મા પ્લાસ્ટિક માનવજીવનનું એક અભિન્ન અંગ બની ગયું છે. તેના વિના જિંદગી અધૂરી છે. જ્યાં જુઓ ત્યાં પ્લાસ્ટિક અને પ્લાસ્ટિક જ દેખાય છે. સમગ્ર વિશ્વ પ્લાસ્ટિકમય બની ગયું છે. એટલા માટે કે તે વજનમા હલકું છે.અનેતે ટકાઉ પણ છે એટલે તે લોકપ્રિય છે.

આમ તો પ્લાસ્ટિક શબ્દ ગ્રીક ભાષાના પ્લાસ્તિકોજ શબ્દ પરથી આવ્યો છે. જેનો અર્થ થાય છે બનાવવું. સન-૧૮૬૨માં ઈંગ્લેન્ડના એલેકઝાન્ડર પાર્કસે પ્લાસ્ટિકની શોધ કરી હતી. સન ૧૯૦૩માં બેલ્જિયમના કેમિસ્ટ લિયો બેકલેન્ડ ફેનોસ અને ફાર્મલ્ડિહાઈડે મળીને કૃત્રિમ થર્મોસેટ બનાવ્યું અને તેને પ્લાસ્ટિક નામ આપવામાં આવ્યું. તે મનુષ્યજાત માટે વરદાન માનવામાં આવ્યું. એ પછી સન ૧૯૩૩માં ઈંગ્લેન્ડની એક પ્રયોગશાળામાં બે રસાયણ વૈજ્ઞાનિકો એક મહત્ત્વના પ્રયોગમાં વ્યસ્ત હતા. તેઓ એવો એક કૃત્રિમ પદાર્થ બનાવવા માગતા હતા, જેનાથી પિયાનોની કી બોર્ડમાં લગાડેલા હાથીદાંતની જગ્યાએ તેનો ઉપયોગ થઈ શકે. આ હાથીદાંત માટે હાથીઓનો શિકાર કરવો પડતો હતો. કોણ જાણે આ પ્રયોગમાં કંઈ ગરબડ થઈ ગઈ અને પરિણામે એક ચીકણો, સફેદ અને વિચિત્ર પદાર્થની શોધાયો અને તેને 'પોલિથીન' નામ આપવામાં આવ્યું. સન-૧૯૩૯માં પોલિથીનનું ઔદ્યોગિક ઉત્પાદન શરૂ થયું અને તરત જ દુનિયાનો તે લોકપ્રિય પદાર્થ બની ગયો. બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટને તેનો ઉપયોગ રાડાર કેબલ અને બીજા ઉપકરણોના ઈન્સુલેશન માટે કર્યો. તેની મદદથી આટલાન્ટિક યુદ્ધમાં જર્મનીની સબમરીનનો સામનો કરી શકાયો હતો. બીજા વિશ્વયુદ્ધ પછી પ્લાસ્ટિકનો વ્યાપક ઉપયોગ શરૂ થયો. આ સાથે પોલિથીનમાંથી બનેલી રંગબેરંગી ફેરીબેગનું ઉત્પાદન થવા લાગ્યું અને તેણે અત્યારે પ્લાસ્ટિકે દુનિયામાં હાહાકાર મચાવી દીધો છે.

સન ૧૯૭૦માં પ્લાસ્ટિકનો ઉપયોગ ઔદ્યોગિક તથા ઘરગથ્થુ ક્ષેત્રમાં તેજગતિથી વધવા લાગ્યો. સસ્તો તથા ઓછી જગ્યા રોકનાર પદાર્થ હોવાથી ઔદ્યોગિક કાર્યમાં ધાતુની જગ્યા તેણે લઈ લીધી. આ સાથે વાહન, ઈલેક્ટ્રોનિક્સ, દૂરસંચાર, કૃષિઉપકરણો, પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, ચપ્પલ, ટીવી, કેબિનેટ, રેડિયો, એસી, કૂલર, ફર્નિચર, ટેપરેકોર્ડર, બટન, રોબો વગેરે ક્ષેત્રોમાં તેનો પગપેસારો થઈ ગયો.







પ્લાસ્ટિકની વિવિધ વિશેષતાઓને લીધે તે આધુનિક યુગમાં ખૂબ અગત્યનો પદાર્થ બની ગયો છે. ટકાઉ, રંગબેરંગી કલર અને આકારોમાં વિવિધતા હોવાથી પ્લાસ્ટિકનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં થવા લાગ્યો. રંગીન ફેરીબેગથી માંડી રસોડાના વાસણો, ખેતીના ઉપકરણો, પરિવહન, જલ વિતરણ, બાંધકામ વગેરે અનેક ક્ષેત્રોમાં પ્લાસ્ટિકની બોલબાલા છે. મનુષ્યનું જે કૃત્રિમ હૃદય બનાવવામાં આવ્યું છે તે પણ પ્લાસ્ટિકનું જ છે.

પ્લાસ્ટિક પેટ્રોલિયમ પદાર્થમાંથી બને છે. ક્લોરિન, ફ્લુમોરિન, કાર્બન, હાઈડ્રોજન, નાઈટ્રોજન, ઓક્સિજન અને સલ્ફર તેના ઘટકો છે. ગૃહઉપયોગી વસ્તુઓથી લઈને કૃષિ, ચિકિત્સા, વિજ્ઞાન, સેના, શિક્ષણ, મનોરંજન અને અંતરિક્ષ કાર્યક્રમમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે.

વિશ્વમાં વપરાતા પ્લાસ્ટિકમાં ભારતનો હિસ્સો ૧૦ ટકા છે. દુનિયામાં પ્રત્યેક વ્યક્તિ સરેરાશ ૧૫ કિલો પ્લાસ્ટિકનો ઉપયોગ કરે છે. જ્યારે ભારતમાં તેની ખપત વ્યક્તિદીઠ ૧ કિલો કરતાં પણ ઓછી છે. આમ પ્લાસ્ટિકની દુનિયા બહુઆયામી ... છે, છતાં ... અત્યારે તેણે ... મનુષ્ય માટે ... સમસ્યા ... ઊભી કરી ... છે. તે વરદાન નહીં પરંતુ શાપ બની ગયું છે. સમાજમાં ફેલાયેલા આતંકવાદ પર નિયંત્રણ લાવી શકાય છે. પરંતુ પ્લાસ્ટિકથી છૂટકારો મેળવવો ખૂબ મુશ્કેલ છે. કારણકે, તે આપણા રોજિંદા જીવનનું એક અંગ બની ગયું છે. દર વર્ષે ૨૬૦ મિલિયન ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે.



**વિજ્ઞાનજગત**
**લેખક :દીપક જગતાપ**

સમગ્ર દુનિયાનું ૮ ટકા તેલ પ્લાસ્ટિક ઉત્પાદનમાં વપરાય છે. પૂરી દુનિયાને ચાર વાર ઘેરી લેવામાં આવે તેટલું પ્લાસ્ટિક ફેંકવામાં આવે છે. એક પ્લાસ્ટિક બેગ પોતાના વજનથી ૨૦૦૦ ગણું વજન ઉપાડી શકે છે. દર વર્ષે ... એક લાખ જાનવરો પ્લાસ્ટિકનો કચરો ખાવાથી મરે છે. પ્લાસ્ટિકને નષ્ટ થતાં ૪૦૦થી ૧૦૦૦ વર્ષ લાગે છે. અમેરિકામાં પ્રત્યેક વ્યક્તિ ૧૦૯ કિલો પ્લાસ્ટિક વાપરે છે. જ્યારે ભારતમાં આ આંકડો ૧૦ કિલો સુધી રહે છે. દુનિયામાં એક નાનો રવાન્ડા જ એવો દેશ છે જ્યાં પ્લાસ્ટિકની મનાઈ છે. સૌથી વધારે પ્લાસ્ટિકનો કચરો સમુદ્રમાં ફેંકવામાં આવે છે. દર વર્ષે અમેરિકામાં ૬૦૦૦ લોકો પ્લાસ્ટિક પેકેજિંગ ખોલતાં ઘાયલ થાય છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડે છે. મોબાઈલમાં વપરાતું પ્લાસ્ટિક અસલી પ્લાસ્ટિક નથી, તે એક -કારનું સેલ્યુલોસ હોય છે, જે જમીનમાં ત્રણ મહિનામાં નષ્ટ થઈ જાય છે. ચીનના પાટનગર બીજિંગમાં મુસાફરોને સબ-વેમાં જવા માટે ટિકિટને બદલે એકવાર ઉપયોગમાં આવેલી બોટલ આપવામાં આવે છે. આ બોટલનો ફરીવાર ઉપયોગ થઈ શકે. અમેરિકામાં દર પાંચ સેકધડે ૬૦,૦૦૦ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ કરવામાં આવે છે. ફીનલેન્ડમાં ૧૦માંથી ૯ પ્લાસ્ટિક બોટલને રિ-સાઈકલ કરવામાં આવે છે. દુનિયામાં દર વર્ષે ૫૦૦ ખર્વ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ કરવામાં આવે છે. આનો અર્થ એ કે દર મિનિટે ૨૦ લાખ પ્લાસ્ટિક બેગ. પ્લાસ્ટિકને બેક્ટેરિયા ખાઈ શકતા નથી એટલે તેનું આયુષ્ય લાંબું રહે છે. દર વર્ષે છ અબજ કિલો કચરો સમુદ્રમાં ઠાલવવામાં આવે છે તેમાં મોટે ભાગે પ્લાસ્ટિક હોય છે.

આમ, પ્લાસ્ટિક આપણા જીવનનું એક અંગ બની ગયું છે. તેના વિના આપણે જીવી શકતા નથી. જ્યારે ઉપયોગ કરીને તેને ફેંકી દેવાય છે ત્યારે સમસ્યા શરૂ થાય છે. તે લાંબા સમય સુધી પડ્યું રહે અને સડે છે. પ્લાસ્ટિકનો ઉપયોગ સતત વધતો રહ્યો છે. આપણા દેશમાં વિકસિત દેશોની તુલનામાં વપરાશ ઓછો છે, પરંતુ તેનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. ૨૦૦૧-૦૨માં પ્લાસ્ટિકની માગ ૪.૭ મિલિયન ટન હતી જે સતત વધતી રહી છે. ભારતમાં પ્લાસ્ટિકનું માર્કેટ વાર્ષિક ૨૫૦૦૦ કરોડ રૂપિયાનું છે. આપણા દેશના કચરામાં ૧૦ ટકા પ્લાસ્ટિક હોય છે. જેમાં તૂટેલા ફૂટેલા પ્લાસ્ટિકના વાસણો અને ઘરગથ્થુ ઉપકરણો હોય છે.

૧૯૬૦થી ૨૦૦૦ દરમિયાન પ્લાસ્ટિકનું ઉત્પાદન ૨૫ ગણું વધી ગયું છે. આ સાથે સમુદ્રમાં ફેંકાતા પ્લાસ્ટિકના કચરામાં પણ ત્રણ ગણો વધારો થયો છે. સમુદ્ર ક્ષેત્રમાં પ્લાસ્ટિકનું પ્રદૂષણ ૬૦થી ૮૦ ટકા જેટલું વધી ગયું છે. સમુદ્રી પક્ષીઓની ૪૪ ટકા પ્રજાતિ પ્લાસ્ટિકના કચરાથી પ્રભાવિત છે. વિશ્વના સમુદ્રી જીવોની ૨૬૭ જાતિઓ પર પ્લાસ્ટિકના પ્રદૂષણથી અસર થઈ છે. ઉદ્યોગોમાં પ્રયોગ માટે વપરાતા થર્મોપ્લાસ્ટિક સૂક્ષ્મ કચરા રૂપે સમુદ્રમાં ભળે છે.

પ્લાસ્ટિક પોલિથિન માનવ દ્વારા પેદા કરેલ પોલિમર પદાર્થ છે. ચીનની રાજધાની બીજિંગમાં ૨

૨૦૩૦ સુધીમાં પ્રદૂષણ કમ કરવા માટે વ્યાપક પગલાં લેવામાં આવ્યાં છે. પ્રદૂષણ ફેલાવનાર ૨૬૦૦ કંપનીઓને બંધ કરી દેવામાં આવી છે. અમેરિકામાં આરોગ્ય પર વિપરિત અસર થવાથી ત્યાં રિ-સાઈકલિંગ પદ્ધતિ લાવવામાં આવી છે. ભારતમાં સડક અને ટાઈલ્સ બનાવવા માટે પ્લાસ્ટિક કચરાનો ઉપયોગ સફળ રહ્યો છે.

આપણા દેશમાં રોજ ૧૫૭૦૨ ટન પ્લાસ્ટિકનો કચરો પેદા થાય છે. તેમાંથી ૯૨૦૫ ટન પ્લાસ્ટિક રિ-સાઈકલ માટે જાય છે. બાકી રહેલો ૬૦૦૦ ટન સડ્યા કરે છે. આમ એક વર્ષમાં ૨૧,૯૦૦,૦૦ ટન કચરો એકઠો થાય છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે પર્યટન સ્થળ, રાષ્ટ્રીય સ્મારક અને અભ્યારણ્યો વગેરે જગ્યાએ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કર્યો છે. ભારતમાં નાની મોટી પ્લાસ્ટિક થેલીઓ વાપરવામાં આવે છે. સમસ્યા પ્લાસ્ટિકની પાતળી થેલીની છે. કચરામાંથી તેને અલગ કરવી મુશ્કેલ છે. આ પ્લાસ્ટિક બેગ પોતાની અંદરના રાસાયણિક પદાર્થને વાયુમંડલમાં છોડીને પ્રદૂષણ ફેલાવી રહી છે.

(અનુ. પા.નં. ૭ પર)

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 03, July 2026

# સિંધુ જળ વિવાદ : ભારતની કૂટનીતિથી પાક રઘવાયું

થોડા દિવસ પહેલાં પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસિફે સિંધુ જળ સમજૂતીના સંદર્ભમાં ભારતને સીધી લશ્કરી કાર્યવાહી અને યુદ્ધની ધમકી આપી હતી. એ પછી તેના જળવાયુ પરિવર્તન મંત્રી મલિકે બેહુદું નિવેદન કરતાં બીજી ધમકી આપી કે, પાકનું સિંધુ પાણી રોકાશે તો તેના હાથ કાપી નાખશું. ઘરમોરચે ચોતરફથી ઘેરાયેલા પાકિસ્તાને ગંભીર આંતરિક પરિસ્થિતિથી જનતાનું ધ્યાન ભટકાવવા આ પ્રકારની વાહિયાત વાતો કરે છે, બાકી એ સુપેરે સમજે છે કે, મહાસમર્થ ભારત સામે એ આંખ ઊંચી કરીને જોઈ શકે તેમ નથી. પાકિસ્તાનના શાસકો દુનિયાભરમાં ભીખનો કટોરો લઈ ફરી રહ્યા છે. સંરક્ષણમંત્રી રાજનાથસિંહે કડક શબ્દોમાં એકથી વધુવાર સીમાપાર સંદેશ આપ્યો છે કે, ભારતને હવે છંછેડવાની રખે ભૂલ થતી, અમને કોઈ છંછેડશે તો છોડશું નહીં. એક તરફ પાક પરસ્ત પરિબળો બન્ને દેશ વચ્ચે પુનઃ વાટાઘાટ શરૂ થાય તેવી હિમાયત કરી રહ્યા છે. એ લોકો પહેલગામનો નરસંહાર ભૂલી ગયા હોય તો તેમને પાકની ખોખલી ધમકીઓથી અંદાજ આવી જવો જોઈએ કે આતંકવાદ અને શાંતિ એક સાથે કદી ચાલી શકે નહીં. ખ્વાજા આસિફનું બયાન તો જુઓ એ જનાબ કહે છે, પાણી અમારી રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે અને ભારત સાથે યુદ્ધ કરતાં અચકાશું નહીં. અહીં એ નોંધનીય છે કે, સિંધુ જળસંધિનો મુદ્દો પહેલગામ હુમલા સાથે સંકળાયેલો છે. જમ્મુ-કાશ્મીરમાં નિર્દોષ પ્રવાસીઓને નિશાન બનાવીને પાક પ્રેરિત આતંકવાદીઓએ હત્યાકાંડ આચરતાં ભારતે પાડોશી દેશ સાથે તમામ જાતના સંબંધો સ્થગિત કરી દીધા અને ૧૯૬૦માં વિશ્વબેન્કની મધ્યસ્થતાવાળી સિંધુ જળસંધિ પર સસ્પેન્ડ કરી દેવાનો નિર્ણય લીધો હતો. ભારતનો રાજદ્વારી સંદેશ બહુ સ્પષ્ટ છે. નિર્દોષ ભારતીયોનું લોહી અને નદીઓનું જળ એક સાથે વહી ન શકે. ભવિષ્યમાં પાકિસ્તાન તરફ વહેતાં સિંધુ જળને પણ પૂરેપૂરું નિયંત્રિત કરવાનો ભારતે આકરો નિર્દેશ આપતાં ઈસ્લામાબાદમાં ખળભળાટ મચી ગયો છે. અહીં એ નોંધનીય છે કે, ૧૯૬૦ની સમજૂતી અંતર્ગત ત્રણ પૂર્વીય નદીઓ (રાવી, બિયાસ અને સતલજ)નો પૂરો અધિકાર ભારતને મળ્યો છે, જ્યારે ત્રણ પશ્ચિમી નદીઓ (સિંધુ, જેલમ અને ચિનાબ)ના પાણીનો મોટો હિસ્સો પાકિસ્તાનને ફાળવવામાં આવ્યો છે. જાણકારોના કહેવા મુજબ આ સંધિ અંતર્ગત ભારતને પશ્ચિમી નદીના પાણીના ઉપયોગથી મર્યાદિત ખેતી, પરિવહન અને પાણી રોક્યા વિના વીજળી ઉત્પન્ન કરવાનો નિર્વિવાદ અધિકાર મળ્યો હોવા છતાં આપણે વર્ષોથી ઉદાર વલણ રાખીને પોતાના ભાગે આવતા પાણીનો ઉપયોગ નથી કર્યો, હવે બદલાયેલા સંજોગોમાં ભારતે ચિનાબ અને બીજી નદીઓના બેઝીન પર પોતાની અધૂરી વિકાસ પરિયોજનાઓ અને જળ વ્યવસ્થાપન યોજનાઓ પર આક્રમકતા સાથે ધ્યાન આપવાનું શરૂ કરતાં પાકિસ્તાનની બેચેની વધી ગઈ છે. અલ નીનો પરિબળને લીધે વરસાદ ખેંચાઈ જતાં ભારત સહિતના દેશો પર જળ સંકટનું જોખમ ઊભું છે. પાકિસ્તાનમાં તો પાણીની કટોકટી ગંભીર છે. તેની એક તૃતિયાંશ વસતી પાણીની અછત ભોગવી રહી છે. સિંધ અને પંજાબ પ્રાંતમાં જળ વહેંચણીને લઈને આંતરિક વિખવાદ જાગ્યો છે. અહીં એ નોંધનીય છે કે, પાકિસ્તાનની મોટાભાગની વસતી કૃષિ આધારિત છે. તેનું ૬૦થી ૭૦ ટકા જળ વિદ્યુત ઉત્પાદન સિંધુ જળ પર નિર્ભર છે. ભારત સિંધુ જળનું કડક નિયંત્રણ શરૂ કરશે, તો પાકિસ્તાનને મોટાપાયે ઊર્જા સંકટ અને આર્થિક નુકસાની વેઠવી પડશે. પાકિસ્તાને તાજેતરમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો દરવાજો ખટખટાવીને ભારત આંતરરાષ્ટ્રીય દાયિત્વનું ઉલ્લંઘન કરતું હોવાનો આરોપ લગાવ્યો હતો, પરંતુ તે હકીકત ભૂલી ગયું છે કે, વિએના કન્વેન્શન ઓન ધ લો ઓફ ટ્રીટીઝમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, દ્વિપક્ષીય સંબંધોમાં અગર કોઈ એક મૂળભૂત પરિસ્થિતિમાં બદલાવ માટે કારણભૂત બને કે સંધિના ઉદેશોનું ઘોર ઉલ્લંઘન કરે તો સંધિ સસ્પેન્ડ કરી શકાય છે. ભારતે પોતાના વલણ અને એ માટેના કારણની વિશ્વ સમુદાયને જાણ કરી છે. પાકિસ્તાને ભારતની રણનૈતિક શક્તિ અને સામર્થ્યનો સ્વીકાર કરવો પડશે.

# એડનની ખાડીમાં માર્કોસ કમાન્ડોઝનું મોટું ઓપરેશન

(સંપૂર્ણ સમાચાર સેવા) ન ા વ ી દિલ્હી, તા.૨ : એડનની ખાડીમાં ભારતીય નૌસેનાના માર્કોસ કમાન્ડોઝે સમુદ્રમાં મોટું ઓપરેશન પાર પાડીને સમુદ્રી ચાંચિયાઓનો હુમલો નિષ્ફળ બનાવ્યો છે. ભારતના કોમર્શિયલ જહાજ સ્ફ ગોલ્ડન પર આસ્નેનલ સમુદ્રી લૂંટારાઓએ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો, જોકે આ દરમિયાન તાત્કાલીક ભારતીય યુદ્ધ જહાજ INS ત્રિકંદ આવી પહોંચતા ચાંચિયાઓના લૂંટના પ્રયાસને નિષ્ફળ બનાવી દીધો છે. જહાજ પર ભારતીય ક્રૂ મેમ્બર પણ હતો, જોકે નૌસેનાની કાર્યવાહીના કારણે જહાજ અને તેમાં સવાર તમામ લોકો સુરક્ષિત છે. રિપોર્ટ મુજબ જ્યારે જહાજ પર હુમલો કરવામાં આવ્યો ત્યારે ક્રૂ મેમ્બરે પોતાને એક રૂમમાં બંધ કરી દીધો હતો. ત્યારબાદ તેણે સેટેલાઈટ ફોનથી ભારતીય નૌસેનાને સમુદ્રી હુમલો થયો હોવાની માહિતી આપી હતી. ત્યારપછી INS ત્રિકંદ ઝડપથી ઘટનાસ્થળ તરફ રવાના થયું હતું. નૌસેના આવવાની ખબર મળતા જ ચાંચિયાઓ તુરંત જહાજ છોડીને ભાગી ગયા હતા. ક્રૂ મેમ્બરની સતર્કતા અને તેણે સમયસર આપેલી સૂચનાના કારણે ચાંચિયાઓના પેંતરો સંપૂર્ણ નિષ્ફળ ગયો હતો. ભારતીય નૌસેનાના વિશેષ મરીન કમાન્ડો માર્કોસે કોમર્શિયલ જહાજની સંપૂર્ણ તપાસ કરી હતી. કમાન્ડોએ જહાજ કોઈ સમુદ્ર લૂંટારો કે કોઈ ખતરો છે કે નહીં, તેની સંપૂર્ણ તપાસ કરી હતી.

## ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# ફોજદારી કેસોમાં આરોપી નિર્દોષ છૂટશે તો પોલીસ - સરકારી વકીલો સામે તપાસ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૨ : ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. હવે રાજ્યમાં ફોજદારી કેસોમાં આરોપીઓ નિર્દોષ છૂટવાના કિસ્સાઓમાં તપાસ કરનાર પોલીસ અધિકારીઓ અને પબ્લિક પ્રોસિક્યુટરની ભૂમિકાની સમીક્ષા કરવામાં આવશે. જો તપાસ કે પ્રોસિક્યુશનમાં બેદરકારી કે ક્ષતિ જોવા મળશે, તો જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

ગૃહ વિભાગ દ્વારા આ અંગે સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ કેસોની તપાસમાં પારદર્શિતા લાવવાનો અને ન્યાય પ્રક્રિયામાં થતા વિલંબ કે ખામીઓને અટકાવવાનો છે. અગાઉ ઘણા ગંભીર કેસોમાં યોગ્ય પુરાવાના અભાવે અથવા તપાસની ખામીઓને કારણે આરોપીઓ નિર્દોષ છૂટી જતા હતા, જેનાથી ન્યાય પ્રક્રિયા પર સવાલ ઉઠતા હતા. હવે આ નવી વ્યવસ્થાથી તપાસ પ્રક્રિયા વધુ ગંભીરતાથી

## ૧૨૦ થી વધુ વ્યાપાર કરારો

# ભારતમાં ૧૦ અબજ ડોલરનું જાપાની રોકાણ

(જી.એન.એસ) તા. ૨
નવી દિલ્હી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે તેમના જાપાની સમકક્ષ સના તાકાઈચી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી હતી અને કહ્યું હતું કે ૧૨૦ થી વધુ વ્યાપાર કરારો ભારતમાં ૧૦ અબજ ડોલરનું જાપાની રોકાણ લાવશે. તેમણે કહ્યું કે ધ્યેય જાપાનથી ભારતમાં ૧૦ ટ્રિલિયન યેન રોકાણ આકર્ષિત કરવાનો અને આગામી દાયકામાં ભારતમાં કાર્યરત જાપાની કંપનીઓની સંખ્યા બમણી કરવાનો છે.

ભારત-જાપાન રોકાણ ભાગીદારી સતત મજબૂત થઈ રહી છે: પીએમ મોદી

જાપાનના પીએમ સના તાકાઈચી સાથે મીડિયાને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, "ભારત-જાપાન રોકાણ ભાગીદારી સતત મજબૂત થઈ રહી છે. છેલ્લા એક વર્ષમાં, લગભગ ૧૨૦ નવા વ્યાપાર કરારો થયા છે, જે ભારતમાં ૧૦ અબજ ડોલરથી વધુ જાપાની રોકાણ લાવશે. નાણાકીય સેવા એજન્સીઓ વચ્ચેના આજના કરારથી મૂડી અને રોકાણનો પ્રવાહ વધુ સરળ બનશે. અમારું લક્ષ્ય સ્પષ્ટ છે: જાપાનથી ભારતમાં ૧૦ ટ્રિલિયન યેન રોકાણ આકર્ષિત કરવું અને આગામી દાયકામાં ભારતમાં કાર્યરત જાપાની કંપનીઓની સંખ્યા બમણી કરવી. ભારતમાં સતત સુધારાઓએ વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કર્યો છે, એક એવી તક જેનો જાપાની કંપનીઓ પણ લાભ લઈ શકે છે..."

ભારત, જાપાન ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીમાં નવો અધ્યાય શરૂ કરે છે

પીએમ મોદીએ વધુમાં કહ્યું, "વડાપ્રધાન તાકાઈચીની મુલાકાત સાથે, અમે અમારી ખાસ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીમાં એક નવો અધ્યાય શરૂ કરી રહ્યા છીએ. આજે,



## મોદીએ જાપાનના પીએમને નાની બહેન કહીને આવકાર્યા

ભારત અને જાપાન બંને વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ છે. એક મુક્ત, સમૃદ્ધ અને નિયમો આધારિત ઈન્ડો-પેસિફિક અમારી સહિયારી પ્રાથમિકતા છે. પ્રદેશની સૌથી મોટી લોકશાહી અને બજાર અર્થવ્યવસ્થા તરીકે, અમે ઘણા પગલાં લીધા છે..." આજે મહત્વપૂર્ણ પહેલ. સાથે મળીને, આ પ્રયાસો સમગ્ર પ્રદેશમાં શાંતિ, સ્થિરતા અને પ્રગતિનો માર્ગ મોકળો કરશે. પ્રધાનમંત્રી તાકાચી અને હું માનું છું કે ટેકનોલોજી ભાગીદારી આપણા સહયોગનો સૌથી મજબૂત સ્તંભ બનશે. આ દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે, આજે આપણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (છૈં) ના ક્ષેત્રમાં એક સંયુક્ત નિવેદન પણ બહાર પાડ્યું છે."પીએમ મોદીએ કહ્યું કે ભારત અને જાપાને તેલના આંચકા જેવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે ઊર્જા સ્થિતિસ્થાપકતા પર એક મુખ્ય પહેલ પણ શરૂ કરી છે. "વધુમાં, બેટરી, ગ્રીન હાઈડ્રોજન અને પરમાણુ ઊર્જામાં આપણો સહયોગ વૈશ્વિક સ્વચ્છ ઊર્જા ભવિષ્યમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. ભારત અને જાપાન આર્થિક સુરક્ષાને સહિયારી સુરક્ષા અને ઉર્જા સંક્રમણને સહિયારી તક તરીકે જુએ છે; અમે આ કાર્યસૂચિને સાથે મળીને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છીએ. આજે આપણે ભારત-જાપાન નેક્સ્ટ-જનરેશન મોબિલિટી પાર્ટનરશિપ ફ્રેમવર્ક પણ સ્થાપિત કર્યું છે," તેમણે કહ્યું. પીએમ મોદીએ એમ પણ ઉમેર્યું કે આજના અનિશ્ચિતતાના યુગમાં, ભારત અને જાપાન બંને આર્થિક અને ઉર્જા સુરક્ષાના મહત્વને સંપૂર્ણપણે સમજે છે. "આ હેતુ માટે, અમે આજે આર્થિક સુરક્ષા માટે એક સંયુક્ત રોડમેપ તૈયાર કર્યો છે. આ દ્વારા, અમે સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ ટેકનોલોજી અને અદ્યતન સામગ્રી જેવા વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સપ્લાય ચેઈન સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવીશું. અમે ઊર્જા સુરક્ષા અંગે પણ ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. ભારત-જાપાન બાયોગેસ પહેલ અમને સમગ્ર ભારતમાં ૧૦૦૦ બાયોગેસ અને કાર્બનિક ખાતર પ્લાન્ટ સ્થાપિત કરવામાં મદદ કરશે. આ અમારી 'ગોબરધન' પહેલને વધુ મજબૂત બનાવશે અને ભારતના ગામડાઓમાં ટકાઉપણું, સમૃદ્ધિ અને ગ્રામીણ આજીવિકાને એક નવું પ્રોત્સાહન આપશે," તેમણે કહ્યું.

# બેંગલુરુમાં ISRO મુખ્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી




બેંગલુરુ: બેંગલુરુમાં આવેલા ઈસરોના મુખ્યાલયને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હોવાનું -કાશમાં આવ્યું છે. બોમ્બની ધમકી મળતાની સાથે આ વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. સૂત્રોના જણાવ્યાં -માણે આ ધમકી ઈ-મેઈલ દ્વારા મોકલવામાં આવી છે. બોમ્બની ધમકી બાદ સુરક્ષા એજન્સીઓને જાણ કરી દેવામાં આવી અને આખું પરિસર ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ મામલે ઈસરોના વૈજ્ઞાનિકો અને કર્મચારીઓમાં પણ ભયનો માહોલ છવાઈ ગયો હતો.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, પોલીસ અને બોમ્બ સ્ક્વોડ દ્વારા સમગ્ર પરિસરમાં તપાસ કરવામાં આવી છે. પરંતુ હજી સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ કે બોમ્બ અંગે કોઈ જાણકારી મળી નથી. પરંતુ આ ધમકી ઈસરોના મુખ્ય કાર્યાલયને મળી હોવાથી સુરક્ષા એજન્સીઓ દ્વારા ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે. દેશની મહત્વપૂર્ણ કડી કહી શકાય તેવા વૈજ્ઞાનિક સંસ્થાનને બોમ્બની ધમકી મળી હોવાના કારણે સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ અનેક સવાલો થઈ રહ્યાં છે. પરંતુ હજી સુધી કોઈ શંકાસ્પદ વસ્તુ નથી મળી તેના કારણે રાહતનો શ્વાસ લેવાયો છે.

ઈસરો મુખ્યાલયને બોમ્બની ધમકી મળતી ત્યારે અધિકારીઓ દ્વારા તરત જ ઈમર્જન્સી -ોટોકોલ લાગુ કરી દેવામાં આવ્યો અને આખા પરિસરને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. ઈસરો મુખ્યાલય સાથે સાથે તેની આસપાસના વિસ્તારોમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. બેંગલુરુ પોલીસ, બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને અન્ય સુરક્ષા એજન્સીઓને ઘટનાસ્થળે તૈનાત કરી દેવામાં આવી છે. કલાકો સુધી ચાલેતી તપાસ દરમિયાન કોઈ પણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી, તેમ છતાં સુરક્ષાના ભાગરૂપે હજી પણ તપાસ ચાલી રહી છે.

# હું ચીનને પનામા કેનાલ પર નિયંત્રણ મેળવવા નહીં દઉં: ટ્રમ્પ

(જી.એન.એસ) તા. ૨
વોશિંગ્ટન, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે યુનાઇટેડ સ્ટેટ્સે પનામા કેનાલનું નિયંત્રણ ક્યારેય સોંપવું ન જોઈએ, દલીલ કરી હતી કે પનામાએ નિયંત્રણ મેળવ્યા પછી પરિવહન ફીમાં વધારો કર્યો હતો અને ચેતવણી આપી હતી કે ચીન વ્યૂહાત્મક જળમાર્ગ પર પ્રભાવ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે. યુએસ પ્રમુખની આ ટિપ્પણી વૈશ્વિક વેપાર માર્ગો, ભૂ-રાજકીય સ્પર્ધા અને લેટિન અમેરિકામાં યુએસ વિદેશ નીતિ પર નવી ચર્ચાઓ વચ્ચે આવી છે.

મેડોરામાં થિયોડોર રૂઝવેલ્ટ પ્રેસિડેન્શિયલ લાઈબ્રેરીના ઉદઘાટન પ્રસંગે બોલતા, ટ્રમ્પે કેનાલનું નિયંત્રણ સ્થાનાંતરિત કરવાના ઐતિહાસિક નિર્ણયની ટીકા કરી હતી અને વચન આપ્યું હતું કે યુએસ ચીનને કબજો કરવા દેશે નહીં.પનામાએ જહાજોના ભાવમાં ચાર ગણો વધારો કર્યો: ટ્રમ્પ"પનામા કેનાલ, તેથી અમે તેને છોડી દીધું. તેઓએ પહેલું કામ કર્યું, તમે જાણો છો કે તેઓએ શું કર્યું? તેઓએ જહાજોના ભાવમાં ચાર ગણો વધારો કર્યો, અને તેઓએ એક પણ જહાજ ગુમાવ્યું નહીં. અને પછી તેઓએ તેને ફરીથી બે વાર વધાર્યું, અને તેઓએ એક પણ જહાજ ગુમાવ્યું નહીં. તેઓએ ફક્ત વર્ષો અને વર્ષો સુધી જંગી પૈસા કમાવવાનું કામ કર્યું. તે કેટલું મૂર્ખ હતું?" ટ્રમ્પે કહ્યું."અને હવે ચીન પનામા કેનાલ પર કબજો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, અને અમે તે થવા દેવાના નથી, ઠીક છે? અને તે સ્ક્રિપ્ટનો ભાગ નહોતો કારણ કે મારી પાસે ખરેખર કોઈ સ્ક્રિપ્ટ નથી કારણ કે આ વસ્તુ કામ કરતી નથી," તેમણે ઉમેર્યું.



# અમરનાથ યાત્રાને નિશાન બનાવવાનું પાકિસ્તાનનું કાવતરુ




(સંપૂર્ણ સમાચાર સેવા)
જમ્મુ, તા.૨ : પાકિસ્તાન સ્થિત આતંકવાદી હેન્ડલર્સ અમરનાથ યાત્રાને નિશાન બનાવવા માટે સાંબા અને કઠુઆ સેક્ટરમાં ડ્રોન દ્વારા શસ્ત્રો ફેંકવાનું કાવતરું ઘડી રહ્યા છે. આ ગુપ્ત માહિતી બાદ સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. BSF અને પોલીસ આંતરરાષ્ટ્રીય સરહદ પર દેખરેખ અને શોધ કામગીરી ચલાવી રહી છે. કોઈપણ આતંકવાદી કાવતરાને નિષ્ફળ બનાવવા માટે યાત્રા માર્ગ પર સુરક્ષા વ્યવસ્થા પણ કડક કરવામાં આવી છે. અમરનાથ યાત્રાના પ્રારંભ સાથે સુરક્ષા એજન્સીઓને મહત્વપૂર્ણ ગુપ્ત માહિતી મળી છે. અહેવાલો સૂચવે છે કે, પાકિસ્તાન સ્થિત આતંકવાદી હેન્ડલર્સ જમ્મુ વિભાગમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલા સાંબા અને કઠુઆ સેક્ટરમાં ડ્રોનનો ઉપયોગ કરીને શસ્ત્રો અને દારૂગોળો ફેંકવાનું કાવતરું ઘડી રહ્યા છે. આ ઇનપુટ બાદ, સરહદ પર તહેનાત સુરક્ષા એજન્સીઓ અને સુરક્ષા દળોને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. સૂત્રો જણાવે છે કે છેલ્લા બે થી ત્રણ દિવસમાં પાકિસ્તાનના સિયાલકોટ જિલ્લાના બડાલા ગુજરાન વિસ્તારમાં ઘણા પાકિસ્તાની આતંકવાદી હેન્ડલર્સનું હલનચલન જોવા મળ્યું છે. એવું માનવામાં આવે છે કે, આ બેઠકો દરમિયાન ભારતીય ક્ષેત્રમાં શસ્ત્રો પહોંચાડવાની યોજના ઘડી હતી.

સુરક્ષા એજન્સીઓને શંકા છે કે આગામી બે થી ત્રણ અઠવાડિયામાં સાંબા અને કઠુઆ સેક્ટરમાં ડ્રોન દ્વારા શસ્ત્રોનો જથ્થો ફેંકવાનો પ્રયાસ થઈ શકે છે. આ શસ્ત્રો જમ્મુ અને કાશ્મીરમાં સક્રિય આતંકવાદીઓ માટે હોઈ શકે છે અને અમરનાથ યાત્રાને નિશાન બનાવવાના કાવતરાના ભાગ રૂપે ઉપયોગમાં લઈ શકાય છે.

ગુપ્તચર માહિતી બાદ, સરહદ સુરક્ષા દળ (BSF), જમ્મુ અને કાશ્મીર પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ આંતરરાષ્ટ્રીય સરહદ પર દેખરેખ અને શોધ કામગીરી તીવ્ર બનાવી છે. કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિને સમયસર નિષ્ક્રિય કરવા માટે ડ્રોન વિરોધી ટેકનોલોજી, ઈલેક્ટ્રોનિક દેખરેખ અને પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું છે.

# રશિયાએ કીવમાં હુમલો કરતાં યુક્રેનમાં અફરાતફરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
કીવ, તા.૨
રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ ફરી એકવાર અત્યંત ભયાનક વળાંક પર પહોંચી ગયું છે. ગુરુવારે (બીજી જુલાઈ) વહેલી સવારે રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર અત્યાર સુધીનો સૌથી મોટો ગણી શકાય તેવો જોરદાર હવાઈ હુમલો કર્યો છે. રશિયન સેનાએ કીવને નિશાન બનાવીને એકસાથે ડઝનબંધ ડ્રોન અને બેલેસ્ટિક મિસાઈલોનો મારો ચલાવ્યો હતો. આ હુમલાને પગલે સમગ્ર યુક્રેનમાં હડકંપ મચી ગયો છે, તો બીજી તરફ પડોશી દેશ પોલેન્ડે પણ પોતાની સરહદો પર હાઈ ઍલર્ટ જાહેર કરી દીધું છે.અહેવાલો અનુસાર, મોડી રાત્રે શરૂ થયેલા રશિયન મિસાઈલ હુમલાના કારણે સમગ્ર કીવ શહેરમાં એર રેડ (હવાઈ હુમલા)ના સાયરન ગૂંજવા લાગ્યા હતા. હુમલો એટલો તીવ્ર હતો કે જીવ બચાવવા માટે હજારો નાગરિકોને અડધી રાત્રે મેટ્રો સ્ટેશનો અને અંડરગ્રાઉન્ડ બંકરો તરફ ભાગવાની ફરજ પડી હતી. સમગ્ર આકાશ મિસાઈલો અને યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમના ટ્રેસર ફાયરના પ્રકાશથી ઓળખાઈ ગયું હતું. યુક્રેનના સંરક્ષણ દળોએ રશિયન મિસાઈલોને હવામાં જ તોડી પાડવા માટે આખી રાત જવાબી કાર્યવાહી કરી હતી. કીવના મેયર વિતાલી ક્લિત્સ્કોના જણાવ્યા અનુસાર, રશિયાના હુમલામાં શહેરના અનેક વિસ્તારોને મોટું નુકસાન થયું છે અને ઘણી જગ્યાએ ભીષણ આગ ફાટી નીકળી છે. મધ્ય કીવમાં આવેલા શેવચેન્કો બુલેવાર્ડ પર એક હોટલના ઉપરના માળે મિસાઈલ અથડાતા આગ લાગી હતી, જેની જ્વાળાઓ માઈલો દૂરથી જોઈ શકાતી હતી. એક રહેણાંક વિસ્તારમાં આવેલી ૯ માળની એપાર્ટમેન્ટ બિલ્ડિંગનો એક મોટો ભાગ મિસાઈલના પ્રહારથી પત્તાની જેમ ધરાશાયી થઈ ગયો હતો.



# ભારતે રશિયાને જ ઈંધણ વેચી કરી મદદ

(સંપૂર્ણ સમાચાર સેવા) ન ા વ ી દિલ્હી, તા.૨ :ભારતે રશિયા સાથેની પોતાની વર્ષો જૂની દોસ્તીની ફરજ ફરી એકવાર નિભાવી છે. અગાઉ જ્યારે પશ્ચિમી દેશોના પ્રતિબંધોને કારણે મોટાભાગના દેશો રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદતા ડરતા હતા, ત્યારે ભારતે રેકોર્ડ સ્તરે રશિયન ઓઈલ ખરીદીને તેને આર્થિક ટેકો આપ્યો હતો. હવે ફરી એકવાર સંકટના સમયે ભારત રશિયાની વહારે આવ્યું છે. તફાવત માત્ર એટલો છે કે આ વખતે ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદી નથી રહ્યું, પરંતુ રશિયામાં સર્જાયેલી ઈંધણની તંગીને દૂર કરવા માટે અહીંથી ગેસોલિન એટલે કે પેટ્રોલની સપ્લાય કરી રહ્યું છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, યુક્રેનના હુમલાને કારણે સર્જાયેલી ઈંધણની કટોકટી વચ્ચે રશિયાએ દરિયાઈ માર્ગે ભારતમાંથી પેટ્રોલની આયાત કરવાનું શરૂ કરી દીધું છે.રિપોર્ટ અનુસાર, યુક્રેન દ્વારા સતત કરવામાં આવી રહેલા ડ્રોન હુમલાના કારણે રશિયાની અસંખ્ય ઓઈલ રિફાઈનરીઓને મોટું નુકસાન પહોંચ્યું છે. આ હુમલાઓને કારણે રશિયામાં પેટ્રોલનું સ્થાનિક ઉત્પાદન ખોરવાઈ ગયું છે અને દેશમાં ઈંધણની ભારે અછત સર્જાઈ છે. હાલમાં રશિયાના ઘણા વિસ્તારોમાં પેટ્રોલનું રેશનિંગ કરવું પડી રહ્યું છે, પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી લાઈનો જોવા મળી રહી છે અને ગેસોલિનના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે. આ કપરી પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે રશિયાએ ભારત પાસેથી દરિયાઈ માર્ગે ગેસોલિન મંગાવ્યું છે.અહેવાલો મુજબ, ભારત તરફથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછું ૬૦ હજાર મેટ્રિક ટન ગેસોલિન (પેટ્રોલ) રશિયા મોકલવામાં આવી ચૂક્યું છે. શરૂઆતી તબક્કામાં બે મોટા દરિયાઈ ટેક્રોમાં આશરે ૩૦ હજારથી ૪૦ હજાર ટન ઈંધણ લોડ કરીને રવાના કરવામાં આવ્યું છે. જોકે, સુરક્ષા અને વ્યાપારિક કારણોસર ભારતની કઈ રિફાઈનરી આ સપ્લાય પૂરી પાડી રહી છે તેની સત્તાવાર વિગતો હજી સામે આવી નથી. રશિયા માત્ર ભારત પર નિર્ભર રહેવા માંગતું નથી, તેથી તે ભારત ઉપરાંત બેલારુસ જેવા પાડોશી દેશો પાસેથી પણ દર મહિને અંદાજે ૪ લાખ ટન ગેસોલિન આયાત કરવાનું

# હવે બાંગ્લાદેશને ચીન J-10C જેટ આપશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
ઢાંકા, તા.૨
ચીન અને બાંગ્લાદેશ વચ્ચે સંરક્ષણ સહયોગ ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. તાજેતરના વર્ષોમાં બાંગ્લાદેશે ચીન પાસેથી J-10C ફાઈટર જેટ, Type-15 ટેન્ક અને અન્ય આધુનિક હથિયારો ખરીદવાના મોટા કરાર કર્યા છે. આ ડીલ માત્ર બાંગ્લાદેશની સૈન્ય ક્ષમતા જ નથી વધારી રહી, પરંતુ ભારતની પૂર્વીય સરહદ પર એક નવો પડકાર પણ ઊભો કરી રહી છે. સંરક્ષણ નિષ્ણાતોનું માનવું છે કે, ચીનની આ વ્યૂહરચના તેની 'સ્ટ્રિંગ ઑફ પર્લ્સ' નીતિનો એક ભાગ છે, જે અંતર્ગત તે ભારતના પડોશી દેશોને હથિયારો આપીને ભારતને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યું છે.બાંગ્લાદેશ વાયુસેના પોતાના જૂના ચાઈનીઝ F-7 જેટ્સને બદલવા માટે ચીન પાસેથી 20-24 J-10C મલ્ટીરોલ ફાઈટર જેટ ખરીદી રહી છે. આ સંરક્ષણ સોદો અંદાજે 2.2 બિલિયન ડૉલરનો છે, અને તે 2027 સુધીમાં પૂર્ણ થવાની આશા છે. J-10Cએ ચીનનું ચોથી પેઢીનું ઍડ્વાન્સ ફાઈટર જેટ છે. આ જેટ AESA રડાર, ઍડ્વાન્સ ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમ, PL-15 લાંબી અંતરની એર-ટુ-એર મિસાઈલ અને સુપરક્રૂઝ ક્ષમતા ધરાવે છે. પાકિસ્તાન પણ આ ફાઈટર જેટનો ઉપયોગ કરી રહ્યું છે. બંગાળની ખાડી અને ભારતની પૂર્વી સરહદ પાસે બાંગ્લાદેશની આ ક્ષમતા ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે.



# અન્ય સમાચારો

**પા.નં.૪નું ચાલું.....**
**બદલાતી પરિસ્થિતિ....**

**અપૂરતી સુએઝ ટ્રીટમેન્ટ**

શહેરી વિસ્તારો (જેમ કે સુરત) માંથી નીકળતું લાખો લિટર ગટરનું પાણી સંપૂર્ણ ટ્રીટ (શુદ્ધ) થયા વગર જ નદીઓમાં ઠાલવવામાં આવે છે. આનાથી પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ (BOD) ઘટી જાય છે.

નદી પટમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ

કાંઠા વિસ્તારોમાં દબાણ, ગેરકાયદેસર ડેરી, અને નદીના રેતીના પટમાં થતા ગેરકાયદેસર બાંધકામ અને રેતી ખનનથી નદીનો કુદરતી પ્રવાહ અને સ્વયં-શુદ્ધિકરણ ક્ષમતા જોખમાય છે.

**કચરાનો નિકાલ**

નદી કિનારે વસેલા રહેણાંક વિસ્તારોમાંથી પ્લાસ્ટિક અને ઘન કચરો નદીમાં ઠાલવવો, જે પાણીમાં જૈવિક પ્રદૂષણ વધારે છે.

**મોસમી પ્રવાહ**

આપણી દક્ષિણ ગુજરાત ની નદીઓ મુખ્યત્વે મોસમી નદી છે, જે ચોમાસા સિવાયના મહિનાઓમાં સૂકી રહે છે અથવા નહિવત પ્રવાહ ધરાવે છે, જેનાથી -દૂષણની સાંદ્રતા વધુ દેખાય છે.

**સ્થાનિક લોકો પર થતી અસરો અને આરોગ્યના જોખમો**

પ્રદૂષિત પાણીના વપરાશ અને નદી કિનારે ફેલાતી દુર્ગંધને લીધે સ્થાનિક લોકોમાં ચામડીના રોગો અને અન્ય પાણીજન્ય બીમારીઓનું જોખમ વધે છે.

**મત્સ્યઉદ્યોગ પર અસર**

ઝેરી પ્રવાહીને કારણે અવારનવાર માછલીઓના મોત થાય છે, જેનાથી સ્થાનિક માછીમારોની આજીવિકા છીનવાઈ જાય છે અને આર્થિક નુકસાન થાય છે.

**પશુધન અને ખેતી**

નદીના પ્રદૂષિત પાણીનો ઉપયોગ પશુઓને પીવડાવવા કે ખેતરોમાં સિંચાઈ માટે કરવાથી પશુઓના સ્વાસ્થ્ય અને પાકની ગુણવત્તા પર પ્રતિકૂળ અસર પડે છે.

**પૂર અને પાણીની અછત**

મધુબન ડેમ અને પંચલાય ડેમ જેવા જળાશયો હોવા છતાં, ચોમાસામાં પૂરની સ્થિતિ અને ઉનાળામાં પાણીની અછતનો વારાફરતી સામનો સ્થાનિક લોકોએ કરવો પડે છે.

**આપણી નદીઓ બચાવવાના મુખ્ય ઉપાયો**

ઝેરી પ્રદૂષણ પર નિયંત્રણ

ઔદ્યોગિક એકમો (ફેક્ટરીઓ) દ્વારા નદીઓમાં છોડવામાં આવતું કેમિકલ યુક્ત પાણી સીધું ન ઠલવાય તે માટે શુદ્ધિકરણ પ્રક્રિયા ફરજિયાત બનાવવી જોઈએ.

**સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ**

શહેરોનું ગંદુ પાણી નદીમાં ભળતા અટકાવવા માટે દરેક શહેરી વિસ્તારમાં આધુનિક સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ કાર્યરત કરવાં.

**નદી કિનારે પ્લાસ્ટિક પ્રતિબંધ**

નદી કિનારે પ્લાસ્ટિક અને થર્મોકોલનો ઉપયોગ ટાળવો અને સ્વયંસેવકો દ્વારા નિયમિત સફાઈ અભિયાન ચલાવવા.

**ગેરકાયદેસર ગંદકી પર દંડ**

નદીમાં કચરો કે પ્રાણીઓના અવશેષો નાખનાર વ્યક્તિ કે સંસ્થાઓ સામે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કડક દંડનીય કાર્યવાહી થવી જોઈએ.

**ગેરકાયદેસર થતાં રેતી ખનન અટકાવવા**

૧) રેતી ખનન (રેતી ઉત્ખનન) નદીના કુદરતી ઈકોસિસ્ટમને ગંભીર નુકસાન પહોંચાડે છે. તેનાથી નદીના પ્રવાહ, જળચર સૃષ્ટિ અને આસપાસના પર્યાવરણ પર વિપરીત અસરો થાય છે.

૨) રેતી ખનનથી ધોવાણ અને પૂરનું જોખમ વધે છે. નદીના તળમાંથી વધુ પડતી રેતી કાઢવાથી નદીનું તળ ઊંડું બને છે, જેનાથી નદીના કાંઠા અસ્થિર બને છે અને જમીનનું ધોવાણ વધે છે. પરિણામે પૂરનું જોખમ અનેકગણું વધી જાય છે.

૩) રેતી દૂર થવાથી પાણી જમીનમાં ઉતરતું નથી અને આસપાસના કૂવાઓ અને બોરિંગના જળસ્તર નીચે જતા રહે છે.

૪) બેફામ ખનનથી જળચર સૃષ્ટિનો નાશ થાય છે. રેતી એ માછલીઓ અને અન્ય જળચર જીવો માટે કુદરતી રહેઠાણ અને પ્રજનન કેન્દ્ર છે. ૫) પાણીનું પ્રદૂષણ ખનન માટે ઉપયોગમાં લેવાતી ભારે મશીનરી અને ડીઝલના ઉપયોગથી નદીનું પાણી દૂષિત બને છે. આ ઉપરાંત, તળ ઊંડું થવાથી પાણીનું કુદરતી શુદ્ધિકરણ અટકી જાય છે.

૬) ખેતીને નુકસાન નદી કાંઠાની ફળદ્રુપ જમીનનું ધોવાણ થવાથી કિનારાના ખેતરો નાશ પામે છે અને પીવાના પાણીની અછત સર્જાઈ શકે છે.

વૃક્ષારોપણ નદી કાંઠે મોટા પ્રમાણમાં વૃક્ષો વાવવા જોઈએ, જે જમીનનું ધોવાણ અટકાવે છે અને પાણીની ગુણવત્તા સુધારે છે.

જનજાગૃતિ અભિયાનં લોકોને નદીઓનું મહત્વ સમજાવવા માટે સ્થાનિક સ્તરે શાળાઓ, પંચાયતો અને સામાજિક સંસ્થાઓ દ્વારા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવું.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM VIVEK KAMLI TO VIVEK PRABHUBHAI KAMLI ADDRESS: K-107, JANI VANKAD, KAMLI FALIA, BHIMPORE, NANI DAMAN-396210.

**પા.નં. ૪ નું ચાલુ...**
**પ્લાસ્ટિકનું વિષચક્ર કેટલું ....**

આ પ્લાસ્ટિક બેગને બાળવાથી તેમાંથી પેદા થતું વાયુ પ્રદૂષણ ધરતી માટે ખતરો બની ગયું છે. આમ આ પ્લાસ્ટિક બેગોએ વાયુ, જલ અને જમીનને પ્રદૂષિત કર્યા છે.

પોલિથીનના ઘણા ફાયદા છે. પરંતુ થોડા સમયમાં તે આપણી ધરતી માટે ખતરો બની ગયું છે. તેના ફાયદા કરતાં નુકસાન વધુ છે. આપણા દેશમાં તો ચા, પાણી અને છાશ, જ્યુસ પણ પોલિથીનની બેગમાં આપવામાં આવે છે. ઘરનો કચરો આ પોલિથીનની બેગમાં ભરીને રસ્તા પર ફેંકવામાં આપણને સંકોચ થતો નથી. પોલિથીન સાથે આ કચરો ખાઇને દર વર્ષે ૧,૦૦,૦૦૦ પશુઓ મરણને શરણ થાય છે.

પ્લાસ્ટિકના કચરાને બાળવાથી ખૂબ હાનિકારક ઝેરી ગેસ નીકળે છે. એક કિલો પ્લાસ્ટિકનો કચરો બળે છે ત્યારે ત્રણ કિલો કાર્બન વાયુ નીકળે છે જે ગ્લોબલ વૉર્મિંગ પેદા કરે છે. આપણા ઓઝોન સ્તરને પણ નુકસાન થાય છે. આજે શહેરોનાં કચરામાં સૌથી વધારે પોલિથીન હોય છે. શહેર, કસ્બા, ગામ પોલિથીન કચરાથી ભરાયેલા રહે છે. નદી, નાળાને તે ચૉક કરી દે છે. ફ્રાન્સમાં પ્લાસ્ટિકના ડિસ્પોઝલ કપ-પ્લેટના ઉપયોગ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. યુરોપના બીજા દેશો પણ આ રસ્તે જઇ રહ્યા છે.

પાણીમાં તે પીગળતું નથી અને બાયોકેમિકલ એક્વિન હોવાથી શુદ્ધ પ્લાસ્ટિક ઓછું ઝેરી હોય છે, પરંતુ જ્યારે તેમાં કલર ભેળવવામાં આવે છે ત્યારે તે હાનિકારક બને છે. આ કેમિકલ રમકડાં અને બીજા પ્લાસ્ટિક ઉત્પાદનોમાં લગાડેલું હોય છે, જે ગરમીને લીધે પીગળીને બહાર આવે છે. આ માટે અમેરિકામાં બાળકોના રમકડાં પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. યુરોપ અને જાપાનમાં પણ આ રમકડાં પર પ્રતિબંધ છે.

વિશ્વના ૧૯૨દેશોને સમુદ્ર કિનારો મળ્યો છે. આ દેશોમાં અઢી અબજ ટન કચરામાં ૨૭ કરોડ ટન પ્લાસ્ટિકનો કચરો હોય છે. તેમાંથી ૮૦ લાખ ટન કચરો સમુદ્રમાં નંખાય છે. સૌથી પ્રથમ નંબર ચીન દર વર્ષે સમુદ્રમાં ૧૦ લાખ ટન કચરો નાખે છે. અમેરિકા બીજા નંબરે છે. આવું જો ચાલુ રહેશે તો સન-૨૦૨૫ સુધીમાં સમુદ્રમાં ઠલવાતા કચરાનું પ્રમાણ ૧.૭૫ કરોડ જેટલું થઇ જશે.

પ્લાસ્ટિકના કણ પ્રદૂષણ વધારી રહ્યા છે. મોટા કદનો પ્લાસ્ટિક કચરો પાણીમાં ઓગળી જાય છે, જ્યારે ઔદ્યોગિક ઉત્પાદનમાંથી નીકળતા માઇક્રોપ્લાસ્ટિક સૂક્ષ્મ કણોના રૂપે સમુદ્રમાં પહોંચે છે. કારના ટાયરો, સિન્થેટિક કપડાં, સડક પર જિબ્રા ક્રોસિંગ બનાવનાર અને સૌંદર્ય પ્રસાધન શહેરની ધૂળ વગેરે આમાં સામેલ છે. દુનિયાના સમુદ્રમાં પ્લાસ્ટિકનો કચરો વધતો જાય છે. કારના ટાયરોમાંથી નીકળનારા બારીક ટુકડાનો હિસ્સો ૩૦ ટકા હોય છે.

પ્લાસ્ટિક પદાર્થોનો પ્રચાર કરવા માટે શરૂઆતમાં દુકાનો, અનાજની દુકાનો, દવાના સ્ટોર દ્વારા ગ્રાહકોને પ્લાસ્ટિક બેગ મફતમાં અપાતી હતી. આમ પ્લાસ્ટિક બેગોનો પ્રચાર ઝડપથી થવા લાગ્યો. વોટર પ્રૂફ ઓછો ખર્ચ અને વજનમાં હલકી હોવાથી ભારતીય ગૃહિણીઓમાં તે લોકપ્રિય થઇ ગઇ. તેની દેખરેખ માટે કોઇ ખર્ચ આવતો નહોતો.

બાળકો રમતી વખતે ચહેરા પર પ્લાસ્ટિક બેગ ઓઢી લે છે અને ગૂંગળાઇને મરણ પામે છે. પશુઓ તેને ચાવીને ગંભીર બીમારીના ભોગ બને છે. ભારતમાં રોજ ૨૦ ગાયોના મોત પ્લાસ્ટિકનો કચરો ખાવાથી થાય છે. પ્લાસ્ટિક થેલીઓ ઊડીને ઝાડને ચોંટી જાય છે. પક્ષીઓને ભ્રમ પેદા થાય છે કે તે કોઇ ફળ છે. તેને ખાઇને ભયંકર પરિણામોનો સામનો કરવો પડે છે. આ થેલીઓ નદી અને સમુદ્રમાં પહોંચે છે ત્યારે જનજીવન પર મોટું સંકટ પેદા થાય છે. સમુદ્રના પ્રત્યેક માઇલ પર લગભગ ૪૬૦૦ પ્લાસ્ટિક કચરો તરતો જોવા મળે છે. દુનિયામાં જે પ્લાસ્ટિક પેદા થાય છે તેમાંથી ૧૦ ટકા સમુદ્ર સુધી પહોંચી જાય છે, જે ૭૦ ટકા સમુદ્રને આવરી લે છે. આ પ્લાસ્ટિક નષ્ટ થતું નથી એટલે સતત ફર્યા કરે છે. દરિયાઇ કાચબા, શાર્ક, સીલ અને વ્હેલ જેવા જીવ પ્લાસ્ટિક થેલીને જેલી ફિશ સમજીને ગળી જાય છે અને તેમનું મોત થાય છે. દર વર્ષે ૧૦,૦૦૦ કરતાંય વધારે વ્હેલ, સીલ, શાર્ક અને કાચબાઓના મરણ પ્લાસ્ટિક ખાવાથી થાય છે. સંપૂર્ણ વિશ્વ પ્લાસ્ટિકની સમસ્યાઓથી ઘેરાઇ ગયું છે. બાંગ્લાદેશ, રવાન્ડા, ચીન, તાઇવાન અને ભારતમાં હલકા વજનની બેગો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. અમેરિકામાં માત્ર કેલિફોર્નિયા રાજ્યમાં તેને બાન કરવામાં આવી છે. આપણા દેશમાં પણ ૨૦ માઇક્રોન પ્લાસ્ટિક થેલીઓ પર પ્રતિબંધ છે. આ બેગોને લીધે પર્યાવરણ, સ્વચ્છતા, પશુ-પંખીઓ, સમુદ્રી જીવો, નદીઓ અને અન્ય જલસ્રોતોને અપાર નુકસાન થયું છે.

સરકારે રિ-સાઇકલિંગ એકમની સ્થાપના કરવી જોઇએ, જ્યાં લોકો પોતાની જૂની પ્લાસ્ટિક બેગ રિ-સાઇકલિંગ કરી શકે. મોટી કંપનીઓમાં રિ-સાઇકલિંગ યુનિટ ફરજિયાત હોવું જોઇએ. જ્યાં ગ્રાહકો પોતાની જૂની પ્લાસ્ટિક બેગો જમા કરી શકે. પોલિથીન બેગ ત્યારે જ બંધ થઇ શકે જ્યારે જનતા, દુકાનદાર, ઉત્પાદક અને વેપારી તેના ખતરાને સમજીને તેને બંધ કરવાનું નક્કી કરે. આ માટે અખબારની રદ્દીમાંથી કાગળની કોથળીઓ બની શકે છે. સમયની માગ છે કે આપણે બધા સમજીને ધરતીના આ ઝેરને ખતમ કરીએ, નહિતર તે આપણને ખતમ કરી દેશે.

પ્લાસ્ટિક લાંબા સમય સુધી વિઘટિત ન થવાથી મનુષ્યના આરોગ્યને નુકસાન કરે છે. પાઇપો, બારીઓ અને દરવાજાઓના નિર્માણમાં ઉપયોગી પીવીસી પ્લાસ્ટિક ક્લોરાઇડમાંથી બનાવવામાં આવે છે. આ રસાયણ મગજ તથા લીવરનું કેન્સર પેદા કરે છે. ફાર્મલીહાઇડ અનેક પ્રકારના પ્લાસ્ટિકમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ રસાયણ ચામડી પર દાણા પેદા કરે છે. લાંબા સમય સુધી તેના સંપર્કમાં રહેવાથી દમ અને શ્વાસના રોગો પેદા થાય છે. નાના પાઉચમાં ગરમ ચા લઇ જવામાં આવે છે, તે ખૂબ હાનિકર્તા છે. તરત જ ખ્યાલ આવતો નથી, પરંતુ લાંબા ગાળે કેન્સરનું કારણ બની શકે છે. વધારે ગરમ ચીજો સાથે પ્લાસ્ટિકનું રિએક્શન થાય છે અને કેન્સર પેદા કરનાર તત્ત્વ પેદા થાય છે. પ્લાસ્ટિકના ડબામાં કોઇ ગરમ પદાર્થ મૂકતા નહીં અથવા તેમાં રાખીને તેને ગરમ કરશો નહીં.

પ્લાસ્ટિક કચરાને બાળવો હાનિકારક છે. એક કિલો પ્લાસ્ટિકનો કચરો બળે છે ત્યારે ત્રણ કિલો કાર્બન વાયુ નીકળે છે. જે ગ્લોબલ વૉર્મિંગ પેદા કરે છે

બારી-દરવાજામાં ઉપયોગી પીવીસી પ્લાસ્ટિક ક્લોરાઇડમાંથી બનાવાય છે. આ રસાયણ મગજ તથા લીવરનું કેન્સર પેદા કરે છે

આટલુ જાણ્યા પછી પ્રત્યેક નાગરિકોએ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા આગળ આવવાની જરૂર છે.

## જામનગરમાં પ્રથમવાર આર્યભટ્ટ મેથ્સ કલબ- ક્રિએટિવ મેથ્સ કોર્ષ'નો પ્રારંભ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ગુજકોસ્ટ ગાંધીનગર -રિત અને એમ ડી મહેતા એજ્યુકેશન ટ્રસ્ટ ધ્રોલ સંચાલિત એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધ્રોલ દ્વારા જામનગર જિલ્લાના બાળકો માટે જામનગરમાં પ્રથમવાર આર્યભટ્ટ મેથ્સ કલબમાં "ક્રિએટિવ મેથ્સ માસ્ટર કોર્ષ - ૨૦ પગલાં સફળતાનાંનો શુભારંભ જુલાઈ માસના પ્રથમ રવિવારથી લોકવિજ્ઞાનકેન્દ્ર ધ્રોલ સ્થળે સવારે ૯થી ૧૨ થનાર છે .બાળકોમાં ગણિત વિષય પ્રત્યેની રુચિ વધે અને ડર દૂર થાય તેવા ઉમદા હેતુથી આ ખાસ કોર્ષ ડિઝાઈન કરવામાં આવ્યો છે.

આ સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારા પ્રોગ્રામમાં કુલ ૨૦ ક્રિએટિવ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ ૫ થી ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વિદ્યાર્થીઓએ વર્ષમાં માત્ર ૧૦ રવિવાર (મહિનાના ૧/૩ અથવા ૨ અને ૪ રવિવારે) હાજરી આપવાની રહેશે. જેનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ (૩ કલાક) નો રહેશે. દરેક રવિવારે ૨ ક્રિએટિવ વર્કશોપની તાલીમ આપવામાં આવશે.

આ વર્કશોપમાં ગણિતના ૨૦ અલગ-અલગ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગણિત પ્રયોગો, ગણિત રમતો, ગણિત વર્કિંગ મોડેલ્સ, વૈદિક ગણિત હેક્સ, બેઝિક ગણિત, 3D ગણિત, ઓરીગામી ગણિત, ગણિત પઝલ્સ, એન્જિનિયરીંગ મેથ્સ, ફિબોનાકી પ્રવૃત્તિ, ગણિત ક્વિઝ, વર્ગ-વર્ગમૂળ, ઘન-ઘનમૂળ, શોર્ટકટ કી, ઘનફળ-ક્ષેત્રફળ, ટેબલની સરળ રીતો, અવયવીકરણ અને અવયવી, ભૂમિતિય ગણિત, પાયથાગોરસ ગણિત અને સંખ્યાનો જાદુ વગેરેનો સમાવેશ થાય છે.

આ સમગ્ર કોર્ષ "આર્યભટ્ટ મેથ્સ ક્લબ" ના ગણિત બાળકોનું અધિવેશન બની રહેશે. આ કોર્ષમાં જે બાળકની હાજરી ૮૦ ટકા કે તેથી વધુ હશે તેને પ્રખ્યાત ગણિતશાસ્ત્રીના હસ્તે એક્ટીવ ક્રિએટીવ મેથ્સ માસ્ટરના એવોર્ડથી સન્માનિત કરવામાં આવશે.

બાળકો સરળતાથી જોડાઈ શકે તે માટે ફી ખૂબ જ વ્યાજબી રાખવામાં આવી છે. "સરકારી શાળા રૂ. ૧૦૦૦/- (માત્ર રૂ. ૫૦ પ્રતિ વર્કશોપ) અર્ધ સરકારી શાળાં રૂ. ૧૨૦૦/- (માત્ર રૂ. ૬૦ પ્રતિ વર્કશોપ) "બિન સરકારી (ખાનગી) શાળા રૂા. ૧૪૦૦/- (માત્ર રૂા. ૭૦ પ્રતિ વર્કશોપ)

આ ક્રિએટિવ મેથ્સ કોર્ષમાં બાળકોને જોડવા અને વધુ માહિતી મેળવવા માટે સંસ્થાના ડો. સંજય પંડ્યા (મો. ૯૯૭૯૨૪૧૧૦૦) અથવા વિજ્ઞાન કેન્દ્રના હેલ્પલાઈન નંબર (મો. ૯૪૯૯૫૬૪૪૮૧) પર સંપર્ક કરવા એમ. ડી. મહેતા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, દરબારગઢ, ધ્રોલ દ્વારા જણાવાયું છે.

**CHANGE OF NAME**

OLD NAME: DINESHKUMAR SHANKARBHAI NEW NAME: DINESH SHANKARBHAI PATEL ADDRESS: 210-1-2, KUMBHAR FALIA, DABHEL, NANI DAMAN, DAMAN 396210.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM BHAVYATA MANHARBHAI MITNA TO BHAVYATA MANHAR MITNA ADDRESS : 15/239, KHARIWAD, BEHIND SARVAJANIK SCHOOL, NANI DAMAN-396210.

**No. MAM/KNVL/RBD-DNH/161/2026/783** **Dated 18/06/2026**

**APPLICANT - SMT. FATIMA ANVAR SHAIKH? R/o. Karbharipada, Sindoni, DNH. Mob.: 9904949963/6359512434**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Sindoni**

**NOTICE**

The public to take note that applicant Smt. Fatima Anvar Shaikh, R/o. Karbharipada, Sindoni, DNH has applied for registration of the birth of self namely Fatima Anvar Shaikh, D/o. Memuna Anvar Shaikh, who was born on 09/07/1987 at Hattipada, Khedpa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Sindoni.
Therefore, the applicant has requested to issue an order to register birth of herself Fatima Anvar Shaikh, D/o. Memuna Anvar Shaikh.
Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.
This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli, Khanvel.**

**THE PUBLIC TRUSTS REGISTRATION OFFICE, GREATER MUMBAI REGIÓN, MUMBAI**
Dharamdaya Ayukta Bhavan, 1st Floor, Sasmira Building, Sasmira Road, Worli, Mumbai-400030

**PUBLIC NOTICE OF INQUIRY**

Change Report No. **DYCC/ 4799/ 2026**
Filed by **Mrs. Sonia Gandhioke**
In the matter of **"MAHARSHI DAYANAND EDUCATION SOCIETY"**
**P.T.R. No F-992 (Mumbai)**

To,
All concerned having interest -

Whereas the above Reporting Trustee of the above trust has filed a Change Report u/s 22 of the Maharashtra Public Trusts Act, 1950 for bringing the below described property on the record of the above named trust and an inquiry is to be made by the Ld. Deputy Charity Commissioner, Greater Mumbai Region, Mumbai, Viz.

1) Whether this property is the property of the trust? And could it be registered in the trust's name?

**TO ADD:**

The immovable property mentioned herein below in the records of the Trust:
"All that piece or parcel of Non-Agricultural land or ground, along with industrial shed consisting of Ground, First and Second Floor, total built-up area admeasuring 6004.09 Sq. Ft., standing on land bearing Survey No. 174/3 (49), admeasuring 750 Sq. Mtrs., known as Panchal Udyog Nagar, situated at Village Bhimpore, Taluka of Daman, District and Sub-District of Daman, Daman- 396210."

The above property was acquired for a total Consideration of Rs. 25,00,000/- (Rupees Twenty Five Lacs only).

This is to call upon you to submit your objections or any evidences if any, before the Ld. Deputy Charity Commissioner, Greater Mumbai Region, Mumbai the above office address within 30 days from the date of publication of this notice in written, if not received anything within given period, the inquiry would be completed and necessary orders will be passed.

Given under my hand and seal of the Hon'ble Deputy Charity Commissioner, Greater Mumbai Region, Mumbai.

This **29th** day of **June, 2026.**

Seal

**Sd/-**
**Superintendent-J**
**Public Trust Registration Office, Greater Mumbai Region, Mumbai.**

**No. MAM/KNVL/RBD-DNH/168/2026/984** **Dated 19/06/2026**

**APPLICANT - SMT. RAZIA JIVASA SHAIKH R/o. 608, Govind Tower, Bavisa Faliya, Silvansa, DNH Mob.: 9824147446 / 9824547446**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Sindoni**

**NOTICE**

The public to take note that applicant Smt. Razia Jivasa Shaikh, w/o. Rafik Sayyed, R/o. 608, Govind Tower, Bavisa Faliya, Silvassa, DNH has applied for registration of birth of self namely Razia Jivisa Shaikh, D/o. Amina Jivasa Shaikh, who was born on 15/11/1970 at Hattipada, Khedpa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Sindoni.
Therefore, the applicant has requested to issue an order to register birth of herself Razia Jivasa Shaikh, D/o. Amina Jivasa Shaikh.
Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.
This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector**
**Dadra and Nagar Haveli, Khanvel.**

**પાવરગ્રિડ POWERGRID**

**નોટિસ**

૧.વીજ અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૬૨ સાથે વાંચવામાં આવેલ કલમ ૭૯ (૧) (ડી) અને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (કન્ડક્ટ ઓફ બિઝનેસ) રેગ્યુલેશન્સ, ૨૦૨૩ના રેગ્યુલેશન ૧૫ (૧) (એ) અને રેગ્યુલેશન ૨૩ હેઠળ, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (ટેરિફ રેગ્યુલેશન્સના નિયમો અને શરતો) ૨૦૨૪ સાથે વાંચવામાં આવેલ નિયમન ૧૫ (૧) (એ) અને રેગ્યુલેશન ૨૩ હેઠળ ડીઓસીઓ તરફથી ૩૧.૦૩.૨૦૨૯ સુધી ટેરિફ નક્કી કરવા માટેની અરજી. **એસેટ-૧ :** ૭૬૫ કેવી ન્યૂ નવસારી (જીઆઈએસ) - પડઘે (જીઆઈએસ) ડી/સી ટ્રાન્સમિશન લાઇન સાથે નવા નવસારી (જીઆઈએસ) અને પડઘે (જીઆઈએસ) ખાતે સંકળાયેલ ખાડીઓ અને દરેક સર્કિટ પર 765 kV, 1 × 330 MVAr સ્વિચેબલ લાઇન રિએક્ટર. નવા નવસારી છેડે સંકળાયેલ ખાડીઓ સાથે. **એસેટ-૨ :** ૪૦૦/૨૦૦ kV, ૫૦૦ MVA ICT-3 સાથે નવા નવસારી (જીઆઈએસ) S/S ખાતે સંકળાયેલ ખાડીઓ, **એસેટ -૩ :** ૪૦૦ kV નવી નવસારી (જીઆઈએસ)-કાલા (જીઆઈએસ) D/C ટ્રાન્સમિશન લાઇન સાથે નવા નવસારી (જીઆઈએસ) અને કાલા (જીઆઈએસ) ખાતે સંકળાયેલ ખાડીઓ અને ૪૦૦ kV, દરેક સર્કિટ પર 1 x 63 MVAr સ્વિચેબલ લાઇન રિએક્ટર સાથે નવા નવસારી (જીઆઈએસ) ખાતે સંકળાયેલ ખાડીઓ અને 765kV, 1 x 80 MVAr સિંગલ ફેઝ સ્વિચેબલ સ્પેર યુનિટ (અમદાવાદ - નવસારી (નવું) (દક્ષિણ ગુજરાત) માટે ૭૬૫ kV D/c લાઇન) પશ્ચિમ ક્ષેત્રમાં ગુજરાતમાં 'ટ્રાન્સમિશન નેટવર્ક વિસ્તરણ, ISTS, ભાગ-B' થી ATC વધારવા હેઠળ.

૨.ઉપર દર્શાવેલ ટ્રાન્સમીશન સિસ્ટમના લાભાર્થીઓ : (૧) MPPMCL, જબલપુર (૨) MSEDCL, મુંબઈ (૩) GUVNL, વડોદરા (૪) ઈલેક્ટ્રિકિટી વિભાગ, ગોવા સરકાર, પણજી, (૫) DVHDDPCL, સિલવાસા (૬) CSPDCL, રાયપુર (૭) CTUIL

**૩. દરોની વિગતો :**

**પ્રોજેક્ટના એસસીઓડી : ૩૦.૦૬.૨૦૨૩** **(રૂા.લાખમાં)**

| એસેટ | એસેટ-૧ | એસેટ-૨ | એસેટ-૩ |
|---|---|---|---|
| પ્રોજેક્ટ માટે એફઆર મંજૂર ખર્ચ | ૨૪૮૨૩૦.૮૩ | ૩૯૫૭.૩૭ | ૨૯૭૫૪.૬૩ |
| અંદાજિત પૂર્ણ ખર્ચ | ૨૬૯૯૧૬.૪૮ | ૫૩૦૦.૮૯ | ૧૦૨૭૩૩.૪૮ |

**૨૦૨૪-૨૯ના ટેરિફ બ્લોક માટે ટ્રાન્સમીશન દરો**

(રૂા.લાખમાં)

| એસેટ નં. | એસેટનું નામ અને તેનું સ્થળ | સીઓડી | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ | ૨૦૨૬-૨૭ | ૨૦૨૭-૨૮ | ૨૦૨૮-૨૯ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એસેટ-૧ : ૭૬૫ કેવી ન્યૂ નવસારી (જીઆઈએસ) - પડઘે (જીઆઈએસ) ડી/સી ટ્રાન્સમિશન લાઇન સાથે નવા નવસારી (જીઆઈએસ) અને પડઘે (જીઆઈએસ) ખાતે સંકળાયેલ ખાડીઓ અને દરેક સર્કિટ પર 765 kV, 1 × 330 MVAr સ્વિચેબલ લાઇન રિએક્ટર. નવા નવસારી છેડે સંકળાયેલ ખાડીઓ સાથે. | ૩૦.૦૩.૨૦૨૬ | લાગુ નથી | ૧૬૩.૫૬ | ૩૨૬૨૭.૩૯ | ૩૭૦૬૯.૭૬ | ૩૮૮૪૦.૫૩ |
| ૨ | એસેટ-૨ : ૪૦૦/૨૦૦ kV, ૫૦૦ MVA ICT-3 સાથે નવા નવસારી (જીઆઈએસ) ખાતે સંકળાયેલ ખાડીઓ | ૨૫.૦૪.૨૦૨૬ | લાગુ નથી | લાગુ નથી | ૭૮૬.૨૮ | ૯૦૮.૨૯ | ૯૫૬.૪૩ |
| ૩ | એસેટ - ૩ : ૪૦૦ kV નવી નવસારી (જીઆઈએસ)-કાલા (જીઆઈએસ) D/C ટ્રાન્સમિશન લાઇન સાથે નવા નવસારી (જીઆઈએસ) અને કાલા (જીઆઈએસ) ખાતે સંકળાયેલ ખાડીઓ અને ૪૦૦ kV, દરેક સર્કિટ પર 1 x 63 MVAr સ્વિચેબલ લાઇન રિએક્ટર સાથે નવા નવસારી (જીઆઈએસ) ખાતે સંકળાયેલ ખાડીઓ અને 765kV, 1 x 80 MVAr સિંગલ ફેઝ સ્વિચેબલ સ્પેર યુનિટ (અમદાવાદ - નવસારી (નવું) (દક્ષિણ ગુજરાત) માટે ૭૬૫ kV D/c લાઇન) | ૧૩.૦૫.૨૦૨૬ | લાગુ નથી | લાગુ નથી | ૭૪૫૬.૯૪ | ૧૦૮૯૦.૦૮ | ૧૩૬૬૨.૭૪ |

૪.દરો નિર્ધારીત કરવા માટે કરાયેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ www.powergrid.in પર મુકવામાં આવી છે.

૫. જો દરો નિર્ધારીત કરવાની દરખાસ્ત માટેની અરજી અંગે લાભાર્થીઓ સહિત કોઈપણ વ્યક્તિને જો કોઈ સૂચનો કે વાંધો હોય તો એ સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન, છઠ્ઠો, સાતમો અને આઠમો માળ, ટાવર-બી, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, નૌરોજી નગર, નવી દિલ્હી -૧૦૦૨૯ (અથવા કમિશનની કચેરી જ્યાં સ્થિત હોય એ અન્ય સરનામે) અરજદારને એની એક નલક સાથે તેની કોર્પોરેટ ઓફિસના સરનામે આ નોટિસના પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસમાં મોકલી અરજી કરી શકે છે.

**સ્થળ : ગુરગાંવ** **સહી/-**
**તારીખ : ૨૫.૦૬.૨૦૨૬** **સિનિયર ડેપ્યુટી જનરલ મેનેજર (કોમર્શિયલ)**

**પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લીમીટેડ**
(ભારત સરકારનું સાહસ)
**કોર્પો. ઓફિસ:** "સૌદામિની" પ્લોટ નં.૨, સેક્ટર-૨૯, ગુરગ્રામ, હરિયાણા-૧૨૨૦૦૧
**રજી. ઓફિસ:** બી-૯, કુતુબ ઈન્સ્ટીટ્યુશનલ એરીયા, કટવારીયા સરઈ, નવી દિલ્હી- ૧૧૦૦૧૬

**એક મહારત્ન પીએસયુ**

PG/CC/Notice-36/Advt-39/2026-27/Expression

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,**

રજી. ૪૬/૨૦૨૫

**અરજદાર :-** **મેરલકુમાર પ્રવિણભાઈ પટેલ**
રહે. સોંઢલવાડા માહ્યાવંશી ફળિયું, તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી સોંઢલવાડા
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **મેરલકુમાર પ્રવિણભાઈ પટેલ**, રહે. સોંઢલવાડા માહ્યાવંશી ફળિયું તા.પારડીનાએ તેઓના દાદી **પટેલ જસીબેન જયસિંગભાઈનું** મરણ તા.૨૭/૧૦/૨૦૦૩ના રોજ મોજે- સોંઢલવાડા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૪૬-૨૦૨૫/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી./જન્મ/રજી નં.૬૭/૨૦૨૬ તા.૨૩/૦૬/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:- પટેલ નમલાભાઈ રવિયાભાઈ, રહે. આહિર ફ. કાનુરબરડા, ધરમપુર, તા. ધરમપુર જી.વલસાડ**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને ચીફ ઓફીસરશ્રી ધરમપુર નગરપાલિકા, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પટેલ નમલાભાઈ રવિયાભાઈ** રહે. આહિર ફ. કાનુરબરડા,ધરમપુર, તા.ધરમપુર જી.વલસાડના પુત્રી **પટેલ ભારતીબેન નમલાભાઈ**નો જન્મ તા.૦૮/૦૬/૧૯૭૫નાં રોજ ધરમપુર ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

## ૧૧મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાજંલી



સ્વ.ઝીણીબેન બાલુભાઈ રાઠોડ
સ્વ. તા.૦૩/૦૭/૨૦૧૫

આપના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રભુને પ્રાર્થના

લિ. સમસ્ત રાઠોડ પરિવાર

સરનામું : મોગરાવાડી, મેઈન રોડ, વલસાડ










Friday 03, July 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## વાપીનો ઘરફોડ ચોરીનો આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રાત્રીના ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર અને વોન્ટેડ આરોપીને વલસાડ જિલ્લા એલસીબીએ ઝડપી પાડ્યો છે. પોલીસને મળેલી બાતમીના આધારે આરોપીને વાપીના ચાર રસ્તા નજીક ડી.સી.બી. બેંક પાછળ આવેલી બિલ્ડિંગના પહેલા માળેથી ઝડપી લેવામાં આવ્યો હતો.

ઝડપાયેલ આરોપીની ઓળખ શ્રીકાંત ઉર્ફે અર્જુન કોશલકુમાર રામબચન મિશ્ર (ઉ.વ. ૨૩) તરીકે થઈ છે. તે હાલમાં વાપીમાં રહેતો હતો અને મૂળ ઉત્તર પ્રદેશના મહોબલી શહેર જિલ્લાના રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપી સામે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૩માં ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયો હતો અને ત્યારથી તે ફરાર હતો.

### નાર્કોટિક કન્ટ્રોલ બ્યુરો અને વીઆઈએના ઉપક્રમે સેમીનાર યોજાયો

## વાપીના ઉદ્યોગકારોને ડ્રગ્સ માફિયાઓથી ચેતવવા અનુરોધ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપીમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો અમદાવાદ ઝોનલ યુનિટ અને વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા સંયુક્ત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ડ્રગ્સના ગેરકાયદે ઉત્પાદનમાં વપરાતા પૂર્વવર્તી રસાયણો અને નિયમનકારી પદાર્થોના ડાયવર્ઝનને રોકવા માટે સ્વૈચ્છિક આચારસંહિતા જાહેર કરવામાં આવી હતી. આ પહેલ નશા મુક્ત ભારત રાષ્ટ્રીય સંકલ્પનો એક ભાગ છે.

આ સેમિનાર મા અને શી બી ના ડાયરેક્ટર જનરલ અનુરાગ ગર્ગના માર્ગદર્શન હેઠળ દેશભરમાં ચાલી રહેલા આઉટરીચ પ્રોગ્રામનો એક ભાગ હતો. જ્યારે ફ્ઘ્ના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ મનીષ કુમાર એ કેમિકલ ઉદ્યોગ માટે આ સ્વૈચ્છિક આચારસંહિતા રજૂ કરી હતી. મનીષ કુમારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સિન્થેટિક ડ્રગ્સના વધતા દૂષણને રોકવા માટે માત્ર કાયદાકીય કડકાઈ કે તપાસ એજન્સીઓની કાર્યવાહી પૂરતી નથી. તેમણે કેમિકલ ઉદ્યોગ અને વહીવટી તંત્ર વચ્ચે મજબૂત પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશિપની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો. અને ડ્રગ માફિયાઓ કાયદાની પકડથી બચવા માટે સતત નવા રસાયણો અને વૈકલ્પિક પદાર્થોનો ઉપયોગ કરી રહ્યા છે.તેમણે કેમિકલ ઉત્પાદકો, નિકાસકારો, ટ્રાન્સપોર્ટર્સ અને વેપારીઓને શંકાસ્પદ પ્રવૃત્તિઓ, અસામાન્ય ઓર્ડર અથવા અંતિમ ઉપયોગ છુપાવવાના પ્રયાસોને ઓળખવા જણાવ્યું હતું. ઉદ્યોગોને આચારસંહિતા અપનાવીને ગ્રાહક વેરિફિકેશન અને ઈન્ટરનલ ઓડિટ સિસ્ટમ મજબૂત કરવા તેમજ શંકાસ્પદ લેવડદેવડની માહિતી તુરંત ફ્ઘ્ સાથે શેર કરવા વિનંતી કરવામાં આવી હતી.

આ સેમિનારમાં ફ્ઘ્ના એડિશનલ ડાયરેક્ટર પાટીલ કેતન બલિરામ, સ્ત્ભ્ના પ્રમુખ સતીષ ભાઈ પટેલ, ટ્રેઝરર રાજુલ શાહ, જોઈન્ટ સેક્રેટરી ચંદ્રેશભાઈ મારુ અને અવીક ફાર્માસ્યુટિકલના પ્રમુખ ડૉ. છેડા અભયકુમાર સહિત અગ્રણી કેમિકલ અને ફાર્મા ઉદ્યોગોના ૨૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વલસાડમાં પૂર્વ પતિનું કારસ્તાન

## પૂર્વ પત્નીની નકલી સહીથી ખાતું ખોલાવી લાખોની છેતરપિંડી કરી!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** વલસાડના ધરમપુર પરની ઈરમા એપાર્ટમેન્ટ અને હાલ અમેરિકામાં રહેતી પત્નીના નામે પૂર્વપતિની નકલી સહી કરી બેંકમાં ખાતું ખોલાવી લાખો રૂપિયાની નાણાકીય હેરાફેરી કરતા પત્નીએ પૂર્વ પતિ વિરુદ્ધ વલસાડ સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા ખળભડાટ મચી ગયો છે. ધરમપુર રોડ પર આવેલ ઈરમા એપાર્ટમેન્ટમાં રહેતા પ્રિયંકાબેન પ્રતિકભાઈ દેસાઈ (ઉ.વ. ૪૦) એ તેમના પૂર્વ પતિ પ્રતિક પ્રફુલચંદ્ર દેસાઈ સાથે વર્ષ ૨૦૦૭ માં પ્રિયંકાબેનના લગ્ન પ્રતિક દેસાઈ સાથે થયા હતા. પ્રિયંકાબેન વર્ષ ૨૦૦૬ થી વલસાડમાં પી.જી. ફર્મ નામની મેડિકલ એજન્સી ચલાવતા હતા, જેના તેઓ એકમાત્ર માલિક હતા. વર્ષ ૨૦૧૭ માં તેઓ કામ અર્થે યુ.એસ.એ. ગયા હોવાથી, તેમણે એજન્સીનો વહીવટ સંભાળવા માટે તેમના પતિ પ્રતિક દેસાઈને જનરલ પાવર ઓફ એટર્ની આપી હતી. વર્ષ ૨૦૨૧ માં બંને વચ્ચે મતભેદો થતાં કોર્ટ મારફતે છૂટાછેડા થયા હતા. ત્યારબાદ પ્રિયંકાબેનને જાણવા મળ્યું હતું કે, તેમની સંમતિ લીધા વગર તારીખ ૦૫/૦૮/૨૦૨૨ ના રોજ પ્રતિક દેસાઈએ ઈન્ડસઈન્ડ બેંક વલસાડ શાખામાં પી.જી. ફર્મના પ્રોપ્રાયટર તરીકે પ્રિયંકાબેનના નામ, સરનામા, ફોટોગ્રાફ અને હોદ્દાના સિક્કાનો દુરુપયોગ કર્યો હતો.

પૂર્વ પતિએ બેંકના ફોર્મમાં પ્રિયંકાબેનની બોગસ સહી કરી, ખોટા દસ્તાવેજોને સાચા તરીકે રજૂ કરીને બેંક એકાઉન્ટ ખોલાવી લીધું હતું. આ ખોટા બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી પ્રતિક દેસાઈએ જુદા-જુદા સમયે મોટા પ્રમાણમાં નાણાકીય વ્યવહારો કર્યા હતા. પ્રિયંકાબેન જ્યારે યુ.એસ.એ. માં હતા, ત્યારે આ ખાતામાંથી ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરી, પેઢીની મૂડી, માલ-સામાનનો નફો અને ગુડવિલની રકમ પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી નાખી ગુનાહિત વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ છે. આ મામલે પ્રિયંકાબેન દ્વારા ગત એપ્રિલ ૨૦૨૬ માં પ્રતિક દેસાઈને પાવર ઓફ એટર્ની રદ કરવાની અને હિસાબ આપવાની કાનૂની નોટિસ મોકલવામાં આવી હતી. તેમ છતાં પૂર્વ પતિ તરફથી કોઈ ખુલાસો કે હિસાબ ન આપવામાં આવતા વલસાડ સીટી પોલીસ મથકમાં વિશ્વાસઘાત, દસ્તાવેજોમાં છેડછાડ અને છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



દમણમાં વરસતા વરસાદ, ચારે તરફ છવાયેલી હરિયાળી અને અરબી સમુદ્રના ઊંચા મોજા પ્રવાસીઓને વિશેષ આકર્ષિત કરી રહ્યા છે. રામસેતુ અને નયા ભારત વિસ્તાર પાસે સમુદ્રના ઊંચા ઊંચા મોજાં જોવા માટે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો અને પ્રવાસીઓ ઉમટી રહ્યા છ. પ્રવાસીઓ કુદરતી સૌંદર્યનો આનંદ માણવાની સાથે ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી પણ કરી રહ્યા છે. (તસવીર : પ્રદિપ ભાવસાર, દમણ)

## વાપી બજારમાં ડિવાઈડર હટાવાતાં જ વાહનચાલકોને મોકળું મેદાન!



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપી મુખ્ય બજારમાં રસ્તો બનાવ્યો પરંતુ અગાઉ જે ડીવાઈડર હતા તે તોડીને હટાવી દેવામાં આવતા રાત્રિ દરમિયાન આ માર્ગ ઉપરથી બેફામ બાઈક અને વાહનો દોડતા સ્થાનિક લોકો પરેશાન બન્યા છે.

વાપી મહાનગરપાલિકા દ્વારા મુખ્ય બજારમાં સ્થાનિક લોકો તેમજ દુકાનદારોને ભરતી મુશ્કેલીઓ દૂર કરવા માટે દોઢ ફૂટ જેટલો રસ્તો ખોદી ફીલિંગ કરી ફરીથી બનાવવામાં આવ્યો સાથે રસ્તાની બંને બાજુ ફૂટપાટ અને ડ્રેનેજ લાઈન તેમજ વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી પરંતુ આ રસ્તાની વચ્ચે બનાવવામાં આવેલ વર્ષો જૂની ડિવાઈડર અને સ્ટ્રીટ લાઈટ ના પોલ નહીં લગાવતા તેમજ આ રસ્તા ઉપર રોજ રાત્રે દરમિયાન કેટલાક કાર અને બાઈક ચાલકો ફુલ સ્પીડમાં ચલાવી રસ્તે ચાલતા રાહદારી તેમજ અન્ય વાહન ચાલકને અટફેટમાં લઈ મુશ્કેલીમાં મૂકી રહ્યા છે જેને લઇ અહીં થી પસાર થતાં વાહન ચાલકો તેમજ સ્થાનિક લોકો દ્વારા મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ડિવાઈડર અને સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવે તેવી માંગ કરાવી રહી છે.

જોકે ગઈકાલે મોડી રાત્રે ભીલાડ નજીકના એક ગામમાં રહેતા યુવાન તેની બાઈક લઈને વાપી ઝંડા ચોક થી નવા રેલવે અન્ડરવેર તરફ જઈ રહ્યો હતો તે દરમિયાન પાછળથી આવેલા ત્રણથી ચાર જેટલા ફુલ સ્પીડમાં બાઈક ચાલકોએ તેને અટકેટમાં લેતા તેને માથામાં તથા પગમાં ગંભીર ઈજા થવા પામી હતી જોકે તાત્કાલિક ૧૦૮ ને બોલાવી નજીકની હોસ્પિટલમાં ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. અહીં વાપી સરદાર ચોકથી ઝંડા ચોક સુધીનો માર્ગ બનાવ્યો ત્યારથી અહીં રોજ રાત્રે બાઈક ચાલકોનો આતંક ફેલાયેલો જોવા મળી રહ્યો છે જે અંગે તાત્કાલિક વહીવટી તંત્ર તેમજ વાપી મહાનગરપાલિકા નું તંત્ર દ્વારા જરૂરી કાર્યવાહી કરવા ની માંગ કરાઈ રહી છે.

## વલસાડમાં સતત ત્રીજા દિવસે વરસાદ જારી

### મોટા બજારની જૂની લાયબ્રેરીનું મકાન, નિર્માણાધીન કમ્પાઉન્ડ વોલ અને વૃક્ષ, અને જર્જરીત અને દીવાલ તૂટી પડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨** વલસાડમાં સતત ત્રીજા દિવસે પવન સાથે વરસાદ પડતા પોલિટેકનિક કોલેજ રોડ પર વૃક્ષ અને મોટા બજાર માણેક શા લાયબ્રેરી' તિથલ રોડ પર બિલ્ડિંગની કમ્પાઉન્ડ વોલ તૂટી પડી હતી.વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી સતત વરસાદી માહોલ જામ્યો છે. સતત વરસી રહેલા વરસાદ વચ્ચે આજે વલસાડ શહેરના કોસંબા રોડ પર આવેલા પોલિટેકનિક કોલેજ પાસે એક વૃક્ષ અચાનક ધરાશાયી થઈ ગયું હતું. વૃક્ષ રોડ પર જ તૂટી પડવાના કારણે કોલેજ તરફ જતો એક સાઈડનો આખો રસ્તો સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. આ ઘટનાને પગલે કોલેજે આવતા-જતા વિદ્યાર્થીઓ અને વાહનચાલકો વચ્ચે ભારે હાલાકી પડી હતી..ઘટનાની ગંભીરતાને જોઈને સ્થાનિક રહીશો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને આ અંગે વહીવટી તંત્રને જાણ કરી હતી. રસ્તા પરથી વૃક્ષ હટાવી દેવામાં આવતા ફરી વાહનોની અવરજવર શરૂ થઈ હતી.વલસાડ શહેરના મોટા બજામાં આવેલી ઐતિહાસિક અને લાંબા સમયથી જર્જરિત હાલતમાં રહેલી 'માણેક શા લાયબ્રેરી' વરસાદી પાણી થી પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. આ ઉપરાંત, તિથલ રોડ પર બ્રહ્મકુમારી સેન્ટર પાસે એક નિર્માણાધીન બિલ્ડિંગની કમ્પાઉન્ડ વોલ પણ ભારે વરસાદના કારણે તૂટી પડવાની ઘટના બની હતી.

## વાપીમાં બેફામ વાહનો હંકારતા ચાર સામે ગુનો દાખલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપી જીઆઈડીસી વિસ્તારમાં બેફામ રીતે વાહનઅંકારનારા સામે પોલીસે લાલા કરી છે.

વાપી જીઆઈડીસી પોલીસે રીક્ષા ચાલક મોહમ્મદ નસીબ રહેવાસી ભિલાડ નરોલી રોડની બાજુમાં જે બેફામ રીતે રિક્ષા હંકાળતો હોય તેની સામે ગુનો દાખલ કર્યો હતો.

એ જ રીતે આપી સેલવાસ રોડ પર ડી માર્ટ સામે રોંગ સાઈડથી મારુતિ ઈકો કાર ચલાવી અકસ્માત થાય તે રીતે વાહન કરતા રાજુ હિરુભાઈ પટેલ રહેવાસી દ્વારા ખડકી ડુંગરી ઉદવાડા તેની સામે પણ ગુનો દાખલ કર્યો હતો.

જ્યારે અન્ય એક રીક્ષા ચાલક રાજીવ રમેશ શાહુ તે પણ બેફામ રીતે રીક્ષા હંકાર તો હોય તેની સામે પણ ગુનો દાખલ કર્યો જ્યારે પાપી ચાર રસ્તા પેરેડાઈઝ હોટલ સામેથી તોફીક રજા કમલુદ્દીન ખાન નામક રિક્ષાચાલકની પણ બેફામ રીતે રીક્ષા કરવા માટે ગુનો નોધી વાપી જીઆડીસી પોલીસના હેડ કોન્સ્ટેબલ સર્જન સિંહે કાર્યવાહી હાથ કરી હતી.

## બે જિલ્લાનો ફરાર આરોપી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨** વલસાડ અને નવસારી જિલ્લાના અલગ-અલગ ચાર પોલીસ સ્ટેશનના દારૂના ગુનાઓમાં લાંબા સમયથી નાસતા-ફરતા એક આરોપીને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. વલસાડ જિલ્લા પોલીસવડા યુવરાજસિંહ જાડેજાની સૂચનાના આધારે વલસાડ સીટી પોલીસ સ્ટેશનના પી. આઈ. આર.એચ. વાળાના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની ટીમ ને બાતમીના આધારે વલસાડ સીટી પોલીસ સ્ટેશનના દારૂના ગુનાના મુખ્ય આરોપીહુસૈન ઉર્ફે કાદર જીવામીયા શેખ ઉં. વ. ૩૭ રહે. અનાવલ ગામ, મસ્જીદ ફળીયુ, તા. મહુવા, જી. સુરત. ને ઝડપી પાડ્યો છે પકડાયેલા દારૂનો આરોપી હુસેન શેખ જેવો વલસાડ સીટી પોલીસ, વલસાડ રૂરલ પોલીસ મથક , નવસારી રૂરલ પોલીસ મથક, પારડી પોલીસ મથક માં દારૂના ગુનાનો વોન્ટેડ હતો.

## રાનવેરી કલ્લામાં માસાએ સગીર ભત્રીજીને ગર્ભવતી બનાવતાં ફરિયાદ

### એકલતાનો લાભ લઈ દુષ્કૃત્ય કરી માતા પિતાને જાનથી મારી નાખવાનો ડર બતાવી ચૂપ રહેવા મજબૂર કરી : ૬ માસનો ગર્ભ રહેતાં ભોપાળું બહાર આવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૨ :** ચીખલી તાલુકાના રાનવેરીકલ્લા ગામે સંબંધી માસાએ સગીર યુવતી ને છ મહિના અગાઉ અવારનવાર શારીરિક સંબંધ બાંધતા સગીર યુવતીને ગર્ભ રહી જતા જેની જાણ તેની માતાને થતા તેમજ દવાખાનામાં જઈ ચેક કરાતા છ મહિનાનો ગર્ભ હોવાનું બહાર આવતા યુવતી ની માતાએ સંબંધી માસા વિરુદ્ધ ચીખલી પોલીસમાં ફરિયાદ કરતા ચીખલી પોલીસે પોકસો એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવી પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના રાનવેરી કલ્લા ગામે રહેતા એક આદિવાસી પરિવારની સગીર દીકરી સાથે સંબંધી માસા મુકેશ ભગુ નાયકા પટેલ રહે ગણદેવા ઝાડી ફળીયા તા. ગણદેવી જેણે તારીખ ૨૦-૨૧. ૧૨. ૨૫ થી ત્યાર પછી ત્રણ ત્રણ દિવસ પછી ત્રણેક વાર આ સગીર યુવતીના ઘરે આવી માતા-પિતા મજૂરી કામે ગયેલા હોય જે એકલતાનો લાભ લઈ ઘરના દરવાજા બંધ કરી શારીરિક સંબંધ બાંધ્યા હતા અને આ વાતની જાણ તારા મમ્મી પપ્પાને કરશે.

તો તારા પરિવારને મારી નાંખા એવી ધમકી આપવામાં આવતા આ સંગીર યુવતી ખૂબ જ ગભરાઈ ગઈ હતી અને તેના માતા પિતાને આ વાતની જાણ કરી ન હતી પરંતુ સગીર યુવતી તેના બહેનના ઘરે રહેવા જતા અને ત્યાંથી પરીક્ષા આપવા જતા પરીક્ષા પૂર્ણ થયા બાદ બેને જણાવેલ કે તારું પેટ કેમ મોટું છે એમ વારંવાર પૂછતા જેણે સંબંધી માસાએ મારી સાથે સંબંધ બાંધ્યા હતા ત્યારબાદ સગીર યુવતીને દવાખાનામાં લઈ જઈ ચેક કરાતા સગીર યુવતીના કુખે છ મહિનાનો ગર્ભ હોવાનું બહાર આવ્યું હતું.

જોકે સમાજના ડરથી આ પરિવારે જે તે સમયે પોલીસ ફરિયાદ કરવાનું પણ તાળી દીધું હતું પરંતુ પરિવારના સભ્યોને આ વાતની જાણ થતા સગીર યુવતીની માતાને સમજાવતા સંબંધી માસા મુકેશ ભગુ નાયકા પટેલ વિરુદ્ધ ફરિયાદ કરતા ચીખલી પોલીસે પોક્સો એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પીઆઈ પીબી પટેલિયા કરી રહ્યા છે.

## અમલસાડમાં પરિણીતાએ જીવન ટૂંકાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૨ :** અમલસાડ માં જાણીતી બેકરી પરીવાર ની પુત્રવધુ એ લગ્નનાં એક વર્ષ જેટલા સમયગાળામાં બુધવાર સાંજે પોતાના સાસરે પંખા સાથે ઓઢણી બાંધી જીવન ટૂંકાવી લેતા ચકચાર મચી હતી. પિયરપક્ષ એ મૃતદેહ નો કબ્જો લેતા અનેક તર્ક વિતર્ક વહેતા થયા હતાં. વલસાડ, ધરમપુર નાં તીસ્કરી તલાટ ગામના દોણી ફળીયા માં રહેતી નિમિશા પટેલ (કુકણા) નાં લગ્ન અમલસાડ પ્રમુખ સ્વામી સોસાયટી માં રહેતા સંદીપ રમેશભાઈ પટેલ (કુકણા) સાથે એકાદ વર્ષ અગાઉ થયા હતા. દરમ્યાન બુધવાર સાંજે નિમિશા એ કોઈક અગમ્ય કારણસર સાસરીનાં ઘરે પહેલા માળે સિલિંગ પંખા સાથે ઓઢણી બાંધી જીવન ટૂંકાવી દીધું હતું. તે દરમ્યાન પતિ સંદીપ પટેલ એ બેકરી ઉપરથી ફોન કર્યા હતા. જે ન ઉપાડતા સંદીપ ત્વરિત ઘરે પહોંચ્યો હતો અને ઉપરના માળે તપાસ કરતા પત્ની પંખે લટકતી જોવા મળી હતી. જેને ઉતારી નજીકના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જતા ફરજ ઉપરના તબીબે મૃત જાહેર કરી હતી. સમગ્ર મામલે મૃતકનાં ભાઈ એ ગણદેવી પોલીસને જાણ કરતા ગણદેવી પીએસઆઈ કે આર નાયકા એ તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પિયરપક્ષ એ મૃતદેહ નો કબ્જો લીધો હતો. જેને કારણે અનેક તર્ક વિતર્ક વહેતા થયા હતા. પોલીસ તપાસ બાદ જ સત્ય સામે આવશે એવી ચર્ચા જાગી હતી.

## નેપાળમાં સાઉથ એશિયન રોકબોલમાં વલસાડનો આરવ પટેલ ઝળક્યો

### ભારત ચેમ્પિયન બની ગોલ્ડ મેડલ જીત્યું એ ટીમમાં વલસાડના ખેલાડીએ પણ યોગદાન આપ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૨ :** રમતગમત ક્ષેત્રે વલસાડ અને ગુજરાત નું નામ વૈશ્વિક સ્તરે રોશન કરવા માટે વધુ એક સોનેરી પીંછું ઉમેરાયું છે.

નેપાળના કાઠમંડુ ખાતે યોજાયેલી સાઉથ એશિયન રોકબોલ ચેમ્પિયનશિપ માં ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે વલસાડ જિલ્લાના અને પ્રતિભાવંત ખેલાડી આરવ અતીત પટેલની સત્તાવાર પસંદગી કરવામાં આવી હતી. આ ચેમ્પિયનશિપ માં ભારત, નેપાળ, શ્રીલંકા, બાંગલાદેશ, પાકિસ્તાન, માલદીવ, ભૂતાન અને અફઘાનિસ્તાન એમ આઠ દેશો ભાગ લીધો હતો.

તાજેતરમાં યોજાયેલી પ્રતિષ્ઠિત સાઉથ એશિયન રોકબોલ ચેમ્પિયનશિપમાં વલસાડના ઉભરતા ખેલાડીએ પોતાની અદભુત રમત અને સખત પરિશ્રમના જોરે ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક) જીતીને ઈતિહાસ રચી દીધો છે.

તેની સફળતાથી વલસાડ જિલ્લાના અન્ય ઉભરતા રમતવીરોને પણ નવી પ્રેરણા મળશે.આરવ અતીત પટેલ હાલ માં સ્વર્ણિમ ગુજરાત સપોર્ટ યુનિવર્સીટીમાં બી.એસ.સી ઈન સ્પોર્ટ કોચિંગ નો અભિયાસ કરી રહ્યો છે અને એ વોલીબોલ અને ક્રિકેટ નો પણ સારો ખેલાડી છે.

આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ રમતગમત પ્રેમીઓ, રાજકીય અને સામાજિક અગ્રણીઓએ આરવ અતીત પટેલને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

મેડલ જીતીને વતન ફરી રહેલા આરવનું ભવ્ય સ્વાગત કરવા એનો પરિવાર અને મિત્રો ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે.

# અવસાન બેસણું



**સ્વ. ગૌતમચંદ્ર રમાશંકર પાઠક**
**(સ્વ. તા. ૨૯-૦૬-૨૦૨૬) બગવાડા**

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે શ્રી ગૌતમચંદ્ર (બચુભાઈ) રમાશંકર પાઠકનું તા. ૨૯-૦૬-૨૦૨૬ ને સોમવારના દિને દુઃખદ અવસાન થયેલ છે.

**સદ્‌ગતનું બેસણું :**
તા. ૦૫-૦૭-૨૦૨૬ ને રવિવારના રોજ બપોરે ૦૩ થી ૦૫ કલાકે જૈન વાડી, બગવાડા, તા. પારડી ખાતે રાખવામાં આવેલ છે

નોંધ : બંને પક્ષનું સંયુક્ત બેસણું સાથે જ રાખવામાં આવેલ છે

લિ

પ્રકાશચંદ્ર રમાશંકર પાઠક
જવાહર ગૌતમચંદ્ર પાઠક
અનિષ ગૌતમચંદ્ર પાઠક
દુષ્યંત ગૌતમચંદ્ર પાઠક
મયંક પ્રકાશચંદ્ર પાઠક

સાસરા પક્ષ
રાજેન્દ્ર કરુણાશંકર ભટ્ટ
રસિક કરુણાશંકર ભટ્ટ

**ફ્લેટ વેચવાનો છે**

**વાપીમાં નેશનલ હાઈવે નજીક આવેલા પ્રતિષ્ઠિત રહેણાંક વિસ્તારની લીફ્ટ, જનરેટર સેટ સહિતની અદ્યતન સુવિધાઓ ધરાવતી વેલમેન્ટેઈન કો.ઓપ.હાઉસીંગ સોસાયટીમાં બીજા માળે, 2 BHK ફ્લેટ વેચવાનો છે**

**Area : 1240 Sq.ft.**

**સંપર્ક : Mo. :98259 90770**

## વડખંભા અને કાંગવીમાં કોબ્રાનો ઉગારો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૨ :** નાનાપોંઢા તાલુકાના વડ ખંભામાં સડક ફળિયામાં આશિષભાઈ ભગુભાઈ કુરકુટીયાના ઘરના આંગણામાં તથા ધરમપુર તાલુકાના કાંગવી ગામના રાવુત ફળિયામાં એક ઘરના પગથિયા પાસે ઝેરી ઈન્ડિયન સ્પેક્ટેકલ્ડ કોબ્રા દેખાતા પરિવારજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ બંને સ્થળોએ વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ નવસારીના રેસ્ક્યુઅર મુકેશભાઈ વાયાડ, જીજ્ઞેશભાઈ પટેલ અને તેમની ટીમ તેમજ નાનાપોંઢા વન વિભાગના આરએફઓ જે.એસ. ભેડા, આરએફઓ હેતલબેન ભંડારી સહિત વન કર્મી સ્થળ પર પહોંચી કોબ્રાનો ઉગારો કરી તેને સુરક્ષિત રીતે પકડી લીધા હતાં અને જંગલ વિસ્તારમાં મુક્ત કર્યો હતો.

## નામધા-ચંડોરમાં સીટી બસ કિચડમાં ફસાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૨ :** વાપી મહાનગરપાલિકા દ્વારા સમગ્ર શહેરમાં સીટી બસ સેવા શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત વર્ષો બાદ નામધા ચંદોર ગામે પણ સીટી બસની સેવા શરૂ કરાય છે. જેને લઈ સ્થાનિક લોકો તેમજ મુસાફરોને ગણી રાહત થવા પામી હતી પરંતુ હાલમાં વરસાદની સિઝન અને સીટી બસના ચાલક દ્વારા બેફામ બસ હકારી ચંદોર પ્રાથમિક શાળા ના બાજુમાં રહેલા ખુલ્લા મેદાનમાં બસ ઉતારી દેવાતા વરસાદી પાણીને લઈ મેદાનમાં માટી ભીની થઈ જવાને કારણે બસ ફસાઈ જવા પામી હતી.



**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**